MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૧૫-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ગોઝારો ગુરૂવારઃ ઉ.પ્રદેશઃ મ.પ્રદેશમાં રોડ અકસ્માતમાં ૧૬ શ્રમિકોના મોત

5 નીરવ મોદીના કાર્યક્રમમાં સામેલ થયા હતા રાહુલ ગાંધીઃ ભાજપનો મોટો ખુલાસો

7 આજથી ફરી ધબકતું થશે અમદાવાદ, શાકભાજીનું વેચાણ કરાયું શરૂ

12 નર્મદા જીલ્લા માહિતી ખાતાના ડેપ્યુટી ડાયરેક્ટર કોરોનાની ઝપેટમાંઃજોકે એ પિતાની સેવામાં ઘણા સમયથી વડોદરા જ હતા

૨૦ લાખ કરોડના પેકેજનો પાર્ટ-૨,ખેડૂતો,શ્રમિકો,મહિલાઓ માટે યોજનાઓ જાહેર

શ્રમિકોને બે મહિના મફત રાશનઃ ખેડૂતોને ૮૬,૦૦૦ કરોડની લોન

નાના ખેડૂતો માટે ૩૦ હજાર કરોડના ફંડની રચના કરાશે,પરપ્રાંતીય મજૂરો માટે ખાસ 'વન નેશન વન રેશન કાર્ડ' યોજનાની જાહેરાત, મનરેગામાં મળશે કામ,ખેડૂતોને ખેતી માટે રૂપિયા ૮૬,૬૦૦ કરોડની લોન, ૩૧ મે સુધી વ્યાજમાંથી છૂટ

ન્યુ દિલ્હી

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને આત્મનિર્ભર ભારત નિર્માણ અભિયાન હેઠળ, કોરોના લોકડાઉનમાં જેમને સૌથી વધારે અસર થઇ તે સ્થળાંતર લાખો શ્રમિકો, નાના ખેડૂતો અને શેરીમાં વેચતા ફેરિયાઓ-વેપારીઓ માટે જાહેરાતો કરી હતી.

તેમણે કહ્યું કે, મોદી સરકાર દ્વારા દેશના ૩ કરોડ સિમાંત ખેડૂતોને ૪ લાખ કરોડનું ધિરાણ આપવામાં આવ્યાં છે. વ્યાજમાં રાહત આપી છે. ૨૫ લાખ નવા કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યાં છે. જેમાં ૨૫ હજાર કરોડનું ધિરાણ આપવામાં આવશે. મોદી સરકારે જ ગરીબોની ચિંતા કરી છે. લોકડાઉન લાગૂ થતાં જ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ સહાય આપવામાં આવી હતી. ૨૨ કરોડ ગરીબોને વીમાનું સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે.

તેમણે કહ્યું કે છેલ્લાં ૩ મહિનામાં ૮૬ હજાર કરોડનું ધિરાણ ખેડૂતોને આપવામાં આવ્યું છે. ૬૩ લાખ ખેડૂતોને ધિરાણ મળ્યું છે. માર્ચ ૨૦૨૦માં નાબાર્ડ દ્વારા ખેડૂત સહકારી મંડળીઓને ૨૯૫૦૦ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું છે. કોરોના લોકડાઉનમાં રાજ્ય સરકારોને ડીઝાસ્ટર ફંડનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ૧૧ હજાર કરોડની મંજૂરી આપવામાં આવી હતી. જેનો લાભ ગરીબોને-ખેડૂતોને મળ્યો છે. લોકડાઉનમાં શેલ્ટર હોમમાં રહેનાર લોકો માટેજમવા સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. ૭૨૦૦ સેલ્ફ હેલ્પ ગ્રુપ બનાવવામાં આવ્યાં છે.

તેમણે વધુમાં કહ્યું કે સેલ્ફ હેલ્પ ગ્રુપ દ્વારા , ૩ કરોડ માસ્ક મહિલા મંડળીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યાં છે. ૧.૨૦ લાખ લીટર સેનેટાઇઝર બનાવવામાં આવ્યું છે.

સમાન લઘુતમ વેતન માટે સંસદમાં કાયદો લવાશે. રાજ્યો-રાજ્યો વચ્ચે લઘુતમ વેતનમાં ભેદભાવ હોય છે. તેથી આખા દેશમાં એક જ લઘુતમ વેતનની વિચારણા છે. દેશમાં કામ કરતાં શ્રમિકો પૈકી માત્ર ૩૦ ટકાને જ લઘુતમ વેતન પૂરેપુરૂ મળે છે.

તેમણે કહ્યું કે, ૧૦ શ્રમિકો કરતાં વધારે હોય તે એકમમાં એસિક-કામદાર યોજના-ની જોગવાઈ કરાશે. દરેક સેક્ટરમાં મહિલાઓને રાતપાલીમાં કામ કરવાની મજૂરી અપાશે.

સ્થળાતરિત શ્રમિકો કે જેઓ રેશનકાર્ડ ધરાવતા નથી તેમને મફત અનાજ બે મહિના માટે અપાશે. તેમને પાંચ કિલો ચોખા અથવા ઘઉં અપાશે.

અનુસંધાન પાના નં. ૫

- પરપ્રાંતિય શ્રમિકો માટે પીએમ આવાસ યોજના લાવવામાં આવશે,
- ખેડૂતો પાસેથી પાક ખરીદવા ૬૭૦૦ કરોડની જોગવાઈ
- ૧૦થી વધારે લોકો કામ કરે ત્યાં ECIS લાગુ પડશે
- શ્રમિકોનું વાર્ષિક એકવાર મેડિકલ ચેકઅપ ફરજીયાત બનાવાશે
- ૩ કરોડ ખેડૂતોને સસ્તી લોન, ૨૫ લાખ નવા ખેડૂતોને ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા
- પરપ્રાંતીય, ગરીબ અને જરૂરિયાતમંદ અમારી પ્રાથમિકતાઃ સીતારમણ
- આખા દેશમાં શ્રમિકો માટે એક જ લઘુતમ વેતનની વિચારણા
- મહિલાઓને રાતપાલીમાં કામ કરવાની મજૂરી અપાશે
- મનરેગામાં ૧૦ હજાર કરોડના કામો અપાયા
- લોકડાઉનમાં અસર પામેલા ૫૦ લાખ ફેરિયાઓ માટે ૫ હજાર કરોડની સહાય અપાશે
- રેંકડી-પાથરણાંવાળાને મળશે લોન, ૧૦,૦૦૦ રૂપિયા સુધીની લોન લઈ શકશે.
- મુદ્રા શિશુ લોન અંતર્ગત જે આવે છે, તેમને વ્યાજમાંથી રાહત અપાશે. મુદ્રા શિશુ લોન લેનારાને વ્યાજમાં ૨ ટકાની છૂટ મળશે, તેનો ખર્ચ સરકાર ઉઠાવશે.
- નાબાર્ડે ગ્રામીણ બેંકોને ૨૯,૫૦૦ કરોડની મદદ કરી
- ૬ થી ૮ લાખની આવક ધરાવતા મધ્યમ વર્ગને રાહત.
- ૮ કરોડ પરપ્રાંતીય મજૂરોને બે મહીને ૫ કિલો ઘઉં અથવા ચોખા અને ૧ કિલો ચણા મફત અપાશે
- રાજ્યોને આપદા ફંડના ઉપયોગ કરવાની મંજુરી આપવામાં આવી

આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની મુખ્યમંત્રીએ કરી જાહેરાત

રૂપાણી સરકારનું રૂપાળુ પેકેજઃ ૧ લાખની લોન માત્ર ૨ ટકાના દરે મળશે

ગાંધીનગર

વડાપ્રધાન મોદી દ્વારા દેશને આત્મનિર્ભર બનાવવાની ઘોષણા બાદ દેશના તમામ રાજ્યો અલગ-અલગ પ્રકારના આર્થિક પેકેજની જાહેરાત કરી રહ્યા છે ત્યારે ગુજરાત રાજ્ય પણ તેમાથી બાદ નથી રહ્યું. આજે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત કરી હતી. જેમા તેમણે નાના વેપારીઓને લોન આપવાની અને તેમને આર્થિક રીતે સદ્ધર બનાવવાની વાત કહી હતી.

આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરી હતી. ૧૦ લાખથી વધુ લોકોને આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાનો લાભ મળશે આ યોજના અંતર્ગત નાના દુકાનદારોને આ યોજનાનો લાભ મળશે. ૧ લાખ રૂપિયાની લોન ૨ ટકાના વાર્ષિક વ્યાજે મળશે. જ્યારે ૬ ટકા વાર્ષિક વ્યાજ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે, પ્રથમ છ મહિના વ્યાજ અને મુદ્દલ ચૂકવવું નહીં પડે તેમ મુખ્યમત્રીએ જણાવ્યું છે. આ લોન સહકારી બેંકો એને જિલ્લા બેંકોમાંથી આ મળશે.



૧૦ લાખ લોકોને લાભ,પ્રથમ ૬ માસ સુધી બેંકમાં વ્યાજ કે હપ્તો નહિ ભરવાનો,૩ વર્ષે માત્ર ૬ ટકા વ્યાજ ચૂકવવાનું, બેંકો-સોસાયટીઓમાં કંઈ ગિરવે નહિ મુકવુ પડે,અરજદારે કોઈ જામીન પણ આપવાના રહેશે નહીં,બેકો માત્ર અરજીના આધારે લોન પાસ કરશે

અને ૬ મહિના સુધી આ લોનનો હપ્તો ભરવામાં રાહત આપવામાં આવશે. સરકારની આ યોજનામાં કોઇ પણ પ્રકારની સિક્યોરિટી આપવાની રહેશે નહી. પ્રોવિઝનલ સ્ટોર અને કટલરી સ્ટોરને રાહત આપવામાં આવશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોના વાયરસના કારણે રાજ્યમાં તેની કોઈ અસર થશે નહી તથા લોકોને રોજગાર પૂરો પાડવા માટે સરકાર કટીબદ્ધ છે અને આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની અંદર મોટા ભાગના કારીગરો અને કામદારોને આવરી લેવામા આવશે.

તમને જણાવી દઈએ કે, રાજ્ય સરકાર દ્વારા નાના ઉદ્યોગોને આપવામાં આવતી લોનનું ૧૮ ટકા વ્યાજ રાજ્ય કરકાર ચૂકવશે અને લોનધારકને માત્ર ૨ ટકા વ્યાજની ચૂકવણી કરવાની રહેશે. રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય ખુબ જ મહત્વનો છે જ્યારે કોરોનાના કારણે સંમગ્ર દેશમાં લોકડાઉન છે ત્યારે ઉદ્યોગોને ભારે નુક્સાન પહોંચ્યુ છે આ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત બાદ રાજ્યમાં નાના ઉદ્યોગો ફરી ધમધમી ઉઠે તેવી આશા હવે સેવાઇ રહી છે.

રેલવે હવે મેઈલ-એક્સપ્રેસ ટ્રેનો ચલાવશેઃ આજથી શરૂ થશે બુકિંગ

ન્યુ દિલ્હી

સ્પેશિયલ ટ્રેનો ચલાવ્યા પછી રેલવે હવે વધુ ટ્રેનો ચલાવશે. રેલવે દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભવિષ્યમાં શરૂ થનારી બધી સર્વિસિસ માટે ૧૫ મેથી ટિકિટની બુકિંગ પણ શરૂ કરશે. આ બુકિંગ ૨૨ મેથી શરૂ થતી યાત્રા માટે હશે. રેલવે હવે મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનો ચલાવવાની તૈયારી કરી રહી છે.

રેલવેએ યાત્રીઓની સંખ્યા પણ નિર્ધારિત કરી દીધી છે. રેલવે મુજબ સ્લીપરમાં ૨૦૦, એસી ચેરકાર અને થર્ડ એસીમાં ૧૦૦, જ્યારે સેકન્ડ એસીમાં ૫૦ લોકો યાત્રા કરી શકશે. રેલવે મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે ચાર્ટ મુજબ કન્ફર્મ ટિકિટવાળા મુસાફરોને જ યાત્રાની મંજૂરી આપવામાં આવશે.

કોરોના વાઇરસના લક્ષણવાળા કોઈ પણ યાત્રીને યાત્રાની મંજૂરી નહીં આપવામાં આવે. એની સાથે એ યાત્રીને ટિકિટનું પૂરેપૂરું રિફન્ડ પણ આપવામાં આવશે, જેનામાં કોરોનાનાં લક્ષણ નહીં દેખાય એ લોકોને યાત્રાની પરવાનગી મળશે. આ સિવાય યાત્રાથી પહેલાં યાત્રીઓની સ્ક્રીનિંગ કરવામાં આવશે. જો સ્ક્રીનિંગ દરમ્યાન કોઈને પણ તાવ અથવા કોરોના વાઇરસના લક્ષણ જોવા મળ્યાં તો તેને ટિકિટના પૂરા પૈસા પરત કરવામાં આવશે.

રેલ ભવનને સંપૂર્ણ સીલ કરવામાં આવ્યું છે. આ ભવનમાં એક કલાર્કને કોરોના વાઇરસ પોઝિટિવ આવ્યો હતો. આ પહેલાં રેલવે દ્વારા શ્રમિક સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી હતી, જેના દ્વારા મજૂરોને તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા હતા.

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

757488861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

કોરોનાના કેસ મામલે ભારત હવે ચીનની હરોળમાં આવી જશે....!

દેશમાં ૨૪ કલાકમાં ૩૭૨૨ પોઝિટિવ કેસઃ ૧૩૪ના મોત

• ભારતમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૭૮૦૦૦ને પાર,કુલ મૃત્યુઆંક ૨૫૪૯એ પહોંચ્યો,ભારત કોરોના વાયરસના ૭૫,૦૦૦ કેસનો આંકડો પાર કરનારો ૧૨મો દેશ

ન્યુ દિલ્હી

ભારતની ચીન સાથે વસ્તીની સંખ્યાને લઈને સરખામણી થતી હોય છે. જેમ કે વસ્તીની દ્રષ્ટિએ ચીન સૌથી આગળ અને ભારત ૧૩૫ કરોડની વસ્તી સાથે ચીન પછી બીજાનંબરે છે. કોરોના મહામારીમા પણ ભારત જાણે કે ચીનની નજીક પહોંચી રહ્યું હોય તેમ ભારતના કોરોના પોઝીટીવના કેસો ચીનની લગોલગ પહોંચવામાં છે. કોરોના નોવેલ વાઈરસ કોવિડ-૧૯ની શરૂઆત ચીનની વુહાનમાંથી શરૂ થઈ હતી. જો કે ભારતમાં બીજુ વુહાન બનતા બનતા અમદાવાદ અટકી ગયુ તે એક અલગ બાબત છે. પણ કેસોની તુલનામાં ભારત હવે ચીનની નજીક પહોંચશે. ચીનમાં ૮૨ હજાર કરતાં વધુ કેસો નોંધાયા તો ભારત પણ ૮૦ હજારની નજીકમાં જ છે. જો કે ભારતમાં કોરોનાનો મૃત્યુઆંક હજુ ચીન કરતાં ઓછો છે.

સૂત્રોએ કહ્યું કે વર્તમાન ભારત સરકાર ચીન સાથે દોસ્તીના મૂડમાં અને મોડમાં હતી. ચીનના સુપ્રિમો જિનપિંગને બબ્બેવાર ભારત બોલાવીને તેમની મોંઘી આગતાસ્વાગતા કરવામાં આવી પરંતુ બદલામાં ચીને ભારતને પણ કોરોનાની ભેટ આપીને ભારતના અર્થતંત્રને અસર પહોંચાડી છે. અને ભારતમાં પણ કોરોનાના કેસો બે મહિનામાં વધીને ૮૦ હજારની નજીકમાં છે.

દેશમાં કોરોના વાયરસના મામલામાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોનાના નવા ૩૭૦૦થી વધુ કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોના વાયરસથી સંક્રમીત લોકોનો આંકડો વધીને ૭૮૦૦૩ સુધી પહોંચી ગયો છે. બુધવારે સવારે નવ વાગ્યાથી ગુરૂવારે સવારે ૯ વાગ્યા સુધીમાં દેશમાં કોરોના વાયરસના નવા ૩૭૨૨ નવા કેસ નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના સંક્રમણને મહાત આપીને ૧૮૪૯ લોકો સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે.

૭૮૦૦૩ કોરોના વાયરસના તમામ કેસ સાથે ભારત દુનિયામાં સૌથી વધારે કોરોના વાયરસના કેસ ધરાવતા દેશોમાં ચીનની નજીક પહોંચી ગયો છે. ચીન તરફથી જાહેર કરેલા આંકડા પ્રમાણે ત્યાં ૮૨૯૨૯ કેસ નોંધાઈ ચૂક્યા છે અને ૪૬૩૩ લોકોના મોત નિપજી ચૂક્યા છે. જોકે, ચીનમાં અત્યાર સુધીમાં ૭૮૦૦૦થી વધુ લોકો સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. હવે ચીનમાં ફક્ત ૧૦૧ જ એક્ટિવ કેસ છે. જ્યારે ભારત કોરોના વાયરસના એક્ટિવ કેસની સંખ્યા ૪૯૨૧૯ સુધી પહોંચી ગઈ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં દેશમાં કુલ ૭૮૦૦૩ કોરોના વાયરસના કેસ નોંધાયા છે જેમાંથી ૨૬૨૩૫ લોકો એવા છે કે જેઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૪ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. પરંતુ ૨૫૪૯ લોકોએ કોરોના વાયરસના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવારે સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૪૯૨૧૯ એક્ટિવ કેસ છે

દેશમાં કોરોના વાયરસના કુલ કેસમાંથી સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. દેશભરમાં જેટલા પણ કેસ નોંધાયા છે તેમાંથી લગભગ એક તૃત્યાંશ કેસ ફક્ત મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોનાના ૨૫૯૨૨ કેસ નોંધાયા છે જેમાંથી ૯૭૫ લોકોએ પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. જોકે, મહારાષ્ટ્રમાં ૫૫૪૭ લોકો સ્વસ્થ પણ થઈ ચૂક્યા છે. મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૯૨૬૭ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૫૬૬ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ગુજરાત બાદ તમિલનાડૂમાં ૯૨૨૭, દિલ્હીમાં ૭૯૯૮, રાજસ્થાનમાં ૪૩૨૮, મધ્યપ્રદેશમાં ૪૧૭૩ અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૩૭૨૯ કેસ સામે આવ્યા છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૩.૪૭ લાખથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે

મુઝફ્ફરપુરમાં બસે ૬ મજૂરોને કચડી માંર્યા તો ગુનામાં બસ-ટ્રક ટક્કરમાં આઠના મોત

ગોઝારો ગુરૂવારઃ ઉ.પ્રદેશઃ મ.પ્રદેશમાં રોડ અકસ્માતમાં ૧૬ શ્રમિકોના મોત

બિહારના સમસ્તીપુરમાં બસ-ટ્રક વચ્ચે ટક્કર થતા ૨ મજૂરોના મોત,૧૨ ઘાયલ



ન્યુ દિલ્હી

એક બાજુ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. બીજી બાજુ ઠેર ઠેર પોતાની ગૃહસ્થી ઠેલા અને ખભે સાઈકલો પર લાદીને મજૂરો પરિવાર સાથે ઘરભેગા થવા નીકળી પડ્યા છે. પરંતુ આવામાં હચમચાવી નાખે તેવા સમાચાર આવ્યાં છે. જેમાં અલગ અલગ જગ્યાએ થયેલા અકસ્માતોમાં ૧૬ જેટલા પ્રવાસી શ્રમિકોએ જીવ ગુમાવ્યાં છે. અનેક લોકો ઘાયલ થયા છે.

લોકડાઉનના કારણે પગપાળા ઘરે જઈ રહેલા પ્રવાસી મજૂરો સાથેની દુર્ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. તાજેતરમાં ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર ખાતેથી પણ આવી જ એક ઘટના સામે આવી છે. બુધવારે મોડી રાતના સમયે બનેલી આ દુર્ઘટનામાં રોડવેઝની એક બસે સહરાનપુર સ્ટેટ હાઈવે પર ૧૦ પ્રવાસી મજૂરોને કચડી નાખ્યા હતા. આ તમામ મજૂરો પગપાળા પંજાબથી બિહાર જઈ રહ્યા હતા અને ઘલૌલી ચેકપોસ્ટ પાસે બનેલી આ દુર્ઘટનામાં છ મજૂરોના મોત થયા છે. અન્ય એક અકસ્માત બિહારના સમસ્તીપુરમાં થયો જ્યાં પ્રવાસી મજૂરોથી ભરેલી બસ અને ટ્રક વચ્ચે ટક્કર થતા ૨ મજૂરોના મોત થયા જ્યારે ૧૨ જેટલા લોકો ઘાયલ થયા.

અકસ્માત બાદ ઘટના સ્થળે પહોંચેલી પોલીસે જરૂરી કાર્યવાહી બાદ આગ્રાના તાજ ડેપોની રોડવેઝની બસના ડ્રાઈવરની ધરપકડ કરી હતી. દુર્ઘટનાનો ભોગ બનેલા મજૂરો બિહારના ગોપાલગંજના હોવાનું સામે આવ્યું છે અને મૃતદેહોને રાતના સમયે જ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા હતા.

મુઝફ્ફરનગર-સહરાનપુર સ્ટેટ હાઈવે-૫૯ પર રોહાના ટોલ પ્લાઝા પાસે થયેલા આ અકસ્માતમાં ચાર મજૂરો ગંભીર રીતે ઘવાયા હતા જે પૈકીના બેને મેરઠ રિફર કરવામાં આવ્યા હતા. અગાઉ મધ્ય પ્રદેશના નરસિંહપુરમાં એક ટ્રક પલટી જવાના કારણે પાંચ મજૂરોના કરૂણ મોત થયા હતા અને તે સિવાય ૧૧ મજૂરો ઘાયલ થયા હતા.

તેના પહેલા મહારાષ્ટ્રના ઔરંગાબાદ ખાતે રેલવેના પાટા પર સૂઈ રહેલા ૧૭ મજૂરો પર માલગાડી ફરી વળી હતી અને ૧૬ મજૂરોના મોત થયા હતા. મહારાષ્ટ્રના જાલનાથી મધ્ય પ્રદેશ જઈ રહેલા ૨૦ મજૂરો પૈકીના ૧૭ મજૂરોએ થાકના કારણે પાટા પર લંબાવ્યું હતું અને તે તેમની અંતિમ ચિરનિંદ્રા બની ગઈ હતી.

કોરોના સંકટ અને લોકડાઉન વચ્ચે પ્રવાસી મજૂરો સાથે દુર્ઘટના અટકવાનું નામ નથી લઈ રહી. ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરમાં બસ દુર્ઘટના બાદ હવે મધ્યપ્રદેશના ગુનામાં ભીષણ દુર્ઘટનામાં ૮ મજૂરોના મોત થયા છે અને ૫૦થી વધારે ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે. મજૂરો ટ્રકમાં સવાર થઈને મહારાષ્ટ્રથી ઉત્તર પ્રદેશ આવતા હતા ત્યારે દુર્ઘટના બની હતી. ટ્રકે બસને ટક્કર મારતા થયેલા અકસ્માતમાં ૮ લોકોના મોત થયા હતા. દુર્ઘટનાની જાણ થતાં જ પોલીસ અને તંત્રના ઓફિસરો પહોંચી ગયા હતા અને ઘાયલોને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગુના પોલીસના કહેવા મુજબ, બસ અને ટ્રકમાં યાત્રી સવાર હતા. આ તમામ લોકો લોકડાઉનના કારણે તેમના ઘરે જઈ રહ્યા હતા. મોડી રાતે બસ અને ટ્રકની ટક્કર થઈ હતી. જેમાં ૮ લોકોના મોત થયા હતા અને ૫૦થી વધારે ઘાયલ થયા હતા. ઘટના સ્થળે જ ટ્રકનો ડ્રાઈવર ફરાર થઈ ગયો છે. હાલ તેની શોધખોળ ચાલુ છે.

કોરોનાની સરવાર માટે ૪ આયુર્વેદિક દવાઓનો ટેસ્ટ શરૂ કરશે ભારતઃ આયુષ મંત્રાલય

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધીને ૭૮,૦૦૦ને પાર પહોંચી ગઈ છે. આવામાં કોરોનાની સારવાર આયુર્વેદિક દવાઓ દ્વારા કરવાની તૈયારીઓ ચાલી રહી છે. કોરોના વાયરસ સંક્રમણની સારવાર માટે ભારત ચાર આયુર્વેદિક દવાઓ પર કામ કરી રહ્યું છે અને વહેલી તકે પરીક્ષણ શરૂ કરવામાં આવશે. આયુષ મંત્રી શ્રીપદ નાઈકે આ જાણકાર આપી છે.

શ્રીપદ નાઈકે ટ્વીટ કરીને જણાવ્યું છે કે, કોરોના વાયરસની વિરુદ્ધ ચાર આયુર્વેદિક દવાઓને પ્રમાણિત કરવા પર આયુષ મંત્રાવય અને સીએસઆઈઆર સાથે મળીને કામ કરી રહ્યા છે. એક અઠવાડિયાની અંદર પરીક્ષણ શરૂ કરાશે. આ દવાઓને એડ-ઓન થેરેપી રીતે બનાવવામાં આવશે.

અગાઉ આયુષ મંત્રાલયના સચિવ રાજેશ કોટેચાએ જણાવ્યું હતું કે, સ્વાસ્થ્ય મંત્રાલય, આયુષ મંત્રાલય અને સીએસઆઈઆર સાથે મળીને ત્રણ પ્રકારની સ્ટડી કરી છે. ચાર દવાઓ પર દેશભરમાં ટ્રાયલ શરૂ કરી રહ્યા છે. મોટા પાયે સેમ્પલ સાઈઝ પર અમે સ્ટડી કરી રહ્યા છે અને જે ક્વોરન્ટાઈનમાં છે અથવા હાઈ રિસ્ક પોપુલેશન છે. વડાપ્રધાનજીએ ઈમ્યુનિટીને લઈને જે સલાહ આયુષ મંત્રાલયની દવાઓ અંગે આપી છે તેનું અસેસમેન્ટ ૫૦ લાખ લોકો પર કરી રહ્યા છે. ચારેય દવાઓ આયુર્વેદિક છે.

રાજસ્થાનમાં કોરોનાના કેસો વધીને ૪૩૦૦ને પાર,૧૨૧ના મોત

રાજસ્થાન સરકારનો મોટો નિર્ણયઃ રેસ્ટોરન્ટ,મિઠાઈની દુકાન ખોલવાની મંજૂરી

જયપુર

દેશમાં કોરના વાયરસનો કહેર અટકવાનું નામ નથી લઈ રહ્યો. આ દરમિયાન રાજસ્થાનની ગેહલોત સરકારે આર્થિક ગતિવિધિ શરૂ કરવા મોટો ફેંસલો લીધો છે. દેશમાં લાગુ લોકડાઉન દરમિયાન રાજસ્થાન સરકારે નિયમોમાં ઢીલ આપી છે.

રાજસ્થાન સરકારે રેસ્ટોરેંટ્સ, મીઠાઈ દુકાન, ભોજનાલય ખોલવાની મંજૂરી આપી છે. જોકે હોટસ્પોટ વિસ્તારમાં છૂટ નથી આપવામાં આવી, માત્ર ટેક અવે અને હોમ ડિલિવરી માટે સરકારે આદેશ જાહેર કર્યા છે. આ ઉપરાંત હાઈવે પર ઢાબા ખોલવાનો રસ્તો પણ મોકળો થઈ ગયો છે.

સરકારના આ ફેંસલાથી હાર્ડવેર, બિલ્ડિંગનો સામાન, એર કૂલર, ઈલેક્ટ્રિક, ઈલેક્ટ્રિક મટિરિયલ, રિપેરિંગની દુકાન, વાહનોના શો રૂમ ખોલવાનો સરકારનો તાજો ફેંસલો રાહત લઈને આવ્યો છે.

રાજસ્થાનમાં કોરોના વાયરસના સંક્રમિતોની સંખ્યા ૪૩૨૮ સુધી પહોંચી ગયો છે. રાજયમાં અત્યાર સુધીમાં ૧૨૧ લોકોના મોત થયા છે. આરોગ્ય મંત્રાલયના તાજા આંકડા પ્રમાણે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૭૮ હજારને વટાવી ગઈ છે.

શ્રમિક ટ્રેનો રાબેતા મુજબ દોડશે

રેલવેએ ૩૦ જૂન સુધીની બધી ટિકીટો કેન્સલ કરી, મુસાફરોને આપ્યુ રિફંડ

ન્યુ દિલ્હી

ભારતીય રેલવેએ ૨૫ માર્ચ બાદથી ૩૦ જૂન સુધી પ્રવાસ માટે બુક કરાવવામાં આવેલી તમામ ટિકિટોને રદ કરી મુસાફરોને ૧૦૦ ટકા રીફંડ આપવાની જાહેરાત કરી છે. જો કે આ નિર્ણય સામાન્ય ટ્રેનોના બુકિંગ પર જ લાગુ થશે અને શ્રમિક ટ્રેનોને કોઈ અસર નહીં થાય અને તે રાબેતા મુજબ જ દોડશે.

૧ મેથી શ્રમિક ટ્રેનો દોડાવવામાં આવી રહી છે તેમજ ૧૨ મેથી વિશેષ ટ્રેનો પણ શરૂ કરવામાં આવી છે તે આ નિર્ણયમાંથી બાકાત રહેશે અને તેનું સંચાલન યથાવત્ રહેશે તેમ રેલવેએ જણાવ્યું હતું. ભારતીય રેલવેએ લોકડાઉન શરૂ થયું ત્યારબાદ બૂક કરાવાયેલી ટિકિટો જે ૩૦ જૂન સુધી મુસાફરી માટે વેલિડ હોય તે તમામ રદ થશે. રેલવેની આ જાહેરાતનો સામાન્ય અર્થ એ પણ થઈ શકે છે કે ૩૦ જૂન સુધી રેલવેની સામાન્ય સેવાઓ શરૂ થઈ શકશે નહીં.દેશમાં કોરોના સંક્રમણના કેસો વધતા ૨૫મી માર્ચથી રેલવેની નિયમિત મેલ, એક્સપ્રેસ તેમજ પેસેન્જર અને સબર્બન સેવા બંધ કરવામાં આવી છે. અગાઉ રેલવે ૧૭ મે એટલે કે લોકડાઉનનું ત્રીજું ચરણ ના પતે ત્યાં સુધી તમામ ટ્રેનોના બુકિંગ રદ કરવાની જાહેરાત કરી હતી.

કોરોના પણ એચઆઈવીની જેમ જિંદગીનો એક હિસ્સો બની રહે

કોરોના વાયરસ કદાચ દુનિયામાંથી ક્યારેય સમાપ્ત નહિ થાયઃ WHO

જિનિવા

કોરોનાનો કોહરામ ચાલુ છે અને તેનાથી બચવા માટે અત્યાર સુધી કોઇ રસી કે દવા બની શકી નથી. તો અર્થતંત્રને સંભાળવા માટે આખી દુનિયા હવે લોકડાઉન ખોલવા પર વિચાર કરી રહી છે. આ બધાની વચ્ચે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના એક ટોચના અધિકારીએ ચેતવણી આપતા કહ્યું કે કોવિડ-૧૯ આપણી આસપાસ લાંબા સમય સુધી રહી શકે છે અને એ પણ બની શકે કે કયારેય જાય જ નહીં.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના એક ટોચના અધિકારીએ ચેતવણી આપી કે શકય છે કે કોરોના વાયરસ આપણી સાથે જ રહે. એક પ્રેસ બ્રીફિંગમાં ડૉકટર માઈકલ રેયાને કહ્યું કે બની શકે કે આ વાયરસ કયારેય દૂર થાય જ નહીં. તેમણે કહ્યું કે વેક્સીન વગર પૂરતી માત્રામાં ઈમ્યુનિટી વધારવામાં લોકોને કેટલાંય વર્ષ લાગી શકે છે.

WHOના કટોકટી મામલાના નિદેશક માઈકલ રયાને જીનેવામાં પત્રકાર પરિષદને સંબોધન કરતા કહ્યું કે કોરોના આપણા વચ્ચે એવી રીતના એક વાયરસમાં તબદીલ થઈ શકે છે જે બીજાથી અલગ હોય અને શક્ય છે કે આ ખત્મ જ ન થાય. રયાને HIVનું ઉદાહરણ આપતાં જણાવ્યું કે દુનિયામાંથી આ વાયરસ હજુ ખત્મ થયો નથી.

WHOના ટેડરોસને કહ્યું કે ઘણા દેશ હાલના લોકડાઉનની સ્થિતિમાંથી બહાર નિકળવાના અલગ-અલગ રીત અપનાવી રહ્યાં છે. જો કે વિશ્વ આરોગ્ય સંસ્થાએ બધા દેશોને એલર્ટ પર રહેવા સલાહ આફી છે. બધા દેશોએ હજી પણ સૌથી ઉચ્ચત્તમ સ્તર પર એલર્ટ રહેવાની જરૂરિયાત છે.

માઈકલ રયાને જણાવ્યું કે આપણે વાસ્તવિકતા સાથે વિચારવું પડશે, આ મહત્વપૂર્ણ પણ છે. મારા અંદાજ પ્રમાણે હજુ કોઈ કહી શકે તેમ નથી કે આ વાયરસ ક્યાં સુધી રહેશે. આ વાયરસને લઈને કોઈ વચન આપી શકાય નહીં અને ના કોઈ તારીખ આપી શકાય. માઈકલ રયાને કહયું કે આ વાયરસની રસી શોધવી એક લાંબી પ્રક્રિયા છે. જો કોવિડ૧૯ની વેક્સિન તૈયાર પણ થઈ જાય તો પણ દુનિયાભરમાં પહેલા ટેસ્ટ કરવા પડશે અને કોરોના વાયરસ પર નિયંત્રણ માટે ઘણા મોટા પ્રયત્નોની જરૂરિયાત આવનારા દિવસોમાં પડશે.

કાઈમ બ્રાંચે ગૃહ મંત્રાલયને ૭૦૦ વિદેશી જમાતીઓના પાસપોર્ટ કેન્સલ કરવા માટે જણાવ્યું

મૌલાના સાદે જ મરકજમાં રોકાવા માટે કહેલુંઃ ૧૬૬ જમાતીઓની કબૂલાત

ન્યુ દિલ્હી

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે મૌલાના સાદના દીકરા અને સંબંધીઓ સહિત કુલ ૧૬૬ જમાતીઓની પુછપરછ કરી લીધી છે. જાણવા મળ્યા મુજબ મોટા ભાગના જમાતીઓએ ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ સ્વીકાર્યું હતું કે, મૌલાના સાદે જ ૨૦મી માર્ચ બાદ મરકજમાં રોકાવા કહ્યું હતું. મોટા ભાગના જમાતીઓએ ક્રાઈમ બ્રાન્ચને જણાવ્યું કે, તેઓ પોતાની જાતે મરકજમાંથી નીકળવા ઈચ્છતા હતા પરંતુ મૌલાના સાદે તેમને એવું કરતા અટકાવ્યા હતા.

સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે મૌલાના સાદ જાણીજોઈને પોતાનો કોવિડ-૧૯ રિપોર્ટ સરકારી હોસ્પિટલમાંથી કરાવવાનું ટાળી રહ્યા છે કારણ કે, તેઓ જાણે છે કે સરકારી હોસ્પિટલમાંથી કરાવેલો કોરોના રિપોર્ટ નેગેટિવ આવશે તે સાથે જ ક્રાઈમ બ્રાન્ચ તેમને પુછપરછ માટે બોલાવી લેશે. મૌલાના સાદ જાણે છે કે, જ્યાં સુધી તે પોતાનો કોરોના નેગેટિવવાળો રિપોર્ટ નહીં આપે ત્યાં સુધી ક્રાઈમ બ્રાન્ચ મેડિકલ પ્રોટોકોલ અંતર્ગત તેને પુછપરછ માટે નહીં બોલાવી શકે. મૌલાના આ વાતનો ફાયદો ઉઠાવી રહ્યો છે અને પોતાના વકીલો દ્વારા મીડિયાના એક વર્ગમાં ખોટા સમાચારો છપાવીને પોતાના માટે પુરાવા ભેગા કરી રહ્યો છે. આમ કરીને તે સમાચારના કટિંગ્સ કોર્ટમાં રજૂ કરીને પોતાનો પક્ષ મજબૂત બનાવવા ઈચ્છે છે. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો પ્રમાણે તેમના પાસે ઘણા બધા પુરાવા છે જેનાથી સાબિત થાય છે કે, નિઝામુદ્દીનના મરકજમાં પોલીસની નોટિસ બાદ પણ લોકોને જાણીજોઈને રોકવામાં આવેલા. આ વાત સાબિત કરવા માટે ક્રાઈમ બ્રાંચે ૧૬૬ જમાતીઓના નિવેદન નોંધ્યા છે.

અમેરિકા ચીન વિરુદ્ધ કડક પ્રતિબંધોની તૈયારીમાંઃ સેનેટમાં બિલ રજૂ

વૉશિંગ્ટન

કોરોનાની મહામારી વચ્ચે અમેરિકા હવે આકરા આપણીએ છે. આવી સ્થિતિમાં અમેરિકા ચીન વિરૂદ્ધ કેટલાક પ્રતિબંધ લાવવાની તૈયારીમાં છે. મળતી માહિતી પ્રમાણે સેનેટમાં બિલ રજૂ કરવામાં આવ્યુ છે. આ બિલના આધારે ટ્રમ્પને તાકાત આપવાની કોશિશ કરવામાં આવી રહી છે. અમેરિકાના વિદેશ પ્રધાન માઈક પોમ્પિયોએ ભારત, ઈઝરાયલ, દક્ષિણ કોરિયા, જાપાન, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલના વિદેશ પ્રધાન સાથે મંત્રણા કરી છે.

આ મંત્રણામાં ચીનને કોરોના માટે જવાબદાર ઠેકરવા માટેની રણનીતિ અંગે ચર્ચા કરવામાં આવી છે. અમેરિકાના નવ સેનેટ સભ્યોએ જણાવ્યુ કે, એક બિલ લાવવામાં આવે અને આ બિલ દ્વારા ટ્રમ્પને ચીન પર પ્રતિબંધ લાગુ કરવાના અધિકાર મળે. આ બિલથી ટ્રમ્પ ચીનને યોગ્ય જવાબ આપી શકશે. આ સાથે ટ્રમ્પના કહેવાથી ચીન કોરોનાની તપાસ માટે સહયોગ આપશે. આ તપાસ ખુદ અમેરિકા કરશે. આ સાથે અમેરિકા ચીનમાં ચાલતા વેટ બજાર પણ બંધ કરાવી શકાશે.

ચીન આમા કોઈ આનાકાની કરશે તો ટ્રમ્પ વ્યાપાર પર પણ પ્રતિબંધ મુકી શકે છે. મહત્વપૂર્ણ છે કે, ચીન કોરોના અંગે નિવેદન આપી રહ્યુ છે કે, કોરોના વાયરસ વુહાનની લેબમાંથી નહીં પણ વુહાનની વેટ માર્કેટમાંથી ફેલાયો છે. તો અમેરિકાનું કહેવુ છે કે, કોરોના વાયરસ ચીનની વુહાન લેબમાંથી ફેલાયો છે. તો વુહાનનું વેટ માર્કેટ ૨૦ વર્ષમાં ચાર સૌથી મોટા માર્કેટનું જનક રહ્યુ છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

ખાસ પહેલ જરૂરી છે

કોરોના વાયરસની સ્થિતી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવે દેશને આત્મનિર્ભર બનાવવા માટે કેટલીક મહત્વપૂર્ણ વાતો કરી છે. જેમાં લોકલને મહત્વ આપવાની વાત કરી છે. વૈશ્વિક સ્થિતી વચ્ચે નવા નવા અનુભવ થઈ રહ્યા છે ત્યારે મોદીએ આ મુજબની વાત કરી છે. લોકલ ચીજોને મહત્વ આપીને તેને ગ્લોબલ બ્રાન્ડ બનાવવા માટેની વાત કરીછે. દેશને આત્મનિર્ભર બનાવવા માટે નવી નવી પહેલ કરવામાં આવી રહી છે. મેક ઈન ઈન્ડિયાના ભાગરૂપે અર્થતંત્રના ખુબ મહત્વપૂર્ણ ગણાતા કુલ ૨૫ સેક્ટરોમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યુ છે. જેમાં ઓટોમોબાઈલ, ઓટોમોબાઈલના પાર્ટ બનાવતા સેકટર, ઉડ્ડયન, બાયોટેકનોલોજી, કેમિકલ્સ, કન્સ્ટ્રકશન, ડિફેન્સ મેન્યુફેકચરિંગ, ઈલેક્ટ્રીકલ મશીનરી, ઈલેક્ટ્રોનિક સિસ્ટમ, ફુડ પ્રોસેસિંગ, ઈન્ફર્મેશન ટેકનોલોજી એન્ડ બિઝનેસ પ્રોસેસ, મેનેજમેન્ટ, લેધર, મિડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ, માઈનિગ, ઓઈલ એન્ડ ગેસ, ફાર્મા, પોર્ટ્સ એન્ડ શિપિંગ, રેલવે, રિન્યુએબલ એનર્જી, રોડ એન્ડહાઈવે, સ્પેશ , ટેક્સ ટાઈલ અને ગાર્મેન્ટ, થર્મલ પાવર, ટ્યુરીઝમ અને વેલ્સનેસનો સમાવેશ થાય છે. આ તમામ ક્ષેત્રોમા મોટા પાયે રોકાણને આમંત્રણ આપવામાં આવનાર છે. નવી પહેલના ભાગરૂપે જ સ્પેશમાં (૧૦૦ ટકા), ડિફેન્સમાં ૧૦૦ ટકા અને ન્યુજ મિડિયામાં ૨૬ ટકા સિવાય ઉપરોક્ત તમામ સેક્ટરોમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપી દેવામાં આવી છે. આવનાર દિવસોમાં અનેક નવી પહેલ કરવામાં આવી રહી છે. કેટલાક નિષ્ણાંતો માની રહ્યા છે કે ઈલેક્ટ્રોનિક હાર્ડવેર માટેની માંગ અતિ ઝડપથી હાલમાં વધી રહી છે. જે રીતે હાલમાં માંગ વધી રહી છે તે જોતા આ માંગ વર્ષ ૨૦૨૦ના અંત સુધી ૪૦૦ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. ભારત ઈલેક્ટ્રોનિક મેન્યુફેકચરિંગ હબ બનવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. સાથે સાથે તમામ ક્ષેત્રો કુશળ લોકો પણ રહેલા છે. મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ વડાપ્રધાન નરેન્દ્ર મોદી લેવલ પ્લેઈંગ ફિલ્ડ સર્જીને વર્ષ ૨૦૨૦ સુધી ઈલેક્ટ્રોનિક્સના જિરો આયાત સુધી પહોંચવાની યોજના ધરાવે છે. આના કારણે ભારતીય અર્થતંત્રની સ્થિતી અતિ મજબુત બનવા તરફ જઈ શકે છે.મેક ઈન ઈન્ડિયા પાછળ ચોક્કસ હેતુ રહેલા છે. ભારતીય અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. ભારતે આના માટે પહેલાથી પહેલ કરી છે. કારોબારને સરળ કરવા માટે પગલા લેવામાં આવી ચુક્યા છે. મેક ઈન ઈન્ડિયાના અન્ય હેતુમાં ઉચ્ચ ગુણવત્તાના ધારાધોરણ જાળવી રાખવા અને પર્યાવરણ પર ઓછામાં ઓછી અસર થાય તે પણ રહેલા છે. આ પહેલનો હેતુ ભારતમાં મુડી અને ટેકનોલોજિકલ રોકાણને આકર્ષિત કરવાનો પણ રહેલો છે.આ પહેલ શરૂ કરતા પહેલા જુદા જુદા સેક્ટરોમાં રહેલી વિદેશી ઈક્વિટી મર્યાદાને હળવી કરવામાં આવી હતી. લાયસન્સ માટે અરજીને ઓનલાઈન કરવામાં આવી હતી. લાયસન્સની અવધિને વધારીને ત્રણ વર્ષ કરવામાં આવી હતી. જુદા જુદા અન્ય ધારાધોરણો અને અન્ય કારોબાર સાથે સંબંધિત પ્રક્રિયાને પણ હળવી કરવામાં આવી હતી. મેક ઈન ઈન્ડિયા પહેલ ભારત માટે અસરકારક સાબિત થઈ શકે છે.

અર્થતંત્રના ૨૫ સેક્ટરો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને દેશને આત્મમનિર્ભર બનાવી શકાય

સારા હોવું સારી બાબત છે પણ સારા હોવાનું અભિમાન ઘાતક સાબિત થાય છે

મેં ગુજરાતમાં એવા અનેક આઈએએસ અને આઈપીએસ અધિકારી જોયા છે જેમની આખી કેરિયર દરમિયાન તમે કયાંય હાથ મુકો તેવી એક પણ ઘટના ના હોય છતાં તેમના વ્યવહારમાં ભારોભાર અભિમાન છલકતું મેં જોયું છે. તેમના અભિમાનું કારણ તેમની પ્રમાણિકતા, તેમનું બુધ્ધી કૌશલ્ય, તેમનું પદ, સતત કામ કરવાની ધગશ વગેરે વગેરે આપણે સારા અને આપણા ભાગે આવેલું કામ પ્રમાણિકપણે કરવું તે સુર્ય ઉગે છે અને આથમે છે એટલી જ સહજ છે. તેમાં કોઈ રોકેટ સાયન્સ નથી, છતાં મોટા ભાગના સારા અને પ્રમાણિક માણસો જાણે સમાજ ઉપર ઉપકાર કરી રહ્યા હોય તેવો ભાર તેઓ પોતાના માથે લઈ ફરે છે. તેમના કપાળની રેખાઓ સતત તંગ રહે છે.

કોઈ પોતાને સારો અને પ્રમાણિક સમજે તેમાં કઈ વાંધો નથી આપણે કેવા છીએ તેનું ભાન હોવું પણ એટલું જ જરૂરી છે પણ આ પ્રકારના લોકો સામેની વ્યકિતને અપ્રમાણિક સમજે છે. તેઓ માને છે ઈશ્વરે પ્રમાણિકતાના નામે માત્ર એક પીસ બનાવ્યો છે અને તે પોતે જ એકલા પ્રમાણિક છે, બાકી આખી દુનિયા અપ્રમાણિક છે, તેના કારણે તેઓ જયારે અન્ય કોઈ વ્યકિત સાથે વાત અને વ્યવહાર કરે ત્યારે સૌથી પહેલા તેમના મનમાં સામેની વ્યકિત માટે ભારોભાર શંકા અને શબ્દોમાં ખારાશ હોય છે, આવું માત્ર ઉચ્ચ પદ ઉપર બેઠેલા સરકારી અધિકારીઓ જ કરે છે તેવું નથી, મેં અનેક ગાંધીવાદીઓની આ પ્રકારની બીમારીથી પીડાતા જોયા છે.

ગાંધીવાદીઓ પોતાની ગાંધીયન ઓળખ જાળવી રાખવા માટે ખાદી તો પહેરે છે, પણ તેઓ ખાદી પહેરનાર રાજકારણીઓને ધીક્કારતા હોય છે, જો તમે ગાંધીને અનુસરતા હોવ તો ગાંધીના શબ્દકોશમાં ધીક્કાર શબ્દ જ ન્હોતો, ગાંધી તો અંગ્રેજોને પણ ધીક્કારતા ન્હોતા, ગાંધી અંગ્રેજોના શાસનમાંથી મુકત થવાની વાત કરતા હતા પણ તેઓ કહેતા કે અંગ્રેજો ભારત છોડે ત્યારે તેઓ કડવાશ સાથે ભારત છોડે નહીં આમ ગાંધીના શબ્દ અને વ્યવહારમાં કયારેય ધીક્કાર ન્હોતો, પણ મેં અનેક ગાંધીયન જોયા છે, જેઓ બીજા માટે મનમાં હિનભાવ રાખે છે કારણ તેઓ ગાંધીને અનુસરતા નથી.

ગાંધીના રસ્તે આગળ ચલાવાનો નિર્ણય આપણો પોતાનો હતો કોઈએ પરાણે તે રસ્તે જવાનું કહ્યું નથી, એટલે મન ઉપર સતત તેનો ભાર રહે તો સમજવું કે ગાંધીને આપણે પચાવી શકયા નથી, કારણ ગાંધી કોઈ બાબત પરાણે કરતા ન્હોતા, જો ગાંધીના રસ્તે જવું બોજ લાગતું હોય તે રસ્તો છોડી દેવો જોઈએ, મેં ખાદી નહીં પહેરનાર અનેક યુવાનોમાં ગાંધીને જીવતા જોયા છે કારણ પહેલા તો તેઓ જેવા છે તેવા જ દેખાય છે, તેઓ લોકો શું માનશે તેવી પરવા કર્યા વગર પોતાને જે પસંદ છે તે રસ્તો ચાલે છે. તેમના મનમાં દુનિયા બદલવાનો કોઈ ખ્યાલ નથી, પણ તેમના જીવનની નાની નાની ઘટનાઓમાં તેઓ પોતાની માટે અને બીજાના માટે જીવે છે તેનો તેમને અણસાર સુધ્ધા નથી. આપણે સારો માણસ થવાનો રોજ પ્રયત્ન કરવો જોઈએ, સારા થવાના પ્રયાસમાં ભુલ પણ થવાની છે તેવી જ ભુલ પણ આપણી આસપાસના લોકો કરવાના છે તેના કારણે આપણો અને તેમનો સંબંધ પુરો થઈ જતો નથી, આપણને જે રસ્તો સારો લાગે છે કે સંભવ છે કે તે રસ્તા વિશે તેમની પાસે માહિતી જ નથી, બની શકે કે માહિતી છે છતાં તેમને તે રસ્તે ચાલવું નથી, તેનો અર્થ એવો નથી કે આપણે મહામાનવ અને તેઓ દાનવ છે, સારા ડૉકટર, સારા પત્રકાર, સારા વકિલ, સારા રાજનેતા, સારા શિક્ષક, સારા ક્રિકેટર અને સારા માતા પિતા થવું તે સારી બાબત છે પણ તેનો ભાર અને અભિમાન આપણા અને આપણા લોકો માટે ઘાતક સાબીત થાય છે.

આત્મનિર્ભર ભારતના પ્રથમ તબક્કામાં મધ્યમ વર્ગ ક્યાં..?!

વિશ્વભરના લોકોને કોરોના વાયરસે પોતાનું રાક્ષસી રૂપ બતાવી ભયનો માહોલ પેદા કરી દીધો છે..વિશ્વના તમામ દેશોની આર્થિક વ્યવસ્થા તહસ નહસ કરી નાખી છે. પરંતુ વિશ્વના દેશોએ પોત પોતાના દેશની અર્થતંત્રની ગાડી પાટે ચડાવવા કમર કસી લીધી છે. મોટાભાગના દેશોએ લોકડાઉન પાલન કરવાની આકરી શરતોને આધિન વિવિધ ઉત્પાદનો કરતા નાના- મોટાઉધ્યોગો,વેપાર,ધંધા, રોજગારોને શરૂ કરવાની છૂટછાટ આપીને જન જીવન ધબકતું કરવા સાથે લોકોમાં કોરોના સામે લડવા આત્મવિશ્વાસ ઊભો કરી દીધો છે. ભારતમાં પણ ૫૦ દિવસના લોક ડાઉનલોડ પછી વડાપ્રધાન મોદીજીએ વિવિધ સ્તરે મીટીંગો યોજીને તાજેતરમાં ૨૦ લાખ કરોડનૂ પેકેજ જાહેર કરી ભારતના લોકોમાં એક નવી ઊર્જા સાથે આત્મવિશ્વાસ પેદા કરી દીધો છે. ભારતે પણ કોરોના વાયરસ રેડ ઝોન વિસ્તારોમાં લોકડાઉન પાલનની આકરી શરતો સાથે લોકડાઉનના નિયમોનું પાલન ફરજિયાત કરી જે તે વિસ્તારોમાં નાના- મોટા ઉત્પાદન કરતા ઉદ્યોગો, એકમો, ધંધા- વેપાર, રોજગાર શરૂ કરવાનો નિર્ણય લઈ લીધો છે અને તેને કારણે લોકોમાં પણ હાશકારા સાથે નવી ઉર્જા ફરી વળી છે. મોદીજીની આત્મનિર્ભરની વાત એ તો આપણી પરંપરા અનુસારની વાત છે પરંતુ કોરોના સામે લડવું જરૂરી છે અને કોરોના સાથે જીવન જીવવું પણ જરૂરી છે. ભારતભરમાં કોરોના કેસ ૮૦ હજારના આંકને આંબી ગયા છે અને મૃતાંક ૨૪૭૪ થયો છે જે વિશ્વભરમાં સૌથી ઓછો છે. ભારતના પાંચ રાજ્યો કોરોના મુક્ત બની ગયા છે કેરળ તથા રાજસ્થાન રાજ્યોએ કોરોના રોકવા જે પગલાં લીધા તેની નોંધ ભારત સરકારે તો લીધી પરંતુ વિશ્વના દેશોએ પણ લીધી છે. ભારત "વસુધૈવ કુટુંબકમ" મા માનવાવાળો દેશ છે અને હંમેશા બીજાનું ભલું ઈચ્છ્યુ છે એટલા માટે ભારતે વિશ્વના ૫૫ જેટલા દેશોને હાઈડ્રોક્લોરોક્વીન દવાનો મોટો જથ્થો મોકલીને દુનિયાનૂ માનવજીવન બચાવવા માટે સહાય કરી છે. જે એક સત્ય હકીકત છે.... આ બધી બાબતો વચ્ચે ગુજરાતની હાલતમાં અમદાવાદ શહેરને કોરોનાએ આકરો ભરડો લીધેલો છે.. તો સુરત અને વડોદરામાં કોરોના સંક્રમિતોની સંખ્યામા સુધારો થયો છે ગુજરાતભરમાં ૯,૨૭૭.કેસો નોંધાયા છે,મૃતાક ૫૬૮ નોંધાયો છે. અમરેલી જિલ્લો કોરોના મુક્ત બન્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૧૪ જિલ્લામાં એક પણ કોરોના દર્દીનું મોત થયું નથી. અમદાવાદની એક હોસ્ટેલમાં કોરોના સેન્ટર શરૂ કરવામાં આવેલ ત્યાં આયુર્વેદ દવા દર્દીઓને આપવામાં આવતા ૨૦૩ દર્દીઓ કોરોના નેગૂટીવ બન્યા છે જેથી આશાનું કિરણ ઉદભવવા પામ્યું છે. રાજય સરકારે માનવ શરીર કોરોનાનો સામનો કરીને તંદુરસ્ત થઈ જાય તે માટે મોટા પ્રમાણમાં આયુર્વેદિક દવાનો જથ્થો મેળવી લીધો છે અને હવે આ આયુર્વેદિક દવાનો ઉપયોગ વધુ દર્દીઓ માટે શરૂ કરી દેવામાં આવ્યો છે.....

કોરોના ફેલાતો અટકાવવા વિશ્વભરના દેશો અસમંજસતામાં છે.દવા-રસી સંશોધન ચાલી રહ્યુ છે પરંતુ કોરોના સામે લડવું પણ જરૂરી છે કોરોનાને ફેલાતો અટકાવવા મોટાભાગના દેશોએ લોકડાઉન જાહેર કરેલ જેના કારણે વિશ્વભરના દેશોનું અર્થતંત્ર ખરાબે ચડી ગયું જેના કારણે જે તે દેશની સરકારો પણ પોતાના અર્થતંતંત્રને પાટે ચડાવવા કોરોના સંક્રમિતોની સંખ્યાને ધ્યાનમાં લીધા સિવાય જે તે દેશોએ પોતાના જે- તે ઉત્પાદન કરતા ઉદ્યોગો, વેપાર-ધંધા વગેરે શરૂ કરાવીને લોકોમાં આત્મવિશ્વાસ જગાવી દીધો છે. લોકોમાં એક પ્રકારનો હાશકારો થયો છે. જોકે જે તે રાજ્યોમાંથી પરપ્રાંતીઓ વતન તરફ રવાના થઈ જતા મોટાભાગના વિવિધ ઉદ્યોગ ક્ષેત્રે તેની મોટા પ્રમાણમાં અસર થવા પામી છે છતાં મોટા ભાગના ઉદ્યોગોએ હાજર કર્મચારીઓ અને કામદારોથી ઉત્પાદન શરૂ કરાવી દીધું છે. ૫૦ દિવસના લોકડાઉન સમયે વડાપ્રધાન શ્રીમોદીજીએ ૨૦ લાખ કરોડના આર્થિક પેકેજ સાથે આત્મનિર્ભરતાની જે વાત કરી તેના કારણે નાના- મોટા, ઉદ્યોગો, ધંધા અને મધ્યમ વર્ગમાં નવો દોરી સંચાર થયો છે. દેશના રાજ્યોના વિવિધ રેડ ઝોન વિસ્તારો અને જે તે ઝોન અનુસાર લોકડાઉનના નિયમોનું ચુસ્ત પણે પાલન કરવું ફરજિયાત કરી ધંધા ,ઉધ્યોગો,વેપાર ચાલુ કરવાનુ આમ પ્રજાને ગળે ઉતારી દીધું છે.... તે એક હકીકત છે.....! પરંતુ નાણા મંત્રી સીતારમને દેશની પ્રજાને રાહત આપતાં પ્રથમ ૬ લાખ કરોડનું પેકેજ જાહેર કર્યું છે તેમાં મધ્યમ વર્ગની સહાય અંગે એક પણ ઉલ્લેખ નથી તે કારણે આમ પ્રજા કહી રહી છે કે પહેલાની સરકારોએ ગરીબો, મજૂરોના નામે બધુ ચલાવ્યું છે ત્યારે મધ્યમ વર્ગ માટે હથેળીમાં ચાદ તો નહીં હોયને.....?!

ગુજરાતમાં રાજ્ય સરકારે હાઈવે સહિતના મૂખ્ય રસ્તાઓ પર માત્ર સરકારી વાહનો જ હરી ભરી શકશે, જિલ્લા પ્રવેશબંધી કરી નાખી છે. તેમાં પણ અમદાવાદ, સુરત, વડોદરાના ખાનગી વાહનો માટે તો જિલ્લા ગ્રામ્ય પ્રવેશબંધી રાખી છે. જેથી કોરોના અન્ય લોકોને ચપેટમાં ન લે. ગ્રામ્ય લોકોની આવક માટે મનરેગા, સુફલામ જળ અભિયાન સહિતના કામો શરૂ કરાવેલ છે જે આજે પણ ચાલે છે. સરકારે ગ્રીન ઝોન વિસ્તારોમાં નાના-મોટા ઉદ્યોગો વેપાર-ધંધા માર્કેટયાર્ડ શરૂ કરાવી દેતા ધીરી ગતિએ જેન જીવન હરતું-ફરતું થવા સાથે આર્થિક વિટંબણા ઘટવાની શરૂઆત થઈ ગઈ છે.... અને હવે આગામી ૧૭ મી માર્ચ સુધીમાં ઉદ્યોગ-ધંધા,વેપાર, મધ્યમવર્ગ માટેની આર્થિક સહાય સરકાર જાહેર કરશે તેમજ લોકડાઉનના નિયમો નું પાલન કરવા સાથે માનવ જીવન ધમધમતુ કરવાના સઘન પ્રયાસો હાથ ધરાશે. આ બધા વચ્ચે મુખ્ય વાત એ છે કે મોદીજીએ "આત્મનિર્ભર ભારત અભિયાન' ની વાત કરીને દેશના લોકોને સ્વદેશી ઉત્પાદનોને પ્રાધાન્ય આપવા વિશેષ આગ્રહ કર્યો છે. જેથી દેશનું અર્થતંત્ર પાટા પર દોડતુ થઈ જાય. ત્યારે લોકોએ પણ હવે સસ્તા ચીન સહિતના વિદેશી ઉત્પાદનો ખરીદવાનો મોહ છોડી દઈ સ્વદેશી ઉત્પાદનો ખરીદીને પ્રોત્સાહન આપી દેશ પ્રત્યેની નિષ્ઠા- દેશપ્રેમ બતાવવો જરૂરી છે. ગુજરાતમાં કોરોના રોકવા આયુર્વેદ દવાને સફળતા મળી છે.... જે આયુર્વેદ દવા- ઉકાળા સાચા અર્થમાં પ્રજા સુધી ઘરે ઘરે પહોંચે તેવું આયોજન કરવું જરૂરી અને પ્રજાહિતમાં છે. નહી તો "છાશમાં માખણ જાય અને વહુ ફુવડ" જેવી સ્થિતિ બનવાની સંભાવના વધુ છે.

છેલ્લે સોશિયલ મીડિયામાં કોમેન્ટ - કોરોનાવાયરસ માનવીઓને તો ચપેટમાં લીધા પણ હવે કોરોના આડો ફાટ્યો લાગે છે કારણ કે બીએસએનએલ નેટવર્કને પણ ચપેટમાં લઈ લીધું લાગે છે. છેલ્લા બે દિવસથી ડચકા ખાતુ બીએસએનએલ નેટવર્ક આજે બંધ જેવી હાલતમાં આવી ગયું છે.... કદાચ કોરોનાએ....! વંદે માતરમ્

હવે રોજગારીની માંગને લઈ અમદાવાદ GMDC મેદાનમાં ભેગા થયા ૧ લાખથી વધુ શ્રમિકો

અમદાવાદ

અમદાવાદમાં આવેલા જીએમડીસી મેદાન ખાતે આજે ઉત્તરાખંડના લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. રોજગારી માટે અમદાવાદ આવેલા અને લોકડાઉનમાં ફસાયેલા ૧ હજારથી વધુ લોકો ભેગા થયા હતા. તમામ લોકોને જીએમડીસી મેદાન ખાતેથી બસના માધ્યમથી રેલવે સ્ટેશન સુધી પહોંચાડવામાં આવશે. તો સાથે જ જે લોકો પાસે વતન પરત ફરવાની જરૂરી મંજૂરી નથી તેવા લોકોને અલગ કરવામાં આવી રહ્યા છે. વતન પરત ફરવાની મંજૂરી ન મળી હોય એવા લોકો પણ જીએમડીસી મેદાન ખાતે મોટી સંખ્યામાં એકઠા થયા છે. વતન પરત ફરવા અંગેની મંજૂરીનો મેસેજ હોય તેવા લોકોને રોકવવા અને હજુ મંજૂરી ન મળી હોય તેવા લોકોને પોલીસ દ્વારા ઘરે પરત ફરવા અપીલ કરાઈ રહી છે. અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડથી પરપ્રાંતિયો માટે જવા બસો વિવિધ રાજ્યોમાં જવા માટે રવાના કરવામાં આવી રહી છે. ગઈકાલે રાજસ્થાન જવા માટે બસો મોકલવામાં આવી હતી. અમદાવાદમાં આવેલા જીએમડીસી મેદાનમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા. અન્ય રાજ્યોમાંથી રોજગારી માટે અમદાવાદમાં આવેલા અને હવે વતન પરત ફરવા માગતા લોકો અહી ગ્રાઉન્ડ પર એકઠા થયા હતા. ગઈકાલે જીએમડીસી મેદાનમાંથી બે બસો રાજસ્થાન મોકલવામાં આવી હતી. લોકડાઉન બાદ અકળાયેલા પરપ્રાંતિયો વતન જવાની જીદે ચઢ્યા છે. અમદાવાદમાં પણ મોટી સંખ્યામાં પરપ્રાંતિયો રહે છે, જેઓ વતન જવા ઈચ્છી રહ્યાં છે. આ હેતુથી તેઓ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પોતાનો બધો સામાન લઈને પહોંચી ગયા હતા.

આગામી ૬ મહિનામાં ભારતમાં ૩ લાખ બાળકોના મૃત્યુનો ભયઃ યૂનિસેફનો રિપોર્ટ

ન્યૂયોર્ક

કોરોના વાયરસના સંક્રમણની ગંભીર અસર તમામ દેશોની સ્વાસ્થ વ્યવસ્થાઓ પર પણ પડી છે કારણ કે આ મહામારીની સમયમાં મોટાભાગના સાધનોનો ઉપયોગ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર પાછળ વપરાઈ રહ્યા છે, જેના કારણે અન્ય પૂરતી સ્વાસ્થ સુવિધાઓની અછત ઉભી થઈ હોવાના અહેવાલ છે, ખાસ બાબત એ છે કે આ કારણથી બાળકોના સ્વસ્થ પર ગંભીર અસર પડી શકે છે જેના અતિ ગંભીર પરિણામો આવે એવી આશંકા છે. સંયુક્ત રાષ્ટ્રના સંગઠન યૂનિસેફ દ્વારા આ અંગેની ચિંતાજનક સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. યૂનિસેફના જણાવ્યા મુજબ ભારતમાં આગામી છ મહિનામાં પાંચ વર્ષથી નીચેની ઉંમરના ત્રણ લાખ બાળકોની મોત થઈ શકે છે અને બાળમૃત્યુનો આ આંકડો કોવિડ-૧૯ના સંક્રમણથી મૃત્યુઆંકથી અલગ હશે. સંગઠનના અંદાજા મુજબ દક્ષિણ એશિયામાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોની મોતનો આંકડો ૪,૪૦,૦૦૦ સુધી પહોંચી શકે છે જેમા સૌથી વધારે મોત ભારતમાં થાય એવી આશંકા છે. યૂનિસેફ દક્ષિણ એશિયા રિઝનલ ડાયરેક્ટર જીન ગૈફએ ડર વ્યક્ત કર્યો હતો કે દસકાઓમાં પહેલી પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો મૃત્યુદર વધી શકે છે.સંગઠનના અનુમાન મુજબ ભારત પછી પાકિસ્તાનમાં બાળમૃત્યુદર વધારે હોઈ શકે છે, જે પછી બાંગ્લાદેશ, અફઘાન અને નેપાળમાં આ પ્રમાણ વધારે રહેશે. યૂનિસેફએ આ માટે કોરોના મહામારીને કારણભૂત ગણાવી છે, કારણ કે નબળી સ્વાસ્થ પ્રણાલી ધરાવતા દુનિયાના દેશોમાં કોરોના મહામારી મેડિકલ સપ્લાય ચેન માટે મોટો પડકાર છે. રિપોર્ટ દર્શાવે છે કે, કોવિડ-૧૯ પરિવાર નિયોજન, પ્રસવ, પ્રસવ પહેલા અને પછીની સારવાર, ટીકાકરણ અને ઉપચાર સેવાઓમાં નડતરરુપ બની રહી છે. ખોરવાયેલી સ્વાસ્થ સુવિધાઓને લીધે બાંગ્લાદેશ, બ્રાઝિલ, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કાંગો, ઈથિયોપિયા, ભારત, ઈન્ડોનેશિયા, નાઈઝીરિયા, પાકિસ્તાન, યૂગાંડા અને યૂનાઈટેડ રિપબ્લિક ઓફ તાન્ઝાનિયા જેવા દસ દેશોમાં બાળમૃત્યુદર વધારે હશે.

ગાંધીનગર જિલ્લાના ૨૪૦૯ ખેડૂતો દ્વારા ચાલુ વર્ષે ૬૭૨ લાખના ઘઉંનું વેચાણ કરાયું

ગાંધીનગર

કોરોના વાયરસની મહામારીમાં લોકડાઉન વચ્ચે ગાંધીનગર જિલ્લાના ૨૪૦૯ ખેડૂતો દ્વારા ચાલુ વર્ષે અત્યાર સુધીમાં રૂપિયા ૬૭૨ લાખના ઘઉંનું વેચાણ કરવામાં આવ્યુ છે. શિયાળુ ઘઉંના વેચાણ માટે સરકાર દ્વારા ખેડૂતોને બે વિકલ્પ આપવામાં આવ્યા હતાં. તેમાં એક વિકલ્પ એપીએમસીમાં જાહેર હરાજીથી અને બીજો વિકલ્પ ટેકાના ભાવે પુરવઠા નિગમને વેચાણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમાં વધુ ઉંચો ભાવ મળે તે વિકલ્પની પસંદગી કરી ખેડૂતો પોતાની જણસ વેચી વધુ સારો ભાવ મેળવી શક્યા હતાં. આ અંગે ગાંધીનગર જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.પી જાદવે જણાવ્યું કે શિયાળુ પાકનું વેચાણ કરવા માટે તા.૨૦મી એપ્રિલથી ખેડૂતોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યુ હતું.

તેમાં બન્ને વિકલ્પની પસંદગી કરવા માટે મુક્તિ આપવામાં આવી હતી. એક એપીએમસીમાં જાહેર હરાજી દ્વારા અને પુરવઠા નિગમ દ્વારા ટેકાના ભાવે વેચાણ કરવા માટે. તે પછી ઘઉંની ખરીદી એપીએમસી અને પુરવઠા નિગમ દ્વારા શરૂ કરવામાં આવી હતી. તે દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યુ હતું અને ખેડૂતોની જણસનો પોષણક્ષમ ભાવે વેચાણ થાય તે માટે આયોજન કરવામાં આવ્યુ હતું. તેમણે કહ્યું કે દહેગામ, કલોલ અને માણસા એપીએમસીમાં જાહેર હરાજી દરમિયાન દરરોજ ૫૦ ખેડૂતોને બોલાવવામાં આવતા હતાં. તેમાં તારીખ ૧૧મી મે સુધીમાં જિલ્લાના ૨૨૬૮ ખેડૂતો દ્વારા તેમની જણસનું વેચાણ કરવામાં આવ્યુ હતું. તેમાં ૩૫૧૯૭ ક્વિન્ટલ ઘઉં એપીએમસીના વેપારીઓ દ્વારા જાહેર હરાજી મારફત ખરીદ કરવામાં આવ્યા હતાં. ખેડૂતોએ હરાજી દ્વારા વેચાણ કરેલા ઘઉંની કિંમત રૂપિયા ૬૪૪ લાખ થાય છે. જ્યારે જિલ્લાના પુરવઠા નિગમ દ્વારા ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવા માટે કલોલ, દહેગામ, ગાંધીનગર અને માણસા ખાતે વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમાં ૧૪૧ ખેડૂતો દ્વારા ૧૪૪૨ ક્વિન્ટલ ઘઉંનું વેચાણ કરવામાં આવ્યુ હતું. એટલે કે ખેડૂતો દ્વારા કુલ રૂપિયા ૨૭.૭૬ લાખની કિંમતના ઘઉંનું વેચાણ કરાયુ હતું.



કોરોનાના સંકટ વચ્ચે લોકડાઉન જાહેર કરાતા શહેરમાં રોજીરોટી કમાવવા માટે આવેલા મજૂરોને હવે કામ મળી રહ્યું ન હોવાથી તેઓ પરિવાર સાથે પગપાળા વતનમાં પરત ફરી રહ્યા છે ત્યારે તસવીરમાં ખારેગાંવ ખાતે બાળકો સાથે મજૂર પરિવાર માથે સરસામાન-બેગ લઈને વતને જતા જોવા મળ્યા હતા.

કોંગ્રેસના અભય થિપ્સે (પૂર્વ જજ: નિરવ મોદીના પક્ષમાં સાક્ષી બનતા ભડકો

નીરવ મોદીના કાર્યક્રમમાં સામેલ થયા હતા રાહુલ ગાંધી: ભાજપનો મોટો ખુલાસો

ન્યુ દિલ્હી

ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીના પ્રત્યર્પણની લંડનની એક કોર્ટમાં ચાલી રહેલી સુનવણીમાં કોંગ્રેસમાં સામેલ બોમ્બે અને અલ્હાબાદ હાઇકોર્ટના એક પૂર્વ જજ અભય થિપ્સેની નીરવના પક્ષમાં સાક્ષીનો કેસ તૂલ પકડી રહ્યો છે. ભાજપે આ મુદ્દા પર કોંગ્રેસને ઘેરી છે અને રાહુલ ગાંધી પર મોટો આરોપ મૂક્યો છે.

વાત એમ છે કે થિપ્સે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સાક્ષીમાં લંડનની કોર્ટને કહ્યું કે CBIના નીરવ પર લગાવામાં આવેલા આરોપ ભારતીય કાયદાની અંતર્ગત ટકશે નહીં. આપને જણાવી દઈએ કે અભય થિપ્સે ૨૦૧૮મા કોંગ્રેસમાં સામેલ થયા હતા.

ભાજપ નેતા અને પ્રવક્તાએ ટ્વીટ કરીને રાહુલ ગાંધીને ઘેર્યા. તેમણે કહ્યું કે અહીં ભારતમાં રાહુલ ગાંધી નીરવ મોદીને લઇ સરકારને પ્રશ્ન પૂછે છે તો બીજીબાજુ રાહુલના ખાસ અને કોંગ્રેસના અભય થિપ્સે (પૂર્વ જજ) નીરવ મોદીના પક્ષમાં સાક્ષી બન્યા છે. આખરે શું છે જે રાહુલ ઇચ્છતા નથી કે નીરવ ભારત આવે. એ રાત્રે પાર્ટીમાં રાહુલ અને નીરવ વચ્ચે શું લેવડ-દેવડ થઇ હતી?

ચેસ ગ્રાન્ડમાસ્ટર પ્રવીણ થિપ્સેના ભાઇ અભય થિપ્સે એ કહ્યું કે ભારતીય કાયદા પ્રમાણે જ્યાં સુધી કોઇની સાથે છેતરપિંડી ના થાય ત્યાં સુધી છેતરપિંડી કહેવાશે નહીં. છેતરપિંડીના કેસમાં છેતરાયા હોવું જરૂરી છે. જો LoUs રજૂ થવાથી કોઇની સાથે દગો થયો જ નથી તો કોઇ કોર્પોરેટ બોડીની સાથે છેતરપિંડીનો કેસ લાગૂ થઇ શકે નહીં. બેંકના અધિકારીઓને LoUs રજૂ કરવાનો જે અધિકાર આપ્યો છે તેને પ્રોપર્ટી કહી શકાય નહીં અને તેને સંપત્તિની સાથે સોંપવા માટે પણ કહી શકાય નહીં. આ પ્રમાણે આ કેસ વિશ્વાસ તોડનાર ગુનો કહી શકાય નહીં. આપને જણાવી દઇએ કે અભય થિપ્સે એ જ ૨૦૧૫મા અભિનેતા સલમાન ખાનને જામીન આપ્યા હતા.

અંતિમ સેશનમાં વેચવાલીને પગલે સેન્સેક્સ ૮૮૫ અંક ગબડ્યો

મુંબઇ

દિવસભરની વધઘટ બાદ અંતિમ સેશનમાં બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૮૮૫ અંક અથવા ૨.૭૭ ટકા પટકાઈને ૩૧,૧૨૨ નજીક બંધ આવ્યો છે. જ્યારે નિફ્ટી ૫૦ આંક પણ અંતિમ સેશનમાં વેચવાલીને પગલે ૨૪૦ પોઈન્ટ અથવા ૨.૫૭ ટકા ગગડીને ૯,૧૪૨ નજીક સેટલ થયો છે.

આ સિવાય બેંક નિફ્ટીની વાત કરીએ તો આજે ઈન્ડેક્સ ૫૬૬ અંક પટકાઈને ૧૯,૦૬૮ નજીક બંધ આવ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ આજે લગભગ ૯૬૮ સ્ક્રીપમાં તેજી, ૧,૩૨૪ સ્ક્રીપમાં મંદી જોવા મળી જ્યારે ૧૫૩ શેર્સમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી. બીએસઈ પણ મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૩૯ ટકા ૦.૬૩ ટકા ગગડીને બંધ આવ્યા છે.

વિશ્વભરમાં કોરોના વાયરસની અસર, વૈશ્વિક માર્કેટની મંદ ચાલ અને વૈશ્વિક સંકેત નેગેટિવ રહેતા આજે ઘરેલુ માર્કેટ પર દબાણ જોવા મળ્યું છે. આ સિવાય ગઈકાલે નાણાપ્રધાન નિર્મલા સીતારમણે સરકાર દ્વારા જાહેર કરેલ ૨૦ લાખ કરોડ રૂપિયાના આર્થિક મહાપેકેજ અંતર્ગત કેટલીક મોટી જાહેરાતો કરી હતી. પરંતુ માર્કેટની ચાલ જોતા એવું લાગ્યું કે નાણામંત્રીની જાહેરાતો માર્કેટને હજમ ન થઈ. તેથી આખા દિવસમાં માર્કેટ લાલ નિશાનમાં ટ્રેડિંગ કરતું જોવા મળ્યું.

યુનાઈટેડ નેશને ભારતના વિકાસદરનું અનુમાન ઘટાડીને ૧.૨% કર્યું

યુએન

વૈશ્વિક સંગઠન યુનાઈટેડ નેશને ૨૦૨૦ માટે ભારતના વિકાસદરનું અનુમાન ઘટાડીને ૧.૨% કર્યું છે. કોરોના વાયરસને કારણે સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર પર પણ ભારે અસર થશે અને વિશ્વનું જીડીપી અનુમાન પણ ઘટાડીને -૩.૨% કર્યું છે. વૈશ્વિક અર્થતંત્ર પડી ભાંગતા ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડ્ક્ટ ચાલુ વર્ષે ૧૯૩૦ની વૈશ્વિક મંદી બાદના તળિયે પહોંચી છે. બુધવારે યુનાઈટેડ નેશન્સે ૨૦૨૦ના GDPના અનુમાન રજૂ કરતો એક અર્ધ વાર્ષિક રીપોર્ટ રજૂ કર્યો હતો. ૨૦૨૦ અને ૨૦૨૧માં કોરોનાને કારણે આઉટપુટમાં ૮.૫ લાખ કરોડ ડોલરનો ઘટાડો થશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ બે વર્ષમાં ગત ચાર વર્ષમાં વધેલ તમામ આઉટપુટ ધોવાશે. ૨૦૧૯ના ૪.૧%ના અનુમાનની સામે હવે ૨૦૨૦ માટે ભારતનો જીડીપી લક્ષ્યાંક ૧.૨% કર્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮માં ૬ઠ્ઠું ૪.૧% રહ્યો હતો અને હવે ૨૦૨૧ માટે અનુમાન ૫.૫% નિર્ધારિત કરવામાં આવ્યું છે. દક્ષિણ એશિયા માટેનું વિકસ દરનું અનુમાન યુનાઈટેડ નેશને ૫.૧%થી ઘટાડીને ૦.૬% કર્યું છે. આગામી વર્ષ માટે લક્ષ્યાંક ૫.૩%થી ઘટાડીને ૪.૪% કર્યું છે.

બાંગ્લાદેશમાં રોહિંગ્યા શરણાર્થી શિબિરોમાં આગ: ૩૦૦થી વધુ ટેન્ટ બળીને ખાખ

ઢાકા

દક્ષિણ બાંગ્લાદેશના રોહિંગ્યા કેમ્પ્સમાં ભીષણ આગ લાગતા ૩૩૦ જેટલી રાહત શિબિરો બળીને રાખ થઈ ગઈ હતી અને ૧૦થી પણ વધારે લોકો ખરાબ રીતે ઘવાયા હતા. કુટુપાલાંગ રોહિંગ્યા શરણાર્થી શિબિરમાં એક ગેસ સિલિન્ડરની દુકાનમાં આગ લાગી હતી અને જોતજોતામાં તે સમગ્ર વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી.

અગ્નિશામક દળના કર્મચારીઓએ જણાવ્યું કે, તે વિસ્તારમાં તમામ શિબિરો વાંસ અને તાડપત્રી વડે બનાવાયેલી હતી જેમાં લોકોના ઘર અને દુકાનો પણ હતી. આ કારણે જ સિલિન્ડરની દુકાનમાં આગ લાગતા તે ખૂબ જ ઝડપથી પ્રસરી હતી અને આજુબાજુના ૩૩૦થી વધારે ઘરો-દુકાનો તેમાં સંપૂર્ણપણે સ્વાહા થઈ ગયા હતા.

તે સિવાય આવા જ ૩૦૦થી વધારે અસ્થાયી ઘર અને કેમ્પ્સને ભારે નુકસાન પહોંચ્યું છે. વિશ્વની સૌથી મોટી શરણાર્થી શિબિરો પૈકીની એક કુટુપાલાંગ ઢાકાના કોક્સ બજાર વિસ્તારમાં આવેલી છે અને ૧૦ લાખથી પણ વધારે રોહિંગ્યા શરણાર્થીઓ ત્યાં વસવાટ કરે છે.

બાંગ્લાદેશના ડેપ્યુટી રેફ્યુજી કમિશનર શમસુદ ડૌજાએ સ્થાનિક હોસ્પિટલમાં ઘાયલોની સારવાર ચાલી રહી હોવાની અને ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ ઘાયલો ઉપરાંત આગથી પ્રભાવિત તમામ રોહિંગ્યાઓની સંભવિત મદદ કરી રહી હોવાની માહિતી આપી હતી.

કોવિડ-૧૯ના રાહત પેકેજ માટે અભિનંદન

આર્થિક પેકેજ પર માલ્યાનું ટ્વિટ, 'મારા પાસેથી પૈસા લો અને કેસ ખત્મ કરો'

ન્યુ દિલ્હી

ભાગેડુ બિઝનેસમેન વિજય માલ્યાના ભારત પ્રત્યાર્પણને લઈને બ્રિટનની કોર્ટમાં સુનાવણી થઈ રહી છે. એવામાં માલ્યાએ ગુરુવારે એકવાર ફરીથી સરકારને પોતાના દેવાની ૧૦૦ ટકા રકમ ચુકવવાના પ્રસ્તાવનો સ્વીકાર કરીને તેના વિરુદ્ધના કેસ બંધ કરવા માટે કહ્યુ છે.

માલ્યાએ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા ૨૦ લાખ કરોડ રૂપિયાના આર્થિક પેકેજની જાહેરાત પર અભિનંદન કહ્યું. માલ્યાએ કહ્યુ કે તેના દેવાની રકમ ચુકાવવાના પ્રસ્તાવની સરકાર દ્વારા સતત અવગણના કરવામાં આવી રહી છે. માલ્યાએ ટ્વિટ કરીને કહ્યુ,'કોવિડ-૧૯ રાહત પેકેજ આપવા માટે સરકારને અભિનંદન. તેઓ જેટલી ઈચ્છે એટલી કરન્સી છાપી શકે છે, પરંતુ શું મારા જેવા એક નાનકડા યોગદાનકર્તાને બેંકમાંથી લીધેલા દેવાની ૧૦૦ ટકા રકમ પરત કરવાની રજૂઆતની સતત અવગણના કરવી જોઈએ?'

કિંગફિશર એરલાઈન્સના પ્રમોટર માલ્યા વિરુદ્ધ ભારતમાં છેતરપિંડી અને મની લૉન્ડ્રિંગનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેના પર લગભગ ૯ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડીનો આરોપ છે. માલ્યાએ સરકારને કહ્યુ છે કે તે શરત વગર પૈસા લઈને કેસ બંધ કરે. લંડનની એક કોર્ટમાં કેસ હાર્યા બાદ માલ્યાએ બ્રિટનની સુપ્રીમ કોર્ટમાં પ્રત્યાર્પણ વિરુદ્ધ એક અપીલ દાખલ કરી હતી.

રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ પણ ગેરકાયદે ગોંધી રખાયા હોવાનો અરજીમાં દાવો કરાયો

કોરન્ટાઈન સેન્ટર્સમાંથી ૩,૩૦૦ તબલીગી જમાતીઓને છોડવા દિલ્હી હાઈકોર્ટમાં અરજી

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસના સંક્રમણને વધારવામાં નોંધપાત્ર ફાળો ધરાવતા અંદાજે ૩,૩૦૦ જેટલા તબલીગી જમાતીઓને કોરન્ટાઈન સેન્ટરમાંથી મુક્ત કરવા માટે દિલ્હી હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે. કોરોના વાયરસના ટેસ્ટ નેગેટિવ આવ્યા હોવા છતા ૪૦ દિવસ સુધી કોરન્ટાઈન સેન્ટરમાંથી મુક્ત નહીં કરાતા આ અરજી દાખલ કરવામાં આવી છે.

આ અરજી પર શુક્રવારે સુનાવણી થવાની સંભાવના છે. અરજીમાં સત્તાધીશોને ૧૪ દિવસના કોરન્ટાઈનની માર્ગદર્શિકાનું પાલન કરવા નિર્દેશ આપવા જણાવાયું છે તેમજ જમાતીઓના રિપોર્ટ નેગેટિવ આવી ગયા હોવા છતા તેમને કોરન્ટાઈનમાં રાખવા તે બંધારણીય હકનું ઉલ્લંઘન છે તે માટે એક ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરવાની માગ કરવામાં આવી છે.

એક સામાજિક કાર્યકર સાહિબા કાદરીએ દિલ્હી હાઈકોર્ટમાં આ અંગે અરજી દાખલ કરી છે. અરજીમાં એવો આક્ષેપ કરાયો છે કે સંખ્યાબંધ લોકોને ગેરકાયદે કોરન્ટાઈન કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે અને કેટલાક લોકોએ આ અંગે સત્તાધીશોને પત્ર પણ લખ્યો છે પરંતુ તેમની વાતને નજર અંદજ કરવામાં આવી છે. વકીલ શાહીદ અલી મારતફે આ અરજી દાખલ કરવામાં આવી છે જેમાં દાવો કરાયો છે કે, સત્તાધીશો તેમની ફરજ નિભાવવામાં નિષ્ફળ ગયા છે અને જમાતીઓને સતત ગોંધી રાખવા તે યોગ્ય નથી તેમજ કેન્દ્રની ગાઈડલાઈનનું ઉલ્લંઘન છે.

અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૧ હજાર પોઝિટિવ કેસ: ૧૭૭૨ના મોત

ન્યૂયોર્ક

અમેરિકામાં કોરોના વાયરસના કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. બુધવારે અમેરિકામાં ૨૧,૭૧૨ કેસ સામે આવ્યા હતા અને ૧,૭૭૨ કોરોનાગ્રસ્ત દર્દીઓના મોત થઈ ગયા હતા. એક દિવસ અગાઉ અમેરિકામાં કોરોના વાયરસના ૨૨,૮૦૨ નવા કેસ નોંધાયા હતા અને ૧૬૩૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. વર્લ્ડોમીટર મુજબ, અમેરિકામાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા ગુરુવારે સવારે વધીને ૧૪ લાખ ૩૦ હજાર ૩૪૮ પહોંચી ગઈ હતી. અમેરિકામાં અત્યાર સુધી કોરોનાને કારણે ૮૫,૧૯૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. જો કે ત્રણ લાખ લોકો સાજા થઈ ગયા છે.

અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં કોરોનાના સૌથી વધારે ૩,૫૦,૮૪૮ કેસ નોંધાયા છે. માત્ર ન્યૂયોર્કમાં જ ૨૩,૨૯૦ લોકોના મો થયા છે. ત્યારબાદ ન્યૂ જર્સીમાં ૧,૪૨,૮૬૧ કોરોનાગ્રસ્ત દર્દીઓમાંથી ૯,૭૨૭ લોકોના મોત થયા છે.



જલંધરથી ઉત્તર પ્રદેશ જવા ખાસ ટ્રેનની રાહ જોઈને રાતના રસ્તા પર ઊંઘતા શ્રમિકો.

લેબમાં તૈયાર થયો છે કોરોના, પ્રાકૃતિક વાયરસ નથી : નિતિન ગડકરી

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસની ઉત્પતિને લઈને સમગ્ર દુનિયા પ્રશ્નો કરી રહી છે. આ વચ્ચે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ કહ્યું કે, કોરોના વાઈરસ 'પ્રાકૃતિક વાઈરસ' નથી. તમને જણાવીએ તો કોરોના વાઈરસથી દુનિયાભરમાં ૨૯ લાખથી વધુ લોકોના મોત થયા છે. ભારતમાં આ વાઈરસથી ૭૦ હજારથી પણ વધુ લોકો સંક્રમિત થયા છે.

એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં કેન્દ્રીય પ્રધાને કહ્યું કે, બધાને કોરોના વાઈરસની સાથે જીવવાની કળા શીખવી પડશે. આ કળા ખૂબ જ જરૂરી છે, કારણ કે, આ પ્રાકૃતિક વાઈરસ નથી. આ કૃત્રિમ વાઈરસ છે, જેના માટે દુનિયાના ઘણા દેશો વેક્સીન બનાવવામાં લાગ્યા છે.

વધુમાં જણાવીએ તો આ પહેલીવાર છે. જ્યારે ભારત સરકારે આ જીવલેણ વાઈરસની ઉત્પતિ પર કોઈ ટિપ્પણી કરી છે. કેબિનેટ પ્રધાનનું માનવું મોટી વાત એ માટે છે. કારણ કે, મોટા ભાગના દેશોએ આ વાઈરસની ઉત્પતિ માટે ચીનના વુહાન શહેરમાં સ્થિત લેબને જવાબદાર ગણાવી છે.

આ ઉપરાંત જણાવીએ તો અમેરિકાએ તો કોરોના વાઈરસને લઈને ચીનને સળીયાની પાછળ લાવીને ઉભો રાખ્યો છે. તેમનું કહેવું છે કે, ચીન જ કોરોના વાઈરસ માટે જવાબદાર છે.

કેજરીવાલને પાંચ લાખથી વધુ સૂચનો મળ્યા

સોશિયલ ડિસ્ટન્સિંગ ન રાખવા પર કાર્યવાહી કરવામાં આવે

ન્યુ દિલ્હી

દિલ્હીમાં લોકડાઉનનો અગામી ફેઝ કેવો હોઈ શકે છે ? મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે આ અંગેના સંકેત આપ્યા છે. કેજરીવાલે કહ્યું કે અમે લોકોના સૂચનો માંગ્યા હતા, અમને ૫ લાખથી વધુ સુચનો મળ્યા છે. તેના આધાર પર અમે કેન્દ્રને પ્રસ્તાવ મોકલીશું. કેન્દ્ર જે પણ નિર્ણય લેશે તેના આધાર પર આગામી સોમવારથી આર્થિક ગતિવિધિઓમાં છૂટ આપવામાં આવશે.

કેજરીવાલે જણાવ્યું કે મોટાભાગના લોકોએ ગરમીઓની રજાઓ સુધી સ્કૂલ અને શૈક્ષણિક સંસ્થાનો બંધ રાખવાની સૂચના આપી છે. મોટાભાગના લોકોએ કહ્યું કે માસ્ક ન પહેરનારાઓ અને સોશિયલ ડિસ્ટન્સિંગ ન રાખનારાઓ પર સખ્ત કાર્યવાહી થવી જોઈએ. લોકોએ કહ્યું કે મેટ્રો સર્વિસમાં હાલ ખૂબ ઓછી છુટ આપવી જોઈએ.

કેજરીવાલના જણાવ્યા મુજબ ઘણાં લોકોએ હોટલ બંધ રાખવા, જોકે ખાવાનું લેવા અને હોમ ડિલીવરી માટે રેસ્ટોરન્ટ ખુલ્લા રાખવાનું સુચન કર્યું છે. એ વાત પર બધા એકમત છે કે હેર કટિંગ શોપ, સ્પા, સલૂન, સિનેમા હોલ અને સ્વિમિંગ પુલ હાલ પણ બંધ જ રહેવા જોઈએ. મોટાભાગના બજારોએ ઓડ-ઈવનના આધાર પર બજાર ખોલવાનું સુચન કર્યું છે.

ફાઈઝર દવા કંપનીએ કહ્યું સૌથી પહેલા અમેરિકા મળશે કોરોના વેક્સિન

પેરિસ

ફ્રાન્સની દવા નિર્માતા કંપની સૈનોફીએ કહ્યું છે કે તે પોતાની પહેલી વેક્સિન સૌથી પહેલા અમેરિકાને આપશે. કેટલાક અઠવાડિયા પહેલા એક અમેરિકન સમાચાર પત્રએ ખુલાસો કર્યો હતો કે અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનાં આ કંપનીમાં શેર છે. ટ્રમ્પે આમાં રોકાણ કર્યું છે. સંભવતઃ આ કારણે સૈનોફીએ સૌથી પહેલા અમેરિકાને પોતાની કોરાના વેક્સિન આપવાની વાત કહી છે.

સૈનોફી કંપનીનાં સીઈઓ પૉલ હડસને બ્લૂમબર્ગ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યૂમાં આ વાત કહી. પૉલ હડસને કહ્યું કે, અમેરિકાએ કંપનીમાં ઘણું રોકાણ કર્યું છે. આ કારણે તેમનો અધિકાર બને છે કે તે અમારી કંપની દ્વારા બનાવવામાં આવેલી વેક્સિન સૌથી પહેલા મેળવે. પૉલ હડસને આગળ ચેતવણી પણ આપી કે યૂરોપ આ મામલે પાછળ ચાલી રહ્યું છે. યૂરોપમાં સ્થિતિ ઘણી ખરાબ છે.

અમેરિકાએ ફેબ્રુઆરીમાં જ સૈનોફીમાં વધારે રોકાણ કર્યું હતુ. સાથે જ કંપનીની વેક્સિન માટે પ્રી-ઑર્ડર પણ કર્યો હતો. સૈનોફી દુનિયાની એ સૌથી મોટી કંપનીઓમાં છે જે આ સમયે કોરોના વેક્સિન માટે કામ કરી રહી છે.

શ્રમિકોને ૨ મહિના પહેલા પાનાથી ચાલુ

જેમની પાસે રેશનકાર્ડ નથી તેમને ૫ કિ.ગ્રા. અનાજ અને ચણાની દાળ અપાશે. ૮ કરોડ શ્રમિકોને લાભ મળશે. જેની પાછળ ૩૫૦૦ કરોડનો ખર્ચ થશે. રાજ્ય સરકારો તેનો અમલ કરશે.

ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રવાસી શ્રમિકો કે જેઓ રેશનીંગ કાર્ડ ધરાવે છે તેમના માટે તેઓ દેશમાં કોઈ પણ રાજ્યની કોઈપણ રેશનીંગ દુકાનમાંથી રાશન લઈ શકે તેવી વ્યવસ્થા કરાશે. ઓગસ્ટ ૨૦૨૦થી વન નેશન- વન રેશનનો અમલ કરાશે. માર્ચ ૨૦૨૧થી પોર્ટેબીલીટી થશે.

શહેરી સ્થળાતરિત શ્રમિકોને શહેરોમાં રહેવા માટે ઓછા દરે મકાન ભાડેથી મળે તેવી વ્યવસ્થા કરાશે. સ્થળાતરિત શ્રમિકો માટે તેમના સરેરાશ દૈનિક વેતનમાં વધારો કરવામાં આવ્યો છે. ૧૮૨ને બદલે ૨૦૨ રૂપિયા કરવામાં આવ્યાં છે. આમ ૨૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ શ્રમિકોને તેમના રાજ્યામાં તેમના ગામમાં મનરેગામાં યોજનામાં રોજગારી આપવામાં આવશે. ગયા મે માસ કરતાં આ વખતે ૪૦થી ૫૦ ટકા વધારે રોજગારી મળશે. આ માટે ૧૦ હજાર કરોડના કામો આપવામાં આવ્યાં છે.

મુદ્રા શિશુ લોન લેનારને લાભ આપવા ૩ કરોડ લાભાર્થીઓને લાભ આપવા વ્યાજમાં ૨ ટકાનો ઘટાડો કરીને તેમને ૧૫૦૦ કરોડનો લાભ મળશે. ૫૦ લાખ ફેરિયાઓ, લારી-ગલ્લાવાળા પાથરણાંવાળા, ફૂટપાથ પર ઉભા રહીને વેચવારાઓ માટે ૧૦ હજાર રૂપિયા અપાશે. એક મહિનામાં અપાશે. ૫ હજાર કરોડનો લાભ મળશે..

ગઈકાલે તેમણે MSME, રિયલ્ટી સેક્ટર, પગારદારો માટે રાહત પેકેજ જાહેર કર્યું હતું. ગઈકાલે બુધવારે ૨૦ લાખ કરોડના રાહત પેકેજના બ્રેકઅપની માહિતી આપી હતી. જેમાં પ્રથમ તબક્કામાં નાના વ્યવસાયો, રિયલ એસ્ટેટ, સંગઠિત ક્ષેત્રના વર્કર અને અન્ય લોકો માટે ૬ લાખ કરોડની સહાયની સંખ્યાબંધ જાહેરાતો કરવામાં આવી હતી. આજે તેમણે ફરી પ્રેસ કોન્ફરન્સ યોજી હતી.

કોરોના સંકટ વચ્ચે ગાંધીનગરમાં આવેલી કર્ણાવતી યુનિવર્સિટીની મનમાની

ફી ભરવા દબાણ કરવાનો મામલો સામે આવતા વિદ્યાર્થીઓ ચિંતામાં

ગાંધીનગર

કોરોના સંકટ અને લૉકડાઉન જેવી વિકટ સ્થિતિમાં ગાંધીનગરના ઉવારસદમાં આવેલી કર્ણાવતી યુનિવર્સિટીની મનમાની સામે આવી છે. હાલમાં લોકડાઉનના કારણે વ્યાપાર ધંધા બંધ છે. તેવી કપરી સ્થિતિમાં આ યુનિવર્સિટી વિદ્યાર્થીઓને ફી ભરવા દબાણ કરવાનો મામલો સામે આવ્યો છે. જો કે આ મામલે હોબાળો વધતાં શિક્ષણ વિભાગના અનુસાર યુનિવર્સિટીએ હાલ ફી નહીં ઉઘરાવવાની બાંહેધરી આપી છે પરંતુ બીજી બાજુ આવી કોઈ જાણ વિદ્યાર્થીઓને કરાઈ નથી. કર્ણાવતી યુનિવર્સિટીએ આગામી ૨૩ મે સુધીમાં ફી ભરવા દબાણ કરીને ધમકી ઉચ્ચારી છે કે જો ૨૩ મે સુધીમાં સેમેસ્ટરની ૭૦ હજાર રૂપિયા ફી નહીં ભરવામા આવે તો ફી સાથે પેનલ્ટી પણ વસૂલાશે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે શું આ યુનિવર્સિટીને લૉકડાઉન જેવી સ્થિતિમાં જ્યાં લોકો તકલીફમાંથી પસાર થઈ રહ્યાં છે

ત્યારે પણ કડક ઊઘરાણી કરતા શરમ નહીં આવતી હોય? આ મામલે એનએસયુઆઈ દ્વારા સેમેસ્ટર ફીમાં ઘટાડો કરવા અને ફી ભરવાના સમયગાળામાં રાહત આપવા માટે રજૂઆત કરી હતી. એનએસયુઆઈના જિલ્લા પ્રમુખે આ મુદ્દે નિવેદન આપ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા કોરોનાના કહેરને પગલે રાજ્યની યુનિવર્સિટીઓ તથા તેને સંલગ્ન કોલેજો આગામી ૨૦ જૂન સુધી સક્ષ્ડ બંધ રાખવા માટે આદેશ આપ્યા છે. ત્યારે આ રીતે ફીની ઉઘરાણી કરીને યુનિવર્સિટીઓ પોતાની મનમાની કરી રહી છે. આ સાથે જ સરકારના આદેશને ઘોળીને પી જઈ સત્તાધીશો ૭૦ હજારથી ૨ લાખસુધીની ફી ભરવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને તાત્કાલિક અસરથી ફી ભરવા માટે મેઈલ કરીને દબાણ કરી રહી છે.

આ ઘટના નિંદાને પાત્ર છે. એક તરફ કોરોના વાયરસે સમગ્ર રાજ્યમાં ભરડો લીધો છે અને વેપાર-ધંધા બંધ પડ્યા છે ત્યારે આગામી ૨૩મે સુધીમાં ફી ભરવાના અને નહીં ભરનાર વ્યક્તિ પાસેથી પેનલ્ટી સાથે ફી વસૂલવાના સંદેશથી વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં ચિંતાના વાદળ છવાયા છે. લૉકડાઉન કે કોરોના સંકટની જાણે ગંભીરતા સમજતા જ ન હોય તેમ યુનિવર્સિટીના સત્તાધીશોએ ફીની ઉઘરાણી તો કરી પરંતુ તે પણ પઠાણી સ્ટાઈલથી. મેસેજમાં વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યું છે કે જો ૨૩ મે સુધીમાં ફી નહીં ભરાય તો જેટલા દિવસ મોડું થશે તેના પર પ્રતિદિન ૧૦૦ રૂપિયા પેનલ્ટી લગાડવામાં આવશે.

સાવલીમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલ દ્વારા આપઘાત કરતા ચકચાર, કારણ અકબંધ

વડોદરા

સાવલીમાં લૉકડાઉનની પરિસ્થિતમાં ૨૨ વર્ષની મહિલા પોલીસ કોન્સ્ટેબલ શિલ્પાબેન વિનોદસિંહ દરબારે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગયો છે. સાવલી પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો છે. આ મહિલા પોલીસ કર્મી ભાડાનાં ઘરમાં એકલી જ રહેતી હતી. આ અંગે મળતી માહિતી પ્રમાણે, વડોદરા જિલ્લાના સાવલીમાં એકલા રહેતા ૨૨ વર્ષના મહિલા પોલીસ કોન્સ્ટેબલ શિલ્પાબેન વિનોદસિંહ દરબાર પોલીસ કોન્સ્ટેબલની ફરજ બજાવતા હતા. શિલ્પાબેન સાવલીની બી-૧૦, ગોકુલવાટીકા સોસાયટીમાં ભાડેથી રહેતા હતા.

તેમણે ભાડાના જ ઘરમાં ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જોકે, આ ઘટનાની જાણ પાડોશીઓને સવારે થઈ હતી. અનુમાન પ્રમાણે, શિલ્પાએ ગત રાત્રી દરમિયાન પોતાના ઘરમાં જ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતાં જ સાવલી પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. હજી સુધી આ આપઘાત પાછળનું કોઈ કારણ કે સ્યુસાઈડ નોટ સામે આવી નથી. સાવલી પોલીસ આ અંગે પાડોશીઓ અને શિલ્પાના પરિવાર સાથે પૂછપરછ કરશે. આ ઘટનામાં પોસ્ટમોર્ટમનો રિપોર્ટ પણ પ્રકાશ પાડી શકે છે. આ વાત વાયુવેગે ફેલાઈ ગઈ હતી.

અંતે કલેક્ટરે જાહેર આદેશ જાહેર કરી રાજકોટમાં ધમધમતા થયા ઉદ્યોગો

લોકડાઉન વચ્ચે રાજકોટમાં ૧૦ હજાર નાના મોટા યુનિટો થયા શરૂ

રાજકોટ

લોકડાઉન-૦૩ની મુદ્દત તા.૧૭ના પુરી થવા જઈ રહી છે ત્યારે રાજય સરકારે ઉદ્યોગોને ધમધમતા કરવા માટે જાહેર કરેલી છૂટછાટ પ્રમાણે તા.૧૪થી રાજકોટ શહેરમાં કેન્ટોનમેન્ટ ઝોન અને બફરઝોન સિવાયના વિસ્તારમાં આવેલા ૧૦ હજાર નાના મોટા યુનિટો શરૂ કરવા માટે જિલ્લા વહિવટી તંત્રએ કવાયત હાથ ધરી છે. જો કે, દુકાનો અને બજારો શરૂ કરવા અંગે થોભો અને રાહ જૂવોની નીતિ અપનાવાઈ છે. રાજકોટમાં લોકડાઉનની વચ્ચે આજથી ઉદ્યોગોને શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જેમાં કલેક્ટર દ્વારા શરતોને આધીને ૭૫૦૦ ઉદ્યોગોને મંજૂરી આપવામાં આવી છે.

ઉદ્યોગો શરૂ કરવા માટે સૌથી મોટી મુશ્કેલી મંજૂરી અને પાસની હોય આજે કલેકટર કચેરીમાં ટોળા એકઠા થઈ હતા. એકી સાથે ૧૦ હજાર યુનિટોની મંજૂરીની કામગીરી કરવી પડે તેમ હોવાથી ઉદ્યોગકારોના ટોળા ખાળવા માટે જે તે એસોસિએશન અને ચેમ્બર ઓફ કોમર્સમાં મંજૂરી માટે કેમ્પ કરવા માટે કલેકટર રેમ્યા મોહને આદેશો કર્યા હતા. કલેકટરના જણાવાયા પ્રમાણે સરકારે ઉદ્યોગો શરતી મંજૂરી સાથે શરૂ કરવા માટે છૂટ આપતા અમે શહેરના અંદાજીત ૧૦ હજાર ઉદ્યોગોને ફરી શરૂ કરવા માટે છૂટછાટો આપવાની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા ઉદ્યોગોના સંચાલકોને કલેક્ટર કચેરીએ મંજૂરી માટે ધક્કા નહિ ખાવા પડે જે રીતે બિલ્ડર્સને મંજૂરીઓ અપાઈ છે તે રીતે આ મંજૂરી અપાશે. કામદારોના લિસ્ટ, જરૂરી પુરાવા, બાંહેધરીપત્ર આપવાના રહેશે. તેમાં એક સાઈડમાં જે તે એસોસિએશન સહીસિક્કા કરશે અને બીજી તરફ સરકારી અધિકારીઓ મંજૂરના સહી સિક્કા મારી આપશે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ૬ અધિકારી-કર્મચારી માંદગીમાં પટકાતા વધી ચિંતા

અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં અચાનક જ તાવના વાવર આવ્યાં છે અને ત્રણ અધિકારી સહિત અડધો ડઝન પોલીસકર્મી માંદગીમાં પટકાયાં છે. અઠવાડિયા પહેલાં તા. પના રોજ શાહપુરમાં પોલીસ પર હુમલાની ઘટના બની તેવા સમયે ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીઅને ઝબ્બે કરવા ઝડપી કામગીરી કરી તે પછી માંદગીથી ચિંતાની લાગણી પ્રસરી છે. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ય વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચના એક પી.આઈ. અને એક પોલીસકર્મીને કોરોના પોઝિટિવ જણાયો છે. બે પીએસઆઈ અને બે પોલીસકર્મીએ સતત તાવ આવતો હોવાની ફરિયાદ કરી છે.

અગાઉ એક પીએસઆઈને કોરોના પોઝિટિવ આવ્યાં પછી છેલ્લા ત્રણ જ દિવસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના અડધો ડઝન કર્મચારીએ તાવની ફરિયાદ કરતાં ચિંતા પ્રસરી છે. ક્રાઈમ બ્રાન્ચમાં તાવના વાવર વચ્ચે જરૂર જણાય તો જ 'કોરોના ટેસ્ટ' કરાવવાની નીતિ અખત્યાર કરવામાં આવી છે. જો કે, અંદરખાને આ મામલે કચવાટની લાગણી પ્રવર્તે છે. અમદાવાદ શહેર પોલીસમાં અત્યાર સુધીમાં ૨૪૦ પોલીસ કર્મચારીને કોરોનાની સારવાર આપવામાં આવી છે અથવા તો સારવાર ચાલુ છે. ૨૪૦માંથી ૧૩૨ સાજા થઈ જતાં રજા અપાઈ છે અને ૧૦૮ હજુ સારવાર હેઠળ છે. હોમ કોરેન્ટાઈન હોય તેવા પોલીસ કર્મચારીની સંખ્યા હજુ પણ ૨૦૦થી વધુ છે. આવા તબક્કે ક્રાઈમ બ્રાન્ચમાં છ અધિકારી અને કર્મચારીમાં સતત તાવના લક્ષણ જોવા મળતાં ચિંતા ઘેરી બની રહી છે. શહેરમાં કાયદો-વ્યવસ્થાની ચિંતાજનક સ્થિતિ સર્જાય ત્યારે ધસી જતી ક્રાઈમ બ્રાન્ચ સ્વાભાવિક રીતે જ સોશિયલ ડિસ્ટન્સ રાખી શકતી નથી. આ સંજોગોમાં ક્રાઈમ બ્રાન્ચમાં તાવ સાથે ચિંતાનું પ્રમાણ ઘટે તે માટે આવશ્યક પગલાં ભરવામાં આવે તેવી લાગણી પ્રબળ બની રહી છે.

ભારત સરકારે વંદે ભારત મિશન દ્વારા લોકો પરત લાવવાના હેતુથી

કુવૈત અને લંડન લોકડાઉનમાં ફસાયેલા ભારતીયોને પરત અમદાવાદ લવાયા

અમદાવાદ

ભારત સરકારે વંદે ભારત મિશન દ્વારા લોકો પરત લાવવાના હેતુથી શરૂ કરેલ અભિયાનમાં અનેક લોકોને ભારત લાવવામાં આવી રહ્યા છે, ત્યારે બુધવારે દુબઈના કુવૈતથી ૧૭૭ જેટલા મુસાફરોને લઈને ફલાઈટ અમદાવાદ પહોંચી છે અને લંડનથી પણ એક ફલાઈટ અમદાવાદ એરપોર્ટ પહોંચી છે. જેમાં અનેક મુસાફરોને અમદાવાદ લાવવામાં આવ્યા છે. હજુ વિદેશમાં ફસાયેલા લોકોને પાછા લાવવાની કાર્યવાહી ચાલું છે.અમદાવાદઃ કુવૈત અને લંડનથી ૨ ફલાઈટ મુસાફરો સાથે અમદાવાદ પહોંચીઅમદાવાદ ઈન્ટરનેશન એરપોર્ટ પર બહારથી આવેલ તમામ લોકોમાં તથા તેમના સામાનને સેનિટાઈઝ કરવામાં આવી રહ્યો છે અને મુસાફરોનું મેડિકલ ચેકઅપ પણ કરવામાં આવી રહ્યું છે.

શ્રમિકોને એસ.ટી.થી વતન મોકલવા માટે ધારાસભ્ય નૌશાદ સોલંકીની હાઈકોર્ટમાં અરજી

અમદાવાદ

કોરોનાના કહેરને પગલે હાલ લોક ડાઉન ૩.૦ ચાલી રહ્યું છે. જો કે આ લોકડાઉનમાં પરપ્રાંતિય શ્રમિકોની હાલત સૌથી વધુ કફોડી બની છે. તેમજ હાલ ટ્રેનો દ્વારા શ્રમિકોને તેમના વતન રાજયમાં પહોંચાડવામાં આવી રહ્યાં છે. હાલ ભૂખ્યા-તરસ્યાં રઝળી રહેલા શ્રમિકોની સ્થિતિ મામલે દસાડાના ધારાસભ્ય નૌશાદ સોલંકીએ હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરી છે.

આ અરજી તેમણે કહ્યું છે કે હાલ ખાનગી ટ્રાવેલ્સ સંચાલકો શ્રમિકો પાસેથી અનેક ગણું ભાડું વસૂલીને શોષણ કરી રહ્યાં હોવાથી ગુજરાત એસ.ટી.ની સાવ ફાજલ પડેલી બસો દ્વારા શ્રમિકોને તેમના વતનમાં પહોંચાડવામાં આવે. હાલ રાજયમાં ૩૫ લાખથી ૪૫ લાખ જેટલા પરપ્રાંતિય શ્રમિકો છે, આટલી મોટી સંખ્યામાં પરપ્રાંતિયોને ટ્રેન દ્વારા વતન પહોંચાડવા શક્ય નથી. જેથી બસો દોડાવવાની પણ જરૂર છે.

કપાસનો સારો ભાવ અને ઝડપી ખરીદી માટે ટેક્સટાઈલ મંત્રાલયને કરાઈ રજૂઆત

દેશમાં પરપ્રાંતિયોને મોકલવામાં ગુજરાતનો ૪૦ ટકા ફાળોઃ અશ્વિની કુમાર

દેશભરમાંથી ગયેલા ૯.૮૫ લાખ પરપ્રાંતિયો વતન ગયા તેમાંથી ગુજરાતે ૩.૯૫ લાખને પરત મોકલ્યા

ગાંધીનગર

સીએમઓના સચિવ અશ્વિની કુમારે ગુજરાત સરકારના આજના અપડેટ્સ અંગે જણાવ્યું કે, કપાસનો સારો ભાવ મળી રહે એ માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રાલયને રજૂઆત કરી છે અને ઝડપથી કપાસની ખરીદી થાય એ માટે રજૂઆત કરાઈ છે. કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રી સમક્ષ મુખ્યમંત્રીએ રજૂઆત કરી છે. ગુજરાત એસએસસીનું હબ છે, રાજયના મોટાભાગના જિલ્લાઓમાં એમ. એસ. એમ. ઈ કાર્યરત છે.

કરોડો લોકોને લોકોને રોજગારી પણ મળે છે. કેન્દ્રીય નાણામંત્રી દ્વારા જે પેકેજ આપવામાં આવ્યું છે તેને ગુજરાતે આવકાર્યું છે. અને અપેક્ષા વ્યક્ત કરી છે આવનારા દિવસોમાં ગુજરાતનું એમ.એસ.એમ.ઈ સેક્ટર વધુ મજબૂત થશે. ગુજરાતના એમ.એસ.એમ.ઈ દ્વારા થયેલા ઉત્પાદન વેચાણ અને વપરાશ માત્ર ગુજરાત પૂરતો સીમિત નથી, દેશના અલગ-અલગ રાજ્યોમાં જાય છે. ઘણા એમ.એસ.એમ.ઈ થી વિદેશમાં નિકાસ પણ કરવામાં આવે છે. ત્યારે એમ.એસ.એમ.ઈ પેકેજનો મહત્તમ લાભ ગુજરાત લેશે.

પરપ્રાંતિયો માટે દોડાવાયેલી ટ્રેન વિશે માહિતી આપતા તેઓએ જણાવ્યું કે, ગુજરાતમાંથી ગઈકાલ સુધીમાં ૩૦૨ ટ્રેન અન્ય રાજ્યોમાં ગઈ છે. ૩ લાખ ૯૫ હજાર મજૂરોને ગુજરાતમાંથી તેમના વતન મોકલી આપ્યા છે. સૌથી વધુ ટ્રેન ૨૦૪ યુપી જવા માટે રવાના કરવામાં આવી છે. ૩૪ ટ્રેન બિહાર જવા રવાના થઈ છે. આજે બીજી ૪૭ ટ્રેન રવાના થશે. જેમાંથી ૩૭ યુપી જશે.

પરપ્રાંતિયોના આંકડા વિશે તેઓએ કહ્યું કે, આજ રાત મધરાત સુધીમાં કુલ ગુજરાતમાંથી ૪ લાખ ૭૦ હજાર જેટલા મજૂરો તેમના વતનમાં જવા રવાના થઈ ગયા હશે. સમગ્ર દેશમાં જે ટ્રેનો ચલાવવામાં આવી છે તેમાં સૌથી વધુ ટ્રેનો ગુજરાતમાંથી દોડાવાઈ છે. સમગ્ર દેશમાંથી એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જવાવાળી સંખ્યા ૯ લાખ ૮૫ હજાર લોકોની થાય છે, જેમાંથી ગુજરાતમાંથી જ ૩ લાખ ૯૫ હજાર લોકો ગયા છે. પરપ્રાંતિયોને મોકલવામાં ગુજરાતનો ૪૦ ટકા ફાળો છે.

કોરોનાની સારવાર દરમિયાન બે દર્દીના મોતઃ ડેથ ઓડીટ કમિટીનો ઓડીટ રિપોર્ટ હજી બાકી

વડોદરા

વડોદરામાં કોરોનગ્રસ્ત દર્દીઓમાં ગઈકાલે રાત્રે બે દર્દીઓના મૃત્યુ થતા તેઓને સરકારની કોરોના અંગેની ગાઈડ લાઈન મુજબ કારેલીબાગ વિસ્તારમાં આવેલા માતરીયા કબ્રસ્તાન ખાતે દફનાવવામાં આવ્યા હતા. તેઓના પરિવારજનોને મૃત્યુ થયા હોવાની વહિવટી તંત્ર તરફથી જાહેરાત પણ કરવામાં આવી હતી. પરંતુ ડેથ ઓડીટ કમિટી તરફથી મૃત્યુ થયા હોવાના કેસમાં ઓડીટ થતુ હોવાથી હજી તેનો રિપોર્ટ ન આવે ત્યાં સુધી તેમના મૃત્યુ કોરોના કારણે થયા હોવાની જાહેરાત કરવામાં આવતી નથી.



સૂત્રોના જણાવ્યા અનુસાર વાડી જહાંગીરપુરા વિસ્તારમાં રહેતા મહેમદાવાદવાળા ૫૬ વર્ષની વ્યક્તિને છેલ્લા આઠ થી દસ દિવસથી બિમાર હતી. તેમની સારવાર ચાલતી હતી. તેઓની વધુ તબિયત લથડતા સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી તેઓને ગોત્રી હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા. આ અરસામાં તેમના સેમ્પલ લેવાયા હતા. જેમાં તેમને કોરોના પોઝિટિવનો રિપોર્ટ આવ્યો હતો. તેમનું ગઈકાલે મૃત્યુ થયુ હતુ. તેમને કારેલીબાગ વિસ્તારમાં માતરીયા કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યા હતા.

આ ઉપરાંત બાવામાનપુરા વિસ્તારમાં કાકડાચાલ નજીક રહેતા એક ૬૫ વર્ષની વ્યક્તિ કે જે મેમણ શોપ ફેક્ટરીમાં નોકરી કરતી હતી. તેઓ ડાયાબીટીસ તથા બ્લડપ્રેશરની બિમારીથી પણ પિડાતા હતા. તેઓની તબીયત બગડી હતી. તેમનને આજવા રોડ પર એક મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવામાં આવ્યા હતા. ત્યાંથી તેમને સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી તેમને ગોત્રી ખસેડવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા દરમિયાન તેમનો કોવિડ ૧૯ અંગે રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ગઈકાલે સાંજે તેમનું મૃત્યુ થયુ હતુ. રાત્રે તેમને પણ દફનાવવામાં આવ્યા હતા.

કોરોનાકાળમાં હજાર ન રહેનારા જીલ્લા પંચાયત કમીઓનો કપાશે પગાર

રાજ્યમાં લોકોને મુશ્કેલીમાં મૂકી દીધા છે, હોસ્પિટલમાં પણ કર્મચારીઓ ભયના માર્યા ફરજ બજાવતા હોય છે. તેવા સમયે સરકાર દ્વારા રાજ્યનું વહીવટી તંત્ર ચાલુ રહે તે માટે ૩૩ ટકા હાજરી સાથે કર્મચારીઓને હાજર રહેવાનો આદેશ કર્યો હતો. ડીડીઓ દ્વારા જિલ્લાના તમામ ટીડીઓ અને આરોગ્ય વિભાગના અધિકારીઓને ફરજ પર હાજર રહેવાનો આદેશ કર્યો છે. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આદેશ કરવામાં આવ્યો છે કે, જે કર્મચારીઓને ફરજ ઉપર હાજર રહેવા આદેશ કરવામાં આવ્યો હતો, પરંતુ તે હાજર રહ્યા નથી, તેમનું લિસ્ટ બનાવીને તેમનો પગાર કાપવામાં આવે.

લોકડાઉનમાં પોલીસની કડકાઈથી પેથાપુરની તમામ ગલીઓ અને શેરીઓ બની સુમસામ

ગાંધીનગર

ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કારોનાનું વધતુ સંક્રમણ અટકાવવા માટે જિલ્લા તંત્રને કેટલાક ગામ અને નગર સહિતના વિસ્તારોમાં સંપૂર્ણ લોકડાઉન કરવાની ફરજ પડી છે. તેમાં ગાંધીનગર નજીક આવેલા પેથાપુર નગરનો પણ લોકડાઉનમાં સમાવેશ થાય છે. તેના પગલે પેથાપુરની તમામ ગલીઓ અને શેરીઓ સુમસામ ભાસી રહી છે. ચેપી રોગની ગંભીરતા પારખી ગયેલો લોકો હવે ચતી ગયા હોય તેમ ઘરની બહાર નીકળતા સો વાર વિચાર કરે છે.

અગાઉના દિવસો દરમિયાન સેંકડો લોકો ઘરની બહાર નીકળીને રસ્તા ઉપર આવી જતા દશ્યો જોવા મળતા હતાં. તે પછી પોલીસની કડક કામગારી અને કોરોના વાયરસના સંક્રમણની ગંભીરતાની સમજણ આપવામાં આવી હતી. તે ઉપરાંત તંત્ર દ્વારા સંપૂર્ણ લોકડાઉનનો અમલ શરૂ કરવામા આવતાં પેથાપુરની શેરીઓ પણ સુમસામ બની ગઈ છે. કોઈ અગત્યના કામ વગર બહાર નીકળતા અને રસ્તા ઉપર રઝળતા લોકોને અટકાવી પોલીસ દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવતા લોકોમાં કાયદાની કડકાઈનો ફફડાટ પેસી ગયો છે.

જૂનાગઢમાં ખાવા માટે પરોઠા હાઉસના તાળા તૂટ્યાં, કોઈ વસ્તુની ચોરી નહીં

જૂનાગઢ

પેટ કરાવે વેઠ ખૂબ જ પ્રચલિત કહેવત છે. હાલ કોરોનાનું સંક્રમણ રોકવા માટે દેશભરમાં લૉકડાઉન ચાલી રહ્યું છે. લૉકડાઉન દરમિયાન ખાસ કરીને મજૂર વર્ગની હાલત ખૂબ ખરાબ છે. આ સમયે જૂનાગઢ શહેરમાં એક એવો બનાવ બન્યો છે જેણે ખૂબ ચર્ચા જગાવી છે. અહીં એક પરોઠા હાઉસના તાળા તૂટ્યા છે. નવાઈની વાત એ છે કે અહીં કોઈ ચોરી નથી થઈ. તાળું તોડનાર ભૂખ્યા લોકો પેટની ભૂખ ઠારીને જતા રહ્યા હતા!

ચોક્કસ આ બનાવે ખૂબ જ ચર્ચા જગાવી છે. તંત્ર માટે પણ આ બનાવ વિચારવા જેવો છે. મળતી માહિતી પ્રમાણે જૂનાગઢના ગાંધી ચોક નજીક એક પરોઠા હાઉસના તાળા તૂટ્યા છે. આ તાળા ચોરી કરવા માટે નહીં પરંતુ પેટની ભૂખ ઠારવા માટે તોડવામાં આવ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે આ દુકાનમાંથી એક પણ વસ્તુ કે પૈસાની ચોરી નથી થઈ. તમામ વસ્તુઓ જેમની તેમ મળી આવી છે. તાળું તોડનાર વ્યક્તિઓએ દુકાનના તાળા તોડ્યા હતા. જે બાદમાં અંદર રહેલી વસ્તુઓથી પોતાના પેટની ભૂખ ઠારી હતી અને જતા રહ્યા હતા. આ આ સમગ્ર બનાવ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે.

પરોઠા હાઉસના તાળા તૂટતા અને કોઈ પણ વસ્તુની ચોરી ન થતાં "પેટ કરાવે વેઠ' કહેવાત સાર્થક થઈ છે. લૉકડાઉનમાં આ કહેવત ખરેખર સાચી પડી છે. ગુજરાતમાં લાખોની સંખ્યામાં પરપ્રાંતીય મજૂરો રહે છે. છેલ્લા દોઢ મહિના કરતા વધારે સમયથી કામ અને ધંધો બંધ થઈ જતા આ લોકો પરેશાન છે. એટલું જ નહીં, ગુજરાતમાં પણ દરરોજ કમાણી કરીને પેટ ભરતા લોકો પરેશાન છે. આ લોકોની પરેશાની ઓછી કરવા માટે ચોક્કસ તંત્ર કાર્યકર છે પરંતુ આમ છતાં અનેક લોકોને દિવસમાં એક ટંક જ ખાવાનું નસિબ થઈ રહ્યુ છે. ભૂખ્યા લોકો જમીને જતા રહ્યા હતા.

લોકડાઉનમાં બનાસ ડેરી પશુપાલકો કરી રહ્યા છે દૈનિક ૫૯ લાખ લીટર દૂધનું ઉત્પાદન

બનાસકાંઠા

કોરોના વાઈરસના લીધે સમગ્ર વિશ્વ અત્યારે સંકટમાં છે. કોરોના સંક્રમણને અટકાવવા તથા પોઝિટિવ રિપોર્ટ ધરાવતા દર્દીઓની સારવાર માટે સરકાર દ્વારા સમગ્ર દેશમાં યુદ્ધના ધોરણે દિવસ-રાત વ્યાપક પ્રયાસો ચાલી રહ્યા છે. સરકારના આ વિરાટ પ્રયાસોને સફળતા પણ મળી રહી છે. કોરોના સંદર્ભે સમગ્ર દેશમાં અત્યારે લોકડાઉન ચાલી રહ્યું છે. લોકડાઉન દરમિયાન તેની ચુસ્ત રીતે અમલવારી થાય તથા લોકોને પણ કોઈ તકલીફ ન પડે તે માટે સરકાર દ્વારા ઝીણવટભર્યું આયોજન અને વ્યવસ્થા ઉપલબ્ધ બનાવવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોએ મબલખ દૂધ ઉત્પાદન કરીને ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયા ખંડમાં જિલ્લાનું નામ રોશન કર્યું છે. લોકડાઉનના સમયમાં પણ જિલ્લાના પશુપાલકો કોઈ મુશ્કેલી વગર ડેરીમાં દૂધ ભરાવી શકે તે માટે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીની સુચના અને માર્ગદર્શન અનુસાર ગ્રામીણ વિસ્તારોમાં આવેલ દૂધ સહકારી મંડળીઓ એટલે કે દૂધની ડેરીઓ સુધી ખાસ સુવિધા કરવામાં આવી છે.

દૂધ ભરાવવા આવતા પશુપાલકો ડિસ્ટન્સ જાળવીને, મોંઢે માસ્ક બાંધીને, હાથને સેનેટાઈઝ કરીને દૂધ ભરાવે છે. બનાસ ડેરી દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ દૂધ મંડળીઓને તથા ગામોમાં દવા છંટકાવ કરીને સેનેટાઈઝ કરવામાં આવે છે. અત્યારે લોકડાઉનના સમયમાં બનાસ ડેરીના ૩,૬૬,૪૨૭ સભાસદો દૈનિક ૫૯ લાખ લીટર દૂધ બનાસ ડેરીમાં ભરાવે છે. જેના બદલામાં બનાસ ડેરી દ્વારા મહિને રૂપિયા ૭૨૬ કરોડ પશુપાલકોને દૂધના ચુકવવામાં આવે છે. બનાસ ડેરી દ્વારા દેશભરમાં અને વિદેશો સુધી દૂધ અને દૂધની વિવિધ બનાવટોનું વેચાણ કરવામાં આવે છે.

વકીલનું ફેસબૂક એકાઉન્ટ 'હેક' કરીને પૈસા માટે સંબંધીને કરાયા મેસેજ, શોધખોળ શરૂ

અમદાવાદ

સૈજપુર બોઘાના કૃષ્ણનગર હાઉસિંગ બોર્ડમાં રહેતા ભાવેશભાઈ પ્રવીણભાઈ બારોટ ઘી કાંટા મેટ્રો કોર્ટમાં વકીલાત કરે છે. ભાવેશભાઈ ફેસબૂક એકાઉન્ટ ધરાવે છે. ભાવેશ બારોટનું ફેસબૂક એકાઉન્ટ તા. ૨૪ એપ્રિલના રાતે ૧૦-૨૯ વાગ્યે કોઈ અજાણ્યા શખ્સે હેક કર્યું હતું. વકીલ મિત્ર પ્રદિપ રાજપૂતે ફોન કરીને જાણ કરતાં પોતાનું ફેસબૂક એકાઉન્ટ હેક થયાની જાણ એડવોકેટ ભાવેશ બારોટને થઈ હતી. ભાવેશભાઈએ પોતાનું ફેસબૂક એકાઉન્ટ લોગ-ઈન કરવા પ્રયાસ કર્યો હતો. પણ, પાસવર્ડ બદલી નંખાયો હોવાથી તેમનું ફેસબૂક એકાઉન્ટ ખૂલતું નહોતું.બાદમાં ભાવેશ બારોટને ખબર પડી હતી કે, તેમનું ફેસબૂક એકાઉન્ટ હેક કરનાર શખ્સે ભાવેશભાઈના મિત્રો અન સંગાસંબંધીઓ પાસે રૂપિયાની માગણી કરી હતી. ફેસબૂક મેસેન્જરથી મેસેજ કરીને ભાવેશભાઈના મિત્રો, સગાસંબંધીને ફોન-પે એપ્લિકેશનથી પૈસા જમા કરાવવા માટે કહેવામાં આવ્યું હતું.

ફેસબૂક એકાઉન્ટ હેક કરીને પૈસા માગતાં શખ્સે ફોન-પે એકાઉન્ટ નંબર આપવા ઉપરાંત વાતચીત કરવા માટે એક મોબાઈલ નંબર પણ આપ્યો હતો. ભાવેશ બારોટે આ અંગે તા. ૨૫ એપ્રિલે સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ઓનલાઈન અરજી કરી હતી. તા. ૨૮ના રોજ ફરી પ્રયાસ કરતાં ભાવેશ બારોટ પોતાના ફેસબૂક એકાઉન્ટમાં લોગ-ઈન થઈ શક્યાં હતાં. એકાઉન્ટમાં લોગ-ઈન થતાં ભાવેશભાઈએ તરત પાસવર્ડ બદલી નાંખ્યો હતો અને હાલમાં તેનો ઉપયોગ કરે છે.આમ, તા. ૨૪થી ૨૮ એપ્રિલ દરમિયાન વકીલ ભાવેશ બારોટનું ફેસબૂક એકાઉન્ટ હેક કરીને તેમના મિત્રો, સગાસંબંધી પાસેથી રૂપિયાની માગણી કરવામાં આવી હતી. સાયબર ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. એસ.આર. મુછાળે ફેસબૂક આઈડી હેક કરી પૈસા માગનાર અજાણ્યા ભેજાંબાજ શખ્સની શોધખોળ શરૂ કરી છે.

ઊના પંથકમાં સાવજની પજવણીનો વીડિયો વાયરલ, ઉઠી કાર્યવાહીની માંગ

ઊના

ગુજરાતની ઓળખ ગીરનાં સાવજો છે. ત્યારે આ જંગલનાં રાજાનો સોશિયલ મીડિયામાં સતામણી પજવણીનો વીડિયો વારંવાર સામે આવતા હોય છે. ત્યારે ઊના પંથકમાં ફરીવાર સિંહ દર્શનનો ચોકાવનારો વીડિયો સામે આવ્યો છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં સિંહદર્શન માટે ડુક્કરનો મારણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો.

આ વીડિયો ઊનાના અમોદ્રા ગામના ખારા વિસ્તારનો હોવાનું માનવામાં આવી રહ્યુ છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, ડુક્કરને દોરીથી બાંધવામાં આવ્યુ છે. સિંહ દર્શન માટે આ ડુક્કરને રાખવામાં આવ્યુ છે. સિંહણ ડુક્કરને જોતાની સાથે તેને ઉપાડીને જતી રહે છે. ત્યારે આ પ્રકારના વિકૃત આનંદ લેતા લોકો વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવાની માગ ઉઠી રહી છે. આ પહેલા પણ મરઘીકાંડની ઘટના સામે આવી હતી. જે બાદ હવે ડુક્કરકાંડની ઘટના સામે આવી છે. ઊના પંથકમાં સિંહદર્શન માટે નિર્દોષ પશુઓને શિકાર માટે મુકવામાં આવે છે. ત્યારે આવા પિશાચી કૃત્ય કરનારા વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી રહ્યા છે.

બનાસકાંઠાની વિદ્યાર્થિનીની આર્મેનિયામાં અત્યંત ગંભીર સ્થિતિ,માતા પિતાએ કરી મદદ માંગ

બનાસકાંઠા

બનાસકાંઠાની વિદ્યાર્થિની યુરોપના દેશ લોકડાઉનનાં કારણે આર્મેનિયામાં ફસાઈ છે. વિદ્યાર્થીની તબીબી હાલત અત્યંત ગંભીર છે. ભૂમિ ચૌધરીને છેલ્લા ૧૯ દિવસથી આઈસીયુમાં સારવાર આપવામાં આવી રહી છે. બીમારીના કારણે ભૂમિને મગજ, ફેફસા તેમજ કિડની પર અસર થઈ છે. પોતાની પુત્રીને ભારત લાવવા માતા પિતા પ્રયાસ કરી રહ્યા છે.

પરંતુ કોરોનાના કારણે કોઈ પણ એરલાઈન્સ કે પાઈલોટ ભારત આવવા તૈયાર નથી. પુત્રીને ભારત લાવવા માટે માતા-પિતાએ કેન્દ્ર તેમજ ગુજરાત સરકાર પાસે સોશિયલ મિડીયા દ્વારા મદદ માગી છે. તો યુરોપના ડોકટર્સ ભૂમિને એર એમ્બ્યુલન્સથી ભારત લઈ જવા જણાવી રહ્યા છે. હાલ યુવતી જીવન મરણ વચ્ચે જીવી રહી છે.ત્યારે યુવતીનાં માતા પિતા એર એમ્બયુલન્સથી ભારત લાવવા સરકાર પાસે મદદ માંગી છે.

બનાસકાંઠાના ડીસામાં વસવાટ કરતી ભૂમી ચૌધરી મેડિકલનાં અભ્યાસ અર્થે યુરોપીયન દેશ અરમેનિયા ગઈ હતી. ત્યારે તેને અચાનાક તેની તબિયત બગડતા સારવાર અર્થે ત્યાંની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, સારવાર દરમ્યાન ડોક્ટરોને જાણ થઈ કે આ યુવતીને એનસેફાલોમનજાઈટીસ નામનો જીવલેણ રોગ થયો છે, જેથી યુવતીનાં શરીરના અંગો ધીમે ધીમે કાર્યરત કરતા બંધ થવાથી તેની મેડિકલ પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. ત્યાનાં તબિબોએ જણાવ્યું કે યુવતી ત્રણ દિવસથી વધુ જીવી શકે તેવી સ્થિતિ નથી.

અમદાવાદ જિલ્લા કલેકટરની વતન જતા શ્રમિકોને ખાસ અપીલ જાણ કરાયા બાદ જ શ્રમિકો વતન જવા ઘરની બહાર નીકળે

અમદાવાદ

અમદાવાદ જિલ્લા કલેકટરે વતન જતા શ્રમિકોને ખાસ અપીલ કરી છે. તેમણે જણાવ્યુ કે, મામલતદાર કચેરીએથી જાણ કરાયા બાદ જ શ્રમિકો વતન જવા ઘરની બહાર નીકળે. અમદાવાદ જિલ્લામાં વસતા અને વતન જવા માગતાં તમામ શ્રમિકો ધીરજ રાખે. રાજ્ય સરકારની સૂચના અનુસાર જિલ્લા પ્રશાસન શ્રમીકોને તેઓના વતન પહોંચાડવા કાર્યરત છે.

તેમણે વધુમાં જણાવ્યુ કે, શ્રમિકો દ્વારા નોંધણી કરાવ્યા બાદ તેઓની યાદી બનાવી સંલગ્ન રાજ્ય પાસેથી પરવાનગી મેળવવામાં આવે છે. ત્યારબાદ ટ્રેન નક્કી કરવામાં આવેછે. અને ત્યાર પછી શ્રમિકોનો સંપર્ક કરવામાં આવે છે. જે તે વિસ્તારની મામલતદાર કચેરીએથી શ્રમીકોને જણાવવામાં આવે ત્યારબાદ જ તેઓ ઘર છોડી જણાવવામાં આવેલી જગ્યાએ પહોંચે. શ્રમિકોના હેલ્થ ચેકઅપ બાદ તેઓને બસ મારફત સમયસર રેલવે સ્ટેશન પહોંચાડવામાં આવશે.

બારેજામાં ૪ કેસ નોંધાતા અમદાવાદમાં કોરોનાના કેસોનો આંકડો ૧૨૬ પર પહોચ્યો

અમદાવાદ

કોરોના વાઈરસના અમદાવાદ જિલ્લામાં વધુ ચાર કેસ નોંધાયા છે. બારેજા ગામમાં આવેલા બહુચરમાંના ટેકરા વિસ્તારમાં ચાર લોકોનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. જિલ્લામાં કુલ કેસનો આંકડો ૧૨૬ પર પહોંચ્યો છે. આ પહેલા ૧૩મીએ સાણંદના ગોધાવી ગામ, ધોળકા, વિરમગામ અને ધંધુકાના પાછમ ગામે પોઝિટિવ કેસ નોંધાયો હતા. જેમાં વિરમગામના વૃદ્ધનું ૧૨મી મેએ સુરેન્દ્રનગરની ગાંધી હોસ્પિટલમાં મોત થયું છે. જિલ્લામાં અત્યાર સુધી ૪ના મોત થયા છે. દસક્રોઈ અને ધોળકા તાલુકામાં સૌથી વધુ કેસો નોંધાયા છે.

અત્યાર સુધી ૨૬૧૪ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરાયા છે. તેમજ ૧૪ દિવસનો ક્વોરન્ટીન પિરિયડ પૂર્ણ કરનારની સંખ્યા ૧૬૧૦ છે. અત્યારે ૧૦૦૪ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીન છે. કોરોના પોઝિટિવ દર્દીઓના સંપર્કમાં આવનારમાં ફેમિલી કોન્ટેક્ટ ૪૨૨, કોમ્યુનિટી કોન્ટેક્ટ ૪૧૮ અને હેલ્થ કેર કોન્ટેક્ટ ૭૬ મળી કુલ ૯૩૬ છે.

છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૮ ચેકપોસ્ટ પર ૩૩૪૯ લોકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. જેમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ જણાઈ ન હતી. અત્યાર સુધી ૧,૫૪,૫૦૪નું સ્ક્રિનિંગ કરાયું હતું અને જેમાં ૨૭ શંકાસ્પદ વ્યક્તિ મળી આવતા તેમને રીફર કરાઈ ચૂકી છે.

અમદાવાદ લોકડાઉનને કારણે એએમટીએસને દરરોજનું ૫૦ લાખનું નુકસાન

અમદાવાદ

રાજ્યમાં લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરવામાં આવી રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેરમાં લોકડાઉન કારણે એએમટીએસનાં પૈડા થંભી ગયા છે. આ કારણે એએમટીએસને દરરોજનું ૫૦ લાખું નુકશાન થઈ રહ્યું છે. જેથી હવે તંત્ર દ્વારા સૂચના આપવામાં આવશે ત્યારે અગામી દિવસોમાં ફરીથી બસો દોડાવામાં આવશે.પરંતુ મુસાફરો વચ્ચે ડિસ્ટન્સ રહે તે રીતની બેઠક ગોઠવવામાં આવશે.ત્યારબાદ બસોને ફરીથી દોડાવામાં આવશે.

કોરોનાની ઝડપ સામે સરકારી મંથર ગતિ ચાલે તેમ નથી

મોડે મોડે પણ ગુજરાત સરકારે શ્રમિકોને વતન પહોંચવા મદદ કરતી કમિટી બનાવી

ગાંધીનગર

કાયમ સરકાર આગ લાગે ત્યારે કુવો ખોદવા બેસે અથવા તો જ્યારે વેળા જતી રહે પછી કાર્યવાહી કરે એટલે જ લોકો સરકારી કામકાજનો મતલબ જ ધીમીગતિના કામકાજ સાથે સરખાવે છે. ત્યારે ગુજરાતમાં કોરોનાની ગતિ જે સ્પીડથી વધી રહી છે ત્યાં સરકારી મંથર ગતિ ચાલે તેમ નથી. કેન્દ્રના આદેશ બાદ આજે ગુજરાત સરકાર જાગી છે અને શ્રમિકોને વતન મોકલવા સમિતિ બનાવી છે.

૫૦ દિવસથી લોકડાઉનમાં ફસાયેલા શ્રમિકોને ન પગાર મળ્યો છે ન રોજગાર ન ખાવા પીવા ત્યારે સામાન્ય વાત છે કે કમાણી માટે ગુજરાત આવેલા પરપ્રાંતિયોને પોતાનું વતન સાંભરે અને આવી વૈશ્વિક મહામારીનું સંકટ તોળાતુ હોય ત્યારે સૌ કોઈ પોતાના વતન પહોંચવા પ્રયાસ કરે ત્યારે એક છેલ્લા કેટલાય દિવસોથી ગુજરાતમાં શ્રમિકોને કારણે દોડધામ મચી ગઈ છે. આખરે આજે મોડે મોડે જાગેલી સરકારે આ માટે કેન્દ્રના આદેશ બાદ કમિટીની રચના કરી છે.

સરકાર દ્વારા શ્રમિકોને ઘરે મોકલવા માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ત્યારે રાજ્યમાંથી શ્રમિકોને વતન મોકલવા માટે ભાજપ દ્વારા કમિટી બનાવવામાં આવી છે.. પ્રદેશના ૬ નેતાઓનું ગઠન કમિટી બનાવાઈ છે. કમિટીમાં બે સાંસદની પણ નિમણૂંક કરાઈ છે. જેમાં ભાર્ગવ ભટ્ટ, શબ્દશરણ બ્રહ્મભટ્ટ, સી.આર.પાટીલ, કે.સી.પટેલ, સુનિલ સિંઘી, જશવંતસિંહ ભાભોરનો પણ સમાવેશ કરાયો છે.

કમિટીના મેમ્બરનુ નામ અને પદ, ભાર્ગવ ભટ્ટ-પ્રદેશ ઉપાધ્યક્ષ, શબ્દશરણ ભરહમભટ્ટ-પ્રદેશ મહાસચિવ, કે.સી પટેલ પ્રદેશ-ઉપાધ્યક્ષ, સુનિલ સિંઘી પ્રદેશ-સંયોજક, સી.આર પાટીલ-સાંસદ, જશવંતસિંહ ભાભોર-સાંસદ.

કોરોનામાં લોકોની મદદ માટે કોંગ્રેસે લોન્ચ કરી "ઈ જનમિત્ર મોબાઈલ" એપ

ગાંધીનગર

કોરોના માટે લોકોની મદદ કરવા માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા એક મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. આ અંગે માહિતી આપતા કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે, કોંગ્રેસે ઈ જનમિત્ર મોબાઈલ એપ્લિકેશન બનાવી છે. આ એપ્લિકેશન કોવિડ હેલ્પલાઈન તરીકે કાર્ય કરશે. આ વર્ચ્યુઅલ ચેટબોટ ગ્રાહક સાથે સીધી વાત કરશે. જેમા નાગરિકોની કોવિડ ૧૯ અંગેની સમસ્યાઓનું સમાધાન કરશે. તેમણે જણાવ્યું કે, કોરોના મહામારીને કારણે દેશ અને દુનિયા સ્થિતિ ગંભીર છે. ગુજરાતની સ્થિતિ કોરોના કારણે અન્ય રાજ્યો કરતાં વધારે ખરાબ છે. કોંગ્રેસે કોરોના માટે સરકારે લીધેલા પગલામાં ખભેખભા મિળાવી સહયોગ આપ્યો છે. કોંગ્રેસના નેતાઓએ કોરોનામાં બલિદાન પણ આપ્યા છે. સરકારમાં સંકલનનો અભાવ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસે રચનાત્મક વિપક્ષ તરીકે કોરોના સામે લડવા માટે ઓનલાઈન પ્લેટફોર્મ બનાવ્યું છે. કોંગ્રેસે કોવિડ-૧૯ હેલ્પલાઈનની શરૂઆત કરી છે.

આ વેબ એપ્લિકેશનના પ્લેટફોર્મ પર લોકો કોરોનાને તમામ પ્રકારની સુવિધા માટે નાંધણી કરવામાં આવશે. ગુજરાતી અને હિન્દી ભાષામાં આ વેબ અપ્લિકેશન ઉપલબ્ધ થશે. કોવિડ-૧૯ હેલ્પ લાઈનને અમિત ચાવડાએ ખુલ્લી જાહેર કરી છે. સરકારે ૪૫ દિવસના લોકડાઉન બાદ જાહેર કર્યું કે આ લાંબી લડાઈ છે અને કોરોના સાથે જીવતા શીખવું પડશે. આ ડીજીટલ પ્લેટફોર્મ પર લોકો પોતાની મુશ્કેલીઓની નોધણી કરાવી શકશે. ખેતી-ધંધા, રોજગાર, હોસ્પિટલ દવા જેવી તકલીફોની નોંધ કરાવી શકશે. બીજા રાજ્ય કે જિલ્લામાં જવું હોય તેની નોધણી કરાવી શકશે. કોંગ્રેસ પાસે જે ડેટા આવશે, એ જિલ્લા અને તાલુકા પ્રમાણને બાયફરગેટ કરવામાં આવશે. જિલ્લા અને તાલુકા સ્તરના પ્રશ્ને તે સ્તરે સોલ્વ કરાશે અને રાજય કક્ષાના પ્રશ્નોની સરકારને રજુઆત કરી તેનો ઉકેલ લાવી આપવામાં આવશે. જરૂરિયાતમંદને ભાડુ, રાશન અન્ય રાજયનાં જવાની કે અન્ય જિલ્લામાં જવાની વ્યવસ્થા કરવામાં આવશે. ખેડૂતોના ટેકાના ભાવના પ્રશ્નો, પાક લોનના પ્રશ્નો દર્દીને હોસ્પિટલમાં સારવાર ન મળતી હોવા સહિતના પ્રશ્નોનું નિરાકરણ લાવવાનાં પ્રયત્ન કરવામાં આવશે.

તેઓએ વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસની આ એપ્લિકેશનમાં ક્યાંય રાજકારણ નથી. સરકારના નિર્ણયની સાથે કોંગ્રેસ ઉભી છે. કોંગ્રેસે રચનાત્મક વિપક્ષ તરીકેનું કાર્ય કર્યું છે. કોંગ્રેસના કાર્યકરોએ રસોડા ચલાવીને લોકોની મદદ કરી છે. કોગ્રેસના નેતાઓ અને કાર્યકરો કોરોનાનો ભાગ પણ બન્યા છે. ભાજપાના નેતાઓ ઘરમાં જ બેસ્યા છે. માત્ર ત્રણ કે ચાર અધિકારીઓ સરકાર ચલાવે છે. તેમણે એમ પણ કહ્યું કે, ભારતની સરકાર પાસે કોરોનાને નાથવા માટે જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનાનો સમય હતો. જોકે ભાજપ સરકાર નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ અને કોગ્રેસના ધારાસભ્યો ખરીદવામાં વ્યસ્ત હતી. કોંગ્રેસે ટેસ્ટ વધારવાની માંગ કરી છે. જોકે સરકાર ગાઈડલાઈન્સ ચેન્જ કરી લોકોને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરી રિકવર દર્દીઓનો આંકડો ઉંચો બતાવવાનો પ્રયાસ કરે છે.

લોકડાઉન ૪.૦માં જુનાગઢમાં એસટી બસ શરૂ થાય તેવી શક્યતાઓ

જૂનાગઢ

આગામી ૧૭ તારીખથી ત્રીજા તબક્કાનું લોકડાઉન પૂર્ણ થવા જઈ રહ્યું છે. ત્યારબાદ નવા નીતિ-નિયમો અને દિશાનિર્દેશો સાથે ચોથા તબક્કાના લોકડાઉનનો પ્રારંભ પણ થવા જઈ રહ્યો છે. ત્યારે સમગ્ર દેશના આવેલા ગ્રીન ઝોન જિલ્લાઓમાં વધુ કેટલીક છૂટછાટો મળી શકે છે, તેવા દિશાનિર્દેશો રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયા છે. જેને લઈને ગ્રીન ઝોનમાં આવતા જૂનાગઢ જિલ્લામાં એસટી વિભાગના રૂટ શરૂ થવાની પૂરી શક્યતાઓ જોવા મળી રહી છે.

રાજ્ય સરકાર અને એસટી વિભાગ દ્વારા બસને શરૂ કરવા માટે વિચારણા કરવામાં આવી રહી છે. કેટલીક ચોક્કસ સાવચેતી સાથે બસનું સંચાલન જિલ્લા પૂરતું જ મર્યાદિત રાખવામાં આવી શકે છે. તેમજ ગ્રીન ઝોન સિવાયના કોઈપણ જિલ્લામાં ગ્રીન ઝોનની એસટી બસ નહી જઈ શકે તેમજ બે જિલ્લાની વચ્ચે અન્ય એક જિલ્લો કે જે રેડ અથવા ઓરેન્જ ઝોનમાં આવતો હોય તો આવા જિલ્લામાં પણ બસનું સંચાલન તેમના જિલ્લા પૂરતું મર્યાદિત રાખવામાં આવશે એવું પણ જાણવા મળી રહ્યું છે.

ત્રીજા તબક્કાના લોકડાઉનમાં ગ્રીન ઝોન જિલ્લામાં એસટી બસનું સંચાલન થશે તેવું જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ ટેકનિકલ કારણોસર આ સંચાલન આજદિન સુધી શરૂ થયું નથી. સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા જે પ્રકારે બસમાં પ્રવાસીઓની સંખ્યા મર્યાદિત રાખવાનું સૂચવવામાં આવ્યું છે તેને લઈને જો ચોક્કસ આંકડો નક્કી કરવામાં આવશે. તો ચોથા તબક્કામાં પણ એસટી બસનું સંચાલન કરવું વિભાગ માટે મુશ્કેલીભર્યું બની રહેશે.

કન્ટેન્ટમેન્ટ ઝોનમાં કરિયાણું, શાકભાજી, દળવાની ઘંટી સવારના આઠથી બપોરના એક વાગ્યા સુધી શરૂ રહેશે

આજથી ફરી ધબકતું થશે અમદાવાદ, શાકભાજીનું વેચાણ કરાયું શરૂ

શહેરમાં રિવરફ્રન્ટ ગુર્જરી બજાર, કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ, એઈએસ.ગ્રાઉન્ડ, દૂરદર્શન ટાવર મેદાનમાં શાકભાજીનું જથ્થાબંધ બજાર ભરાશે

અમદાવાદ

શહેરમાં તમામ તકેદારી બાદ આવતી આજથી શાકભાજીના વેચાણ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવાનું એએમસી કોર્પોરેશને આયોજન કર્યું છે. શહેરમાં રિવરફ્રન્ટ ગુર્જરી બજાર, કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ, એઈએસ.ગ્રાઉન્ડ, દૂરદર્શન ટાવર મેદાનમાં શાકભાજીનું જથ્થાબંધ બજાર ભરાશે.વાસણા અને જેતલપુર એપીએમસીમાંથી ડુંગળી અને બટાકાનું જથ્થાબંધ વેચાણ થઈ શકશે.. તો નરોડા ફુટ માર્કેટ પણ ધમધમતું થશે.

છુટક ફેરિયાઓ જથ્થાબંધ બજારમાંથી ખરીદી કરી શકશે. જોકે કન્ટેન્સેન્ટ ઝોનમાં હોમ ડીલીવરી પ્રકારની સેવાઓ તથા તેમાં આવેલ શાકભાજી તથા ફળફળાદિના હોલસેલ બજારો ખોલવા પર અન્ય હુકમ ન થાય ત્યાં સુધી પ્રતિબંધ ચાલુ રહેશે. જેથી કાલુપુર, જમાલપુર, ઢાલગરવાડ, માણેકચોક જેવા અન્ય હોલસેલ બજારો અન્ય હુકમો ન થાય ત્યાં સુધી બંધ રહેશે.

કન્ટેન્ટમેન્ટ ઝોનમાં કરિયાણું, શાકભાજી, ફળફળાદિ તથા અનાજ દળવાની ઘંટી સવારના ૮ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી ખુલ્લા રાખી શકાશે. આમ લોકડાઉનના સમયમાં શહેરીજનોને શાકભાજી અને ફળફળાદી મેળવવામાં હાલાકી ન પડે તેમજ સુપર સ્પ્રેડર્સ થકી કોરોના વાયરસના સંક્રમણને અટકાવી શકાય તેવું કોર્પોરેશને આયોજન કર્યું છે.

વિરમગામ શહેરના કન્ટેનમેન્ટ એરીયામાં લક્ષણો આધારીત કોવિડ સઘન સર્વેલન્સ શરૂ કરાયો



• આરોગ્ય, પોલીસ અને વહિવટી તંત્રના અધિકારીઓ દ્વારા કન્ટેનમેન્ટ એરીયાની મુલાકાત લેવામાં આવી

• આરોગ્ય, નગરપાલીકા અને જિલ્લા મેલેરીયા શાખા દ્વારા સેનેટાઈઝેન કામગીરી કરાઈ

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

અમદાવાદ જિલ્લાના વિરમગામ શહેરમાં ૩ કોરોના પોઝીટીવ કેસ નિકળતા વેપારી વાસ, હાજી હુસેન ચકલા, રાણી વાસ, મંડલી વાસ, ટાઢીવાસ, ઝંડાની મસ્જીદ સહિના કન્ટેનમેન્ટ એરીયામાં તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ હસ્તકની મેડીકલ ટીમ દ્વારા લક્ષણો આધારીત કોવિડ સઘન સર્વેલન્સ કામગીરી શરૂ કરવામાં આવી છે. મેડીકલ ટીમ દ્વારા ઘરે ઘરે ફરીને થર્મલ ગન દ્વારા ટેમ્પરેચર સ્ક્રિનીગ કરવામાં આવી રહ્યુ છે તેમજ પલ્સ ઓક્સીમીટર મશીનથી તમામના એસ.પી.ઓ.ટુ પણ માપવામાં આવી રહ્યુ છે. આ વિસ્તારમાં આરોગ્ય ટીમો દ્વારા ખાસ ૦ થી ૫ વર્ષના બાળકો, સગર્ભા બહેનો, ૬૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ તેમજ લાબા ગાળાની ગંભીર બિમારીવાળા વ્યક્તિઓની સવિશેષ કાળજી લેવામાં આવે છે. લોકોને કોરોના વાયરસથી બચવાના ઉપાયો સમજાવવામાં આવી રહ્યા છે. વિરમગામના કન્ટેનમેન્ટ એરીયામાં તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ, નગરપાલીકા અને જિલ્લા મેલેરીયા શાખા અમદાવાદ દ્વારા સેનેટાઈઝેશન કામગીરી કરવામાં આવી હતી. ગૂરુવારે કન્ટેનમેન્ટ એરીયાની જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ.ચિંતન દેસાઈ, ડીવાયએસપી પ્રવિણકુમાર, મામલતદાર વિવેક દરજી, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. વિરલ વાઘેલા, ડો.જીગર દૈવિક, વિરમગામ ટાઉન પીઆઈ એચ.બી ગોહિલ, ડો. ધારા પટેલ, ડો.સાગર પરમાર, ડો.સંગીતા પટણી, નીલકંઠ વાસુકિયા, જયેશ પાવરા, નરેશ રાઠવા સહિત આરોગ્ય, પોલીસ અને વહીવટી તંત્રના અધિકારીઓ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.

વિરમગામના તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, વિરમગામ શહેરમાં ૩ કોરોના પોઝીટીવ કેસ આવતા વેપારી વાસ, હાજી હુસેન ચકલા, રાણી વાસ, મંડલી વાસ, ટાઢીવાસ, ઝંડાની મસ્જીદ સહિના વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરીયા જાહેર કરવામાં આવેલ છે. દર્દીના સંપર્કમાં આવેલા ૨૩ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવેલ છે અને તેઓને ઘરની બહાર ન નિકળવા માટે જણાવવામાં આવ્યુ છે. આરોગ્ય વિભાગ દ્વારા સઘન સર્વેલન્સ કામગીરી શરૂ કરાઇ છે અને શરદી, ઉધરસ વાળા દર્દીઓને શોધીને સારવાર આપવામાં આવી રહી છે. હવા દ્વારા ચેપી વ્યક્તિના સંપર્કમાં આવવાથી કોરોના વાઈરસનો ચેપ લાગી શકે છે. તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલી ધ્રુજારી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે. જો થોડી સાવચેતી રાખવામાં આવે તો કોરોના વાઈરસના ચેપથી ચોક્કસ બચી શકાય તેમ છે. કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીક ખાતી વખતે રૂમાલથી મોઢા ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહી અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ.

ગુજરાત સરકાર પર આરોપ અમિત ચાવડાનો આરોપ

સરકારના વિવિધ વિભાગોમાં સંકલનનો અભાવ

ગાંધીનગર

કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ગુરૂવારે પ્રેસ કૉન્ફરન્સ કરીને ગુજરાત સરકાર પર આરોપ મૂક્યો હતો કે સરકારના વિવિધ વિભાગો વચ્ચે સંકલનનો અભાવ જોવા મળી રહ્યો છે. લોકોની સમસ્યાનું જલદી નિવારણ આવે તે માટે વિભાગોમાં સક્રિયતાનો અભાવ છે. તેમણે ગુજરાત અને અમદાવાદની સ્થિતિને ચિંતાજનક ગણાવી વધુમાં કહ્યું, "સરકારની ઇચ્છાશક્તિમાં પણ અભાવ જોવા મળે છે. અમદાવાદમાં ૪૦૦ લોકોનાં મૃત્યુ થયા છે. જ્યારે રાજ્યમાં ૯૦૦૦થી વધારે કેસ છે ત્યારે સરકારે જાગવાની જરૂર છે. તેમણે વધુમાં કહ્યું કે સરકારના તમામ મોરચે નિષ્ફળ રહી છે. મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી હોય કે મંત્રી હોય તમામ ઘરમાં છુપાઈને બેઠા છે. તેમણે લોકોને મદદ પહોંચાડવા માટે કૉંગ્રેસ પાર્ટીએ શરૂ કરેલી ઈ-જનમિત્ર કોવિડ-૧૯ હેલ્પ લાઈનની જાહેરાત કરી હતી. જે દ્વારા રાજ્યમાં ક્યાંય પણ ફસાયેલાં મજૂરો, એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જતા મજૂરો તથા કોવિડ-૧૯ને લઈને કોઈપણ સમસ્યા હોય તો તે એ ઍપ્લિકેશન પર જણાવશે.

મોદી સરકારનું આર્થિક પેકેજ એમએસએમઈ સેક્ટરને મજબૂત બનાવશે: વાઘાણી

અમદાવાદ

ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા રૂપિયા ૨૦ લાખ કરોડ ના વિશેષ આર્થિક પેકેજને સહર્ષ આવકારું છું, કોરોના મહામારીના આ સંકટના સમયમાં દેશવાસીઓના હિતમાં અને દેશની અર્થવ્યવસ્થા માટે સંજીવની રૂપ આ ઐતિહાસિક નિર્ણય લેવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમનજીનો આભાર વ્યક્ત કરું છું. વાઘાણીએ જણાવ્યું હતું કે, ભારત પાસે સમગ્ર વિશ્વ સાથે સ્પર્ધા કરવાનું સામર્થ્ય છે, સંભાવનાઓનો અખૂટ ભંડાર છે, પ્રધાનમંત્રી મોદીના જણાવ્યાનુસાર ઈકોનોમી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી આધારિત સિસ્ટમ, ડેમોગ્રાફી અને ડિમાન્ડ એમ આપવા સ્તંભ ઉપર આત્મનિર્ભર ભારતનું નિર્માણ થવા જઈ રહ્યું છે.

આવો આપણે સૌ લોકલ ને ગ્લોબલ બનાવીએ, વિશ્વને ભારતની સમર્થતા અને નવા ભારતનું દર્શન કરાવીએ. વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારે લોકડાઉનના તુરંત બાદથી જ રૂપિયા ૧ લાખ ૭૦ હજાર કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું હતું જેના અંતર્ગત ૪૧ કરોડ જનધન બેંક ખાતાઓમાં ડી.બી.ટી. ટ્રાન્સફર દ્વારા રાશિ જમા કરાવવામાં આવી હતી, તેમજ ૬૯ કરોડ ખાતાધારકોને ઘઉં ચોખા નું વિતરણ, દિવ્યાંગો, વૃદ્ધો, વિધવા બહેનોને આર્થિક સહાય, આઠ કરોડ ઉજવલા ઉપભોક્તાઓને મફતમાં ગેસ સિલિન્ડર, પીએમ કિસાન યોજના અંતર્ગત દેશના કરોડો ખેડૂતોના ખાતામાં ૨૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને જરૂરતમંદો સુધી સહાય પહોંચાડવા માં આવી હતી. વાઘાણીએ જણાવ્યું હતું કે, આજ રોજ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમનજીએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાહેર કરાયેલા ૨૦ લાખ કરોડ રૂપિયાના આર્થિક સહાય પેકેજ અંતર્ગત સૂક્ષ્મ, લઘુ, મધ્યમ, ગૃહ તેમજ કુટીર ઉદ્યોગોને લગતી વિવિધ જાહેરાતો કરી છે તેનાથી ચોક્કસપણે આગામી સમયમાં એમએસએમઈ સેક્ટરને વેગ મળશે, નવી રોજગારીનું સર્જન થશે.

વડોદરા થી મહારાષ્ટ્રના ૩૦૦ વિદ્યાર્થીઓને પરત મોકલવામાં આવ્યા: નાયબ ક્લેકટર

વડોદરા

વડોદરામાં ફસાયેલાં મહારાષ્ટ્રના નંદુરબારના ૩૦૦ વિદ્યાર્થીઓને પરત મોકલવાની કામગીરી વડોદરાના જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી હતી. વડોદરાના નાયબ ક્લેકટર અને નોડલ અધિકારી આર.પી જોષીએ જણાવ્યું કે મહારાષ્ટ્રના ૩૦૦ જેટલાં વિદ્યાર્થીઓને તેમના રાજ્યમાં પરત મોકલવામાં આવ્યા છે. ગુજરાત સરકારે મહારાષ્ટ્ર સરકાર સાથે સંકલન સાધીને મોકલાવાનો નિર્ણય કર્યો હતો. આ વિદ્યાર્થીઓને નવ બસ દ્વારા નંદુરબાર મોકલવામાં આવ્યા હતા. ત્યાંથી મહારાષ્ટ્ર સરકારે તેમને પોતાના ગામે પહોંચાડ્યા હતા.

૧૨ હજાર સંભવિત સુપર સ્પ્રેડરનું સ્ક્રિનિંગ કરાયું

વડોદરામાં જાહેરનામાના ભંગ બદલ પાલિકા દ્વારા વસુલાયો ૧૬.૧૩ લાખનો દંડ

વડોદરા

વડોદરા શહેરમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન ન કરનારા, જાહેરમાં માસ્ક ન પહેરનારા અને જાહેરમાં થુંકનારા લોકો પાસેથી અત્યાર સુધીમાં ૧૬,૧૩,૯૦૦ રૂપિયાનો દંડ પાલિકાએ વસુલ્યો છે. વડોદરા શહેર અને જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસના કેસની કુલ સંખ્યા ૬૨૫ ઉપર પહોંચી ગઈ છે. અત્યાર સુધી ૩૫૫ દર્દી સાજા થઈને ઘરે પહોંચી ચુક્યા છે. આમ વડોદરામાં ૫૭ ટકા દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

વડોદરા શહેરમાં અત્યાર સુધી ૧૨ હજાર જેટલા સંભવિત સુપર સ્પ્રેડરના સ્ક્રિનિંગ કરવામાં આવ્યા છે. જે પૈકી ૩૭ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ૨ સુપર સ્પ્રેડરના કેસ પોઝિટિવ આવી ચુક્યા છે. જેમાં એક શાકભાજીવાળો અને એક ફરિયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૬૩ લોકોને હોમ ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે.

લોકડાઉનમાં શ્રમિકોને રોજગાર આપવા ૯-૧૦ હજાર કરોડના કામ ફરી શરૂ કરાયા

ગુજરાતમાં લોકડાઉન ૪.૦ને લઈ છૂટછાટ મોદી સરકાર નક્કી કરશે: નીતિન પટેલ

કોરોના દર્દીઓને રૂપિયા ૩૫૦૦૦ ટોસિલિજૂમબ ઈન્જેક્શન મફતમાં અપાશે, ગુજરાતના ૭૦ ટકા વિસ્તારમાં બજાર ચાલુ થવાના છે, એસજી હાઈવે પર બની રહેલા બ્રિજ ઓગસ્ટ સુધીમાં પૂર્ણ થશે

અમદાવાદ

રાજ્યમાં કોરોના વાયરસે હાહાકાર ચાલી રહ્યો છે. દેશમાં હોટસ્પોટ રાજ્યમાં ગુજરાતનું નામ જોડાઈ ગયું છે. આ તમામ વાતો વચ્ચે કોરોના મહામારી વચ્ચે ભારતીય અર્થવ્યવસ્થાને પાટા પર ફરી લાવવા માટે આત્મનિર્ભર પેકેજ જાહેરાત વડાપ્રધાને કરી દીધી છે. તો આગામી ૧૭મી મે પછી લોકડાઉન હળવું બનાવવા માટેની બ્લિપ્રિન્ટ પણ બનાવી દેવામાં આવી છે. ત્યારે આજે રાજ્યના ડેપ્યૂટી સીએમ નીતિન પટેલ આજે અમદાવાદનો હાર્દ ગણાતા એસજી હાઈવે પર પહોંચ્યા હતા. નીતિન પટેલ આજે એસજી હાઈવે પહોંચીને જે સિક્સ લેન રોડ બનાવવામાં આવી રહ્યો છે તે કામનું નિરીક્ષણ કર્યું હતું. લોકડાઉન-૪ના નવા નિયમોને લઈને નીતિન પટેલે આજે એક મોટું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સરખેજથી ગાંધીનગર સુધીના ૪૪ કિ.મી. રોડ પર ૭ ઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યા છે. ત્યારે લોકડાઉન અને કોરોનાના કારણે બંધ થયેલા કામ ફરીથી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે બ્રિજ બનાવવા માટે સરકારે કોન્ટ્રાક્ટરોની નિમણૂંક કરી છે, તેઓએ પરપ્રાંતિય શ્રમિકોને જાળવી રાખ્યા છે. માર્ગ મકાન વિભાગના ૯થી ૧૦ હજાર કરોડના કામો ચાલુ હોવાની પણ વાત કરી હતી. એસજી હાઈવે પર બની રહેલા બ્રિજ ઓગસ્ટ સુધીમાં કામ પૂર્ણ થશે. તેના માટે કોન્ટ્રાક્ટરોના કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા વધારી દીધી છે.

ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે લોકડાઉન-૪ના નવા નિયમોને લઈને નીતિન પટેલનું મોટું નિવેદન આપતા જણાવ્યું કે, સરકાર કેન્દ્ર સરકારને લોકડાઉન ૪ માટેના અભિપ્રાય સુચવશે. ગુજરાતમાં લોકડાઉન હળવુ કરવા અમે કેન્દ્ર સરકારને અમારા અભિપ્રાય આપવાના છીએ. ગુજરાતના ૭૦ ટકા વિસ્તારમાં બજાર ચાલુ થવાના છે. તેના માટે ભારત સરકારને સૂચનો મોકલીશું. લોકોની આવક ચાલુ થાય તેવા પ્રયાસ ચાલું કરીશું.

નીતિન પટેલે કોરોના દર્દીઓને ટોસિલિજૂમબ ઈન્જેક્શન મફતમાં આપવાની વાત કરી હતી. આ એક ઈન્જેક્શનની કિંમત રૂ.૩૫૦૦૦ હોવાની વાત કરી છે. આરોગ્ય સચિવ જયંતિ રવિએ કહ્યું કે, આજથી ગુજરાતમાં ટોસિલિઝૂમેબ ઈન્જેક્શનનો ઉપયોગ શરૂ કરાયો છે. આ ઈન્જેક્શનના કારણે ખુબ સફળતા મળવાની સંભાવના છે. ગંભીર હાલતમાં રહેલાં દર્દીઓને આ ઈન્જેક્શન આપવાથી લાભ થાય છે. આ ઈન્જેક્શન ખુબ જ મોંઘા આવે છે. પણ સરકારે આ ઈન્જેક્શનને ખરીદવા માટે મંજૂરી આપી દીધી છે. અને આગામી સમયમાં આ ઈન્જેક્શનનો મોટાપાયે ઉપયોગ કરવામાં આવશે.

જાહેરનામાનો મહીસાગર પોલીસ દ્વારા ચુસ્તપણે અમલ

જાહેરનામાના ભંગ બદલ મહીસાગર પોલીસે ૯.૪૮ લાખનો વસુલ્યો દંડ

લુણાવાડા

મહિસાગર જિલ્લામાં કોરોના વાઈરસના સંક્રમણને રોકવા માટે અમલી બનાવવામાં આવેલા જાહેરનામાનો મહીસાગર પોલીસ ચુસ્તપણે અમલ કરી રહી છે. તેની તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવરજવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ કોરોના વાઈરસના સંક્રમણને ફેલાતું અટકાવવા મહિસાગર જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કડક અમલ કરાવવા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જેને લઈને પોલીસ વિભાગ દ્વારા લોકડાઉનનો ચુસ્ત અમલ કરાવવા માટે નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ ભરાડા પંચમહાલ-ગોધરા રેન્જ અને મહિસાગર જિલ્લા પોલીસ અધિક્ષક ઉષા રાડા તથા નાયબ પોલીસ અધિક્ષક એન.વી.પટેલ દ્વારા મળેલા માર્ગદર્શન હેઠળ લોકડાઉનના સમયમાં ખોટા કામ વગર અવરજવર કરતા લોકોને મહિસાગર જિલ્લામાં આવેલા પોલીસ સ્ટેશનનો દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.મહિસાગર જિલ્લામાં ડ્રોનથી હિલચાલ ઉપર નજર રાખવામાં આવી રહી છે. આ ઉપરાંત શહેરમાં સીસીટીવી કેમેરાથી પણ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જિલ્લામાં લોકડાઉનનું ચુસ્ત પાલન કરાવવામાં આવી રહ્યું છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા જાહેરનામા ભંગ તેમજ વાહન ડિટેઈનના ૨૯૪૦ કેસ કરી ૩૩૫૯ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. આ ઉપરાંત ૨૬૧૪ વાહનો ડીટેઈન કરી ૯.૪૮ લાખ ઉપરાંતનો દંડની વસુલાત કરવામાં આવી છે. જિલ્લાની આંતરરાજ્ય અને આંતર જિલ્લા બોર્ડરો સીલ કરી કોરોના સાંકળને તોડવાના ઘનિષ્ઠ પ્રયાસો કરવામાં આવ્યા છે.

મોરબીમાં જીઆરડી જવાનોએ વર્દીના પવારે શ્રમિકો પર ઘોકા લઈ તૂટી પડ્યા

મોરબી

લોકડાઉન ૩.૦ ચાલી રહ્યું છે ત્યારે ૪૦ ડીગ્રી તાપમાનમાં પોલીસ પોતાના પરિવાર અને પોતાના જીવના જોખમે ૧૭ કલાક ફરજ બજાવી રહી છે. મોરબી પોલીસની આ જ કામગીરી લોકોના દિલમાં ઘર કરી ગઈ છે. બીજી બાજુ અનેક લોકોના દિલમાં જીઆરડી જવાનો વિરુદ્ધ નારાજગી પણ જોવા મળી છે. જીઆરડી જવાનો મહિલાઓ અને વૃદ્ધો સાથે અસભ્ય વર્તન કરી પોલીસની સારી કામગીરી પર પાણી ફેરવી રહ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. આવો જ કિસ્સો હળવદના કડિયાણા ગામે બન્યો છે.

ચિરાગ સોમાભાઈ સોલંકી અને ગોપાલ અરજણભાઈ વાઘેલા નામના જીઆરડી જવાન ગામના શ્રમિકો પર ઘોકા લઈને તૂટી પડ્યા હતા. આ મામલે શ્રમિકોએ ફરિયાદ નોંધાવતા બંને જીઆરડીની ધરપકડ કરી અને કાયદાના પાઠ શીખવ્યા હતા. સાથે જ ચિરાગ સોલંકી અને ગોપાલ વાઘેલા નામના બંને જીઆરડી જવાનો તેમજ વાલાભાઈ સહિત કુલ ત્રણ જીઆરડીને પાણીચું પકડાવી દેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે હાલ પોલીસકર્મીઓની તંગી છે આથી તેમની જગ્યાએ જીઆરડી જવાનો ફરજ બજાવે છે.

મોરબી શહેરમાં પણ જીઆરડી જવાનોની હેરાનગતિ દિન પ્રતિદિન વધતી જઈ રહી છે. શાક માર્કેટ હોય, શનાળા રોડ હોય કે પછી પંચાસર રોડ હોય, બધી જગ્યાએ જીઆરડી જવાન પોતે પોલીસ અધિકારી હોય તેમ રોફ મારી લોકોને હેરાન કરી રહ્યા છે. મોરબીમાં જીઆરડી જવાન મીડિયાકર્મીઓની ફરજમાં પણ રૂકાવટ કરી રહ્યા છે. મીડિયકર્મીઓ તેના પોઈન્ટ પરથી નીકળે તો યેનકેન પ્રકારે તેમને હેરાન પરેશાન કરવામાં આવે છે. જો મીડિયાકર્મી કંઈ બોલે તો એટ્રોસિટીની ખોટી ફરિયાદ કરવાની ધમકી આપી મીડિયાને દબાવીને મીડિયાની સ્વતંત્રતા પર રોક લગાવવાનો પ્રયત્ન પણ કરવામાં આવે છે. હાલ આ જીઆરડી જવાનો પોલીસની ૫૦ દિવસની મહેનત પર પાણી ફેરવવા ઉભા થયા હોય તેવું લાગી રહ્યું છે. આથી આ જીઆરડી જવાનો પર લગામ ક્યારે લગાવવામાં આવશે એ પણ મોટો સવાલ છે.

રાજકોટની પદ્મકુંવરબા હોસ્પિટલમાં મહિલા તબીબને દવા લેવા આવેલા સાસુ-વહુએ માર્યા લાફા

રાજકોટ

રાજકોટની પદ્મકુંવરબા હોસ્પિટલમાં પીજી સ્ટુડન્ટ તરીકે ગાયનેક વિભાગમાં પ્રેક્ટિસ કરતા તબીબને ચાર ઝાપટ મારી અપશબ્દો કહી મોબાઈલ તોડી નાખ્યો હતો. ડોક્ટર અરવાબેન સાદીકભઆઈ ઈસુક અલી સોનીએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સાસુ-વહુ અમરીનબેન, રોશનબેન અને જાહીદભાઈ સામે ફરજમાં રૂકાવટ, માર મારવા અંગે ફરિયાદ નોંધાવી છે. ગઈકાલે તેઓ પોતાની ફરજ ઉપર હતા ત્યારે ત્રણેય આરોપીઓ આવ્યા હતા અને જેમાં અમરીનબેન અને રોશનબેન સાસુ-વહુ થતા હોય વહુને ઉલ્ટીઓ થતી હોવાથી તેઓ સારવાર માટે આવ્યા હતા.

હાલ કોરોના સંક્રમણ વધી રહ્યો હોવાથી ઈન્ફેક્શન ન લાગી જાય તેનું ખાસ તબીબો દ્વારા ધ્યાન રાખવામાં આવતું હોય છે. તેવી પરિસ્થિતિમાં બંને સાસુ-વહુ ચપ્પલ પહેરીને લેબર રૂમ અંદર ઘૂસવાનો પ્રયાસ કરતા બંનેને અટકાવી તેઓને ઈન્ફેક્શન ન લાગી જાય તે માટે ચપ્પલ બહાર ઉતારવાનું અને થોડીવાર વેઈટિંગ એરિયામાં બેસો હમણાં તમને બોલાવીએ તેવું કહેતા બંને સાસુ-વહુ રોષે ભરાઈ ગયા હતા અને અમને ચપ્પલ પહેરવાની કેમ ના પાડી તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો અને ડોક્ટર અરવાબેનનો મોબાઈલ ફોન પડાવી લઈ નીચે પછાડી દીધો હતો.

તેમજ બંને સાસુ-વહુએ ડોક્ટર અરવાબેનને બે-બે ફડાકા ઝીંકી દીધા હતા. મહિલા તબીબ ઉપર હુમલો થતા તાબડતોબ અન્ય અધિકારીઓ પણ દોડી આવ્યા હતા. ત્યારે જ આ બંને સાસુ-વહુ સાથે આવેલા જાહીદભાઈ નામના શખ્સે મહિલાને જાહેરમાં ગાળો ભાંડતા મામલો વધુ વકર્યો હતો અને ઘટના અંગે તુરંત કંટ્રોલમાં જાણ કરતા એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો કાફલો દોડી ગયો હતો અને મહિલા તબીબે સાસુ-વહુ સહીત ત્રણેય સામે ફરિયાદ નોંધાવતા ત્રણેયની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આંગણવાડી કાર્યકરોએ ઘરેઘરે રાશન પહોંચાડવાનું શરૂ કર્યું

બાળકો તથા મહિલાઓ માટે ન્યુટ્રીશનના પેકેટોનું વિતરણ

આહવા

દેશમાં જ્યારે કોરોના વાઈરસ ના સંક્રમણે જોર પકડ્યું છે, અને કેસો દિવસે ને દિવસે વધી રહ્યા છે, ત્યારે સરકારશ્રી દ્વારા લોકડાઉન અમલી બનાવાયું છે. આવી કપરી સ્થિતિ માં કોરોના ના યોધ્ધા ડોકટર્સ, આરોગ્ય તંત્ર અને પોલીસ કર્મીઓએ અવિરત સેવા પૂરી પાડી આપણ સૌને ઋણી કર્યા છે. હાલ ની પરિસ્થિતિ ને જોતા જિલ્લા માં કુપોષણને નિવારવા અને પોષણ ની સેવાઓ પૂરી પાડવા રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના આંગણવાડી કાર્યકર બહેનો એ બીડુ ઝડપ્યું છે, આગણવાડી કાર્યકરો તેમની ઉમદા કામગીરી ફરજ તરીકે બજાવી ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. ઈ.ચા. પ્રોગ્રામ ઓફિસર શ્રી જિજ્ઞાસાબેન એ.ચૌધરીએ જણાવ્યું હતું કે હાલ આંગણવાડી બંધ છે, તેવા સંજોગોમાં કોઈ લાભાર્થી પોષણ ના લાભ થી વંચિત ન રહિ જાય તે માટે આંગણવાડી કાર્યકરો દ્વારા ક્ષેત્રીય કામગીરી કરી સરકાર દ્વારા અપતા ન્યુટ્રીશન પેકેટ લાભાર્થીને ઘર આંગણે પહોચાડી જીવાદોરી બની માતા યશોદાની ભૂમિકા અદા કરી રહયા છે. બાળકો માટે બાલ શક્તિ, સગર્ભા અને ધાત્રી માતા માટે માતૃ શક્તિ અને કિશોરીઓ માટે પૂર્ણા શક્તિ ના પેકેટ નું વિતરણ જીલ્લા ના તમામ આઇસીડીએસ નાં લાભાર્થીઓને કરવામાં આવ્યું છે. સમગ્ર ડાંગ જીલ્લા ના કુલ ૩૧૩૪૯ બાળકો , ૮૧૭૨ કિશોરીઓ અને ૫૮૫૬ સગર્ભા અને ધાત્રી માતા ને આ ન્યુટ્રીશન પેકેટોનો લાભ એપ્રિલ મહિના દરમ્યાન આપવામાં આવ્યો હતો. હાલમાં જ ચાલી રહેલ કોરોના વાઈરસ પ્રત્યે સાવધાની રાખવાની બાબતે જિલ્લા ના આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો પોતાની ફરજની સાથે સાથે તકેદારી રાખવાનો સંદેશો પણ આપે છે. આ બહેનો સંક્રમણ નો ભોગ ન બને તેની સાવચેતી ના પગલે જિલ્લાની આરોગ્ય શાખા દ્વારા તમામ બહેનો ને માસ્ક અને આઈસીડીએસ શાખા દ્વારા સેનેટાઈઝર પૂરા પાડવામાં આવ્યા હતા.

કોરોના સંક્રમણથી બચવા પ્રશાસન દ્વારા વિવિધ પગલા

બહારગામથી આવતા લોકોને જાણ કરવા અપીલ

નવસારી

નવસારી જિલ્લામાં અત્યાર સુધીમાં ૦૮ કોરોનાના કેસ નોંધાયા છે. સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ જે વિસ્તારમાં કોરોનાના પોઝીટીવ કેસ મળી આવ્યો હોય તે વિસ્તારના લોકોની અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલે જણાવ્યું હતુ કે, જિલ્લામાં કન્ટેન્ટમેન્ટ વિસ્તારના લોકોની અવર-જવર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ વિસ્તારના દરેક ઘરનો સરવે હાથ ધરવામાં આવે છે. ઘરે ઘરે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે. આ વિસ્તારમાં જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ અને મેડીકલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાય છે. કોરોનાના સંક્રમણને પગલે બહારના જિલ્લામાંથી આવતા લોકો વિશે વહિવટી તંત્ર, આરોગ્ય વિભાગને જાણ કરો જેથી આ લોકોને હોમ કોરોન્ટાઈન કરવામાં આવે તેમજ તેમનુ સઘન મેડિકલ ચેક-અપ કરવામાં આવે.

જિલ્લા કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, કોરોના મહામારીથી ગભરાવાની જરૂર નથી સાવચેતી રાખો. આ રોગ સામે લડવા માટે પોતાની રોગપ્રતિકારક ક્ષમતા વધારવા માટે આયુર્વેદિક ઉકાળાનુ સેવન કરવુ, ધ્યાન-યોગ-પ્રાણાયામ કરવા. આપણે રોગ સામે લડવાનુ છે. રોગી સામે નહી. કોરોનાના ભયને મનમાંથી કાઢી નાખો. વહિવટી તંત્ર દ્વારા આપવામાં આવતી સુચનાઓનો અમલ કરવા જિલ્લા કલેકટરશ્રી દ્વારા જનતાને અપીલ કરવામાં આવી હતી.

સુરત શહેરમાં પ્રવેશવા માટે માત્ર ત્રણ માર્ગો જ ખુલ્લા રખાશે

બહાર ગામથી આવતા લોકોએ ૧૪ દિવસ હોમ કોરોન્ટાઈન રહેવું પડશે

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઇ કાલે તા.૧૩ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં ગઈકાલે પોઝિટીવ કેસોની સંખ્યા ૯૨૭ હતી, જેમાં ૨૨ કેસોનો વધારો થવાથી આજે કુલ ૯૪૯ કોરોના પોઝિટીવ કેસોમાં થયા છે. તેમજ આજે ૦૫ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૫૪૦ દર્દીઓને ડિસ્ચાર્જ .૫૬.૯ ટકા રિકવરી રેટ થયો છે. ૪.૪ ટકા રેટ મૃત્યુ દર છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૨૧૧૦ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૨૪ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૧૧૩ લોકો છે. આયુષ મંત્રાલયના સુચન પ્રમાણે રોગપ્રતિકારક દવાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ૧૫૮૭ ટીમો લોકોના ચેકઅપ માટે કાર્યરત છે.

હાલની પરિસ્થિતિમાં સ્લમ એરિયામાં ૪૦ ફિવર ક્લિનિક અને ૨૫૧ વોશ બેસિનનુ આયોજન કરવામાં આવ્યુ છે. કોરોના જાગૃત્તિ માટે ૫૫ પ્રચાર ગાડી મુકવામાં આવી છે. દરેક ઘરોમાં હાથ ધોવા માટે સાબુનું વિતરણ કરવામાં આવે છે. સંવેદના પ્રોજેક્ટ હેઠળ ખાનગી અને મહાનગરપાલિકા દ્વારા ૪,૫૭,૫૫૦ ફુડ પેકેટનું આજે વિતરણ કરવામાં આવ્યું છે. ૧૩,૦૧૩ લોકો બહારથી આવવાના છે, જેમાથી ૧૭૪૬ લોકો રેડ ઝોનમાંથી આવશે. પ્રવાસીઓ માટે સુરત શહેરમાં પ્રવેશવાના ત્રણ માર્ગ નક્કી કરવામાં આવ્યા છે. મુંબઈથી આવતા હોય તે લોકોએ પલસાણાથી પ્રવેશ કરવાનો રહેશે. અમદાવાદથી આવતા પ્રવાસીઓએ કામરેજથી સુરતમાં પ્રવેશ કરવાનો રહેશે અને મહારાષ્ટ્ર ધુલિયાથી આવનાર લોકોએ કડોદરાથી પ્રવેશ કરવાનો રહેશે. આ પ્રવાસીઓએ સુરતમાં પ્રવેશ કરતી વખતે ગાડીમાં પાલિકા દ્વારા આપવામાં આવેલા સ્ટિકરો લગાવવા પડશે અને દરેક લોકોના હાથ પર સીલ-સિક્કા મારવામાં આવશે. તેઓને ૧૪ દિવસ માટે ફરજિયાતપણે હોમ ક્વોરન્ટાઈન રહેવુ પડશે. તથા આરોગ્ય સેતુ એપ ફરજિયાત ડાઉનલોડ કરવી પડશે. જો કોઈ વ્યક્તિ આ નિયમો તોડશે તો તેમને રૂ.૨૫,૦૦૦ નો દંડ કરવામાં આવશે અને કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

જ્યારે પણ કોઈ વ્યક્તિ બહાર ખરીદી કરવા જાય ત્યારે તેણે સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાનું રહેશે. ઘરે આવે ત્યારે હાથ વ્યવસ્થિત ધોવા અને શક્ય હોય તો સામાનને પણ સેનેટાઈઝ કરવા જોઈએ. કોઈ પણ વ્યક્તિ બહાર જાય તો તેમણે આ કાળજી ખાસ રાખવી.

વધુમાં તેમણે જણાવ્યું કે, લોકો માનસિક રીતે તંદુરસ્ત રહી શકે તે માટે યોગ અને પ્રાણાયામ કરવા જોઈએ. તકેદારીના ભાગરૂપે આયુષ મંત્રાલયના અને હોમિયોપેથી મુજબના ઈમ્યુનિટી વધારનાર ચીજવસ્તુઓનું સેવન કરવું જોઈએ. ઈન્ફેક્શન રોકવા દુકાનદારે રાખવાની કાળજી અંગે પ્રચાર પ્રસાર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. માસ્કનો અવશ્ય ઉપયોગ કરી સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાનો શ્રી પાનીએ ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

સેવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અવિરત ભોજન સેવા યજ્ઞ

દરરોજ ૫૦૦૦ ફૂડપેકેટનું વિતરણ કરાઈ રહ્યું છે

સુરત

વૈશ્વિક મહામારી કોરોનાના કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાં ગરીબો-શ્રમિકો તેમજ જરૂરીયાતમંદ લોકોને ભોજનની મુશ્કેલી વેઠવી ન પડે તે માટે સુરતના કતારગામ ખાતે 'સેવક એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા દરરોજ ૫૦૦૦ ફૂડપેકેટ તૈયાર કરીને સુરતના જુદા જુદા વિસ્તારોમાં વિતરણ કરવામાં આવે છે. સેવક ટ્રસ્ટ દ્વારા ડભોલી સર્કલ પાસે ધર્મનંદન ફાર્મ ખાતે ઊભા કરવામાં આવેલાં રસોઈઘરમાં ૪૦ થી વધુ સ્વયંસેવકો દ્વારા સવાર સાંજ બે ટાઈમ માટે દરરોજ ૦૫ હજાર ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવે છે. લોકડાઉન પૂરૂ ન થાય ત્યાં સુધી સેવક ટ્રસ્ટ દ્વારા સુરતના વિવિધ વિસ્તારોમાં ગરીબો-શ્રમિકો માટે અન્નદાન- ભોજન સેવા કરવામાં આવશે. સંસ્થા દ્વારા લોકડાઉન શરૂ થયું તે સમયમાં ગત ૨૩ માર્ચથી જ ભોજન વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું. યોગી ડિવાઈન સોસાયટીના નીલ પટેલ અને તેમના કાર્યકર્તાઓ દ્વારા સેવાકાર્યમાં ઉમદા સહયોગ આપવામાં આવી રહ્યો છે.

સંસ્થાના પ્રમુખશ્રી વિજયભાઈ ઘેલાણીએ સેવાકીય પ્રવૃત્તિ અંગે જણાવ્યું હતું કે, કોરોના વાઈરસ સામે દેશ એકજૂટ બની લડી રહ્યો છે. સમગ્ર દેશ આજે લોકડાઉનની પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે, ત્યારે ઘણાં ગરીબ પરિવારોને ભોજનની મુશ્કેલી ન પડે તે હેતુથી ડભોલી પાસે ધર્મનંદન ફાર્મમાં દરરોજ બપોરે ૨૫૦૦ અને સાંજે ૨૫૦૦ એમ કુલ ૫૦૦૦ ફૂડ પેકેટ માટેનું ભોજન તૈયાર કરવામાં આવે છે. જેમાં ખીચડી કઢી, રોટલી શાક, પૂરી, બટાટા પૌવા, સુકી ભાજી બનાવવામાં આવે છે. દરરોજ આશરે ૪૦૦૦ જેટલા લોકો આ સેવાયજ્ઞનો લાભ લઈ રહ્યા છે. સંસ્થાના સ્વયંસેવકો ૦૩ ટેમ્પો દ્વારા સુમુલ ડેરી રોડની ઝુંપડપટ્ટી, વેડ રોડ, સ્ટેશન વિસ્તારની ગરીબોની ચાલીઓમાં ભોજન લઈ જઈને પીરસવામાં આવે છે. ભોજન લેવા આવતાં લોકો સોશ્યલ ડિસ્ટન્સ જાળવી રાખે એ માટે નિશાનીઓ કરી એકબીજાથી ચોક્કસ અંતર જાળવી રાખે તેવી પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

સુરતમાં છેલ્લાં ૦૭ વર્ષથી કાર્યરત સેવક ટ્રસ્ટ દ્વારા દર વર્ષે ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ નોટબુક સહિતની અભ્યાસ કીટનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવે છે એમ તેમણે જણાવ્યું હતું. સ્વયં સેવકોમાં મહેશભાઈ કાકડિયા, રવિભાઈ સોસા(નચિકેતા કલાસીસ), નીલ પટેલ(યોગી ડિવાઈન સોસાયટી), અમિતભાઈ ડોબરિયા, ગિરીશભાઈ સોસા, રસોઈયા હરિભાઈ વઘાસિયા સહિતના કાર્યકર્તાઓ ભોજન સેવાકાર્ય માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

સુરત શહેરમાં રોબોટ દ્વારા ડ્રેનેજની સફાઈ શરૂ કરાશે

સુરત

મેન્યુઅલ સ્કેવેન્જર એક્ટ-૨૦૧૩ અને ધી પ્રોહીબીશન ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩ મુજબ રાજય સરકારના આદેશાનુસાર ગટર સફાઈ તથા ખાળકુવા સફાઈ વગેરેની કામગીરી મશીનરી દ્વારા કરવાની રહે છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકા દ્વારા ડ્રેનેજ લાઈનની સફાઈ અને મેઈન્ટેનન્સ માટે સુપર સકર મશીન, ગલ્પર મશીન, સુઅર જેટીંગ મશીન અને ગ્રેબ બકેટ મશીનનો ઉપયોગ કરવામાં આવે છે. તદ્ઉપરાંત સુરત મહાનગરપાલિકા દ્વારા મેનહોલની સફાઈ કરવા માટે રૂા.૪૦.૬૯ લાખના ખર્ચે એક રોબોટ BANDICOOT V 2.0 ખરીદવામાં આવેલ છે. સદર રોબોટના રોબોટીક આર્મ ૩૬૦ ડીગ્રીએ કામગીરી કરી ડ્રેનેજ મેનહોલની અસરકારક સફાઈ કરી શકે છે. તેમજ આ રોબોટ ડ્રેનેજ લાઈનમાં રહેલ ગેસ ડીટેક્ટ પણ કરી શકે છે. સદર રોબોટ તા.૧૩-૫-૨૦૨૦ના રોજ સુરત મહાનગરપાલિકા હસ્તક આવી ગયેલ હોય, સુરત શહેરમાં ટૂંક સમયમાં સદર રોબોટ દ્વારા ડ્રેનેજ સફાઈની કામગીરી કરાવવામાં આવશે.

ત્રીજા તબક્કાનું લોકડાઉન આવતા રવિવારે પુરૂ : ચોથો તબક્કો નિશ્ચિત

સુરત

ત્રીજા તબક્કાના લોકડાઉન આડે ગણતરીના ચાર દિવસ બાકી રહ્યા છે. ચોથા લોકડાઉનના મુદ્દે કેન્દ્ર સરકારના દિશા-નિર્દેશ બાદ ગુજરાત સરકાર કેવા પ્રકારની છુટછાટ આપે તે જોવું રહ્યું હતું. જોકે આજે પણ સુરત શહેરમાં લોકડાઉનનો સમય હોવા છતાં પણ કેટલાક વિસ્તારોમાં વાહનોની અવર જવર જોવા મળી હતી. સવારના સમય દરમિયાન શહેરના પોશ વિસ્તારો સહિતના વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં વાહનોની અવર જવર જોવા મળતી હતી. શહેરના કેટલાક માર્ગો ઉપર આડશો ઊભી કરીને એક રસ્તો ચાલુ રાખીને અમુક પોઈન્ટો ઉપર પોલીસ ગોઠવી દેવામાં આવી છે. જ્યાં પોલીસ ચેકિંગ બાદ જેની પાસે પાસ અથવા સરકારી કર્મચારી હોય, તેવાને જવા દેવામાં આવતા હતા. તેમજ વ્યાજબી કારણ વગર ગાડી લઈને ફરનારા લોકોની ગાડી જમા લઈને મેમો આપી દેવામાં આવતા હતા. આજે લોકડાઉનનો ૫૧મો દિવસ છે. સળંગ લોકડાઉનના પગલે હવે લોકો પણ ત્રાસી ગયા છે. કોરોના વાયરસની મહામારીને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા લોકડાઉનનો અમલ કરાયો હતો. હવે ચોથા તબક્કાના લોકડાઉનનો કેવા રંગરૂપ હશે એ જોવુ રહ્યું.

નવી રણનીતિ ભારે પડશે એવા એંધાણ

ગુજરાતમાં કોરોનાના દર્દીઓને હવે ફાયનલ ટેસ્ટ વિના કરી દેવાય છે ડિસ્ચાર્જ

બનાસકાંઠા

રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. ત્યારે વડોદરામાં પણ જીવલેણ વાયરસે કેટલાયનો ભોગ લીધો છે. ત્યારે શહેરમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જેમાં શહેરનાં સિટિ પોલીસ સ્ટેશનમાં પીસીઆર વાનમાં નોકરી કરતા ડ્રાઈવરનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા ગત રજી તારીખે તેને ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ૧૦ દિવસ બાદ તબિયત સુધારા પર જણાતા હોસ્પિટલમાંથી ડ્રાઈવરને રજા આપી ઘરે મોકલવામાં આવ્યો છે. પરંતુ આ ડ્રાઈવર જ્યા રહે છે તે ફ્લેટનાં એ બ્લોકના કુલ ૩૯ વ્યક્તિઓને કવોરેન્ટાઈન કર્યા છે.

લોકડાઉન દરમિયાન પોલીસતંત્રમાં પ્રથમ પોઝિટિવ કેસ કોન્સ્ટેબલ પ્રવિણ ગુલાબભાઈ પટેલને ઉ.વ.૪૧ (રહે. બ્લોક નંબર-૨૬ પોલીસ હેડકવાર્ટર્સ પ્રતાપનગર) ગત રજીમેના રોજ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ૧૦ દિવસની સારવાર પછી તબિયત સુધારા પર જણાતા હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. કોન્સ્ટેબલ પ્રવિણભાઈએ વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, મને સૌપ્રથમ ગોત્રી હોસ્પિટલમાં લઈ ગયા હતા. અને મને લાલબાગ મોકલી આપ્યો હતો.

જ્યાં તા.૧૨મી સુધી હું રહ્યો, મને શરદી, ખાંસી કે તાવના કોઈ લક્ષણો નહી જણાતા હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી. અને હાલમાં હું ઘરે છું મને તા.૨૪મી સુધી હોમ કવોરેન્ટાઈન કરાયો છે. પરંતુ મને રજા આપતા પૂર્વે કોઈ ટેસ્ટ કરાયો નથી. આ રીતે અન્ય પેશન્ટને પણ ટેસ્ટ વિનાજ રજા આપવામાં આવે છે. રિઝર્વ પીઆઈએ કહ્યું હતું કે પ્રવિણભાઈના બ્લોકમાં ૧૧ ફેમિલી રહે છે અને તેમના ૬૯ સભ્યોને હોમ કવોરેન્ટાઈન કરવામાં આવ્યા છે.

ઉમરપાડા તાલુકાની સગર્ભા પત્નીને પતિએ તરછોડી

મહિલાના ચારિત્ર્ય સંબંધે પતિ પત્ની વચ્ચે તકરાર થતી હતી

સુરત

સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના એક ગામમાં ૨૦ વર્ષીય પરિણીતાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર કોલ કરી પોતાની વ્યથા જણાવતાં કહ્યું કે, 'હાલ હું ગર્ભવતી છે, અને મારા પતિએ મને ઘરમાંથી કઢી મૂકી છે.' જેથી મદદ કરવા અરજ કરતા બારડોલી પોલીસ સ્ટેશન સ્થિત અભયમ રેસ્ક્યુ વાન તાત્કાલિક પીડિત મહિલા પાસે પહોંચી હતી. અંકિતા (નામ બદલ્યું છે) પાસેથી સમગ્ર વિગતો જાણ્યા બાદ તેના પતિ સાથે ચર્ચા કરતા તેમણે પત્ની પર આક્ષેપો કરતાં કહ્યું કે, 'મારી પત્ની બદચલન છે, જેથી હું તેને મારી સાથે રાખવા માંગતો નથી.' અભયમની તપાસ દરમિયાન મળેલી માહિતી મુજબ અંકિતા કોસંબા ખાતે એક ફેક્ટરીમાં નોકરી કરતી હતી, જ્યાં બે બાળકોના પિતા એવા એક પરિણીત સહકર્મચારી સાથે પ્રેમ સંબંધો વિકસ્યા હતા. જેની જાણ અંકિતાના પતિને થતા બંને વચ્ચે ઝઘડાઓ શરૂ થયા હતા. આખરે અવારનવાર થતાં ઝઘડાના કારણે અંકિતાને તેના પતિએ ઘરમાંથી કાઢી મુકતા તેણે પિયરમાં જાણ કરી હતી. પરંતુ માતાપિતાએ તેને સાથે રાખવાનો ઈન્કાર કર્યો હતો. અંકિતા તેના પ્રેમી પાસે પહોંચતા તેના પ્રેમીની પત્નીએ તેને ઘરમાં પેસવા દીધી ના હતી, 'હવે ક્યાં જવુ અને શું કરવું?' તે સમજ ના પડતા અંકિતાએ અભયમ હેલ્પલાઈનની મદદ માંગી હતી. અભયમની મહિલા કાઉન્સેલરે અંકિતાને સમજાવ્યું કે, પતિ હયાત હોવા છતાંય તેનો વિશ્વાસઘાત કરી અન્ય પુરૂષ સાથે પ્રેમ સંબંધ રાખવાનું દુષ્કર પરિણામ આવે છે. સમાજમાં આ પ્રકારના અનૈતિક સંબંધો અસ્વીકાર્ય હોય છે. સમાજમાં બદનામી થવાની સાથે હવે તમે પતિ, સાસરી અને પિયર પક્ષનો વિશ્વાસ ગુમાવી ચૂક્યા છો, જેથી આ પરિસ્થિતિ ઊભી થવા પામી છે. જેથી અંકિતાને પોતાની ભૂલ બદલ પસ્તાવો થયો હતો. અંકિતા સગર્ભા હોવાથી અભયમે પરિવારનો માળો તૂટતા બચી જાય એ આશયથી પતિ પત્ની વચ્ચે સમાધાન કરવાના ખુબ પ્રયત્ન કર્યા હતા, પરંતુ પતિ તરફથી કોઈ હકારાત્મક પરિણામ ન આવતા ઉમરપાડા પોલિસમાં જાણ કરી અરજી અપાવવામાં આવી છે.

ભરૂચનાં સિતપોણમાં જમવાનું બનાવવાને લઈ ઝઘડો થતાં ૧૯ વર્ષની યુવતીએ કર્યો આપઘાત

ભરૂચ

ભરૂચ તાલુકાના સિતપોણ ગામમાં ૧૯ વર્ષની યુવતીએ ઝાડ ઉપર ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. ઘરે જમવાનું બનાવવાની બાબતે થયેલા ઝઘડામાં યુવતીએ આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ નબીપુર પોલીસ સ્થળ ઉપર દોડી ગઇ હતી અને યુવતીના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

લોકડાઉનમાં કર્મકાંડ અટકતા ચાણોદના બ્રાહ્મણોની રોજીરોટી અટકી, શરૂ કરવા કરી માંગ

વડોદરા

વડોદરાના ડભોઇ પાસે આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ ચાણોદ ના કર્મકાંડી બ્રાહ્મણોએ આજે સ્થાનિક તંત્રને આવેદનપત્ર આપીને કે, ચાંદોદ ખાતે અસ્થી વિસર્જન પુનઃ શરૂ કરવાની માંગણી કરી છે. લોકડાઉન ને કારણે છેલ્લા ૫૦ દિવસથી અહીં કર્મકાંડ સંપૂર્ણ રીતે બંધ છે. કર્મકાંડ એ ચાંદોદના બ્રાહ્મણોની આજીવિકા છે. લોકડાઉનને કારણે કર્મકાંડ પણ અટકી પડ્યું છે, જેથી બ્રાહ્મણોને રોજીરોટી મેળવવામાં તકલીફ પડી રહી છે. તેથી તેઓએ કર્મકાંડ ફરી શરૂ કરવા માંગણી કરી છે.

નર્મદા નદીના તટ પર આવેલ ચાણોદ ગામ મંદિરોનું ગામ તરીકે ઓળખાય છે, પણ હવેના સમયમાં તે એક પવિત્ર યાત્રાધામ તરીકે વિકાસ પામ્યું છે. ચાણોદ તીર્થક્ષેત્ર પિતૃશ્રાદ્ધ માટે જાણીતું છે. દેશવિદેશમાંથી વર્ષે લાખો શ્રદ્ધાળુઓ પોતાના પિતૃઓના શ્રાદ્ધ માટે અહી આવીને વિધી કરાવે છે. અંહી ઓરસંગ નદી અને નર્મદા નદીનો સંગમ થતો હોવાને કારણે આ ગામ સંગમતીર્થ તરીકે તેમજ પિતૃ શ્રાદ્ધ માટે ખૂબ જ ધાર્મિક મહત્વ ધરાવે છે. અહીં નદીઓ પર અનેક જગ્યા પર પાકાં પગથિયાંવાળા ઘાટ બાંધવામાં આવેલા છે.

વડોદરા પાસે આવેલ શિનોરનું સાધલી બજાર આગમી ત્રણ દિવસ સુધી બંધ રહેશે તેવી જાહેરાત કરાઈ છે. એક કોરાનાગ્રસ્ત શખ્સ સાધલીના બજારમાં કરિયાણું અને શાકભાજી લેવા આવ્યો હતો. તેથી ગ્રામપંચાયત દ્વારા વેપારીઓને આ અંગે અનુરોધ કરવામાં આવ્યો છે. બંધમાં સાધલી બજાર ખાતે માત્ર આવશ્યક ચીજવસ્તુ જ મળી રહેશે. જોકે, હજી સુધી શિનોર તાલુકામાં એકપણ કોરાનાનો કેસ નથી નોંધાયો, તેમ છતાં તકેદારીના ભાગરૂપે આ નિર્ણય લેવાયો છે.

સગા ભાઈના ત્રાસથી કંટાળી યુવતી આત્મહત્યા કરવા નદી પર પહોંચી

અભયમ ૧૮૧ હેલ્પલાઈને યુવતીની જીંદગી બચાવી

સુરત

મહિલાઓની સંકટ સમયની સાંકળ સાબિત થયેલી ૧૮૧ અભયમ હેલ્પલાઈન સુરતમાં ફરી એક વાર એક નાસીપાસ યુવતીની વ્હારે આવી હતી. સગાભાઈની સતત માનસિક હેરાનગતિથી કંટાળી જઈ તાપી નદીમાં કુદી આત્મહત્યા કરવા જઈ રહેલી યુવતીને અભયમે ઉગારી તેને આત્મહત્યા કરતાં બચાવી લીધી હતી.

વાત એમ છે કે, સુરતના કતારગામથી એક જાગૃત્ત વ્યક્તિએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી જણાવ્યું કે અહી તાપી કિનારે એક યુવતી આત્મહત્યા કરવા જઈ રહી હોય એવું તેના હાવભાવ ઉપરથી જણાઈ આવે છે, જેથી તાત્કાલિક મદદ કરવા વિનંતી કરી હતી. જેથી કતારગામ પોલિસ સ્ટેશન સ્થિત અભયમ રેસ્ક્યુ વાને તાત્કાલિક સ્થળ પર પહોંચીને આપઘાતનો પ્રયાસ કરી રહેલી યુવતીને શોધીને તેને બચાવી લેવામાં સફળતા મેળવી હતી.

અભયમે સાંત્વના આપી યુવતીને આત્મહત્યા કરવાનું કારણ પૂછતાં તેણે પોતાની આપવિતી જણાવી હતી. ‘ હિના (નામ બદલ્યું છે) નામની આ યુવતી એક સ્થાનિક પ્રાઈવેટ હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરે છે. તેને વધુ અભ્યાસ કરી પ્રોફેસર બનવાની ઈચ્છા હોવાથી પરીક્ષાની તૈયારી કરી રહી હતી. નર્સની નોકરીનો દૈનિક સમય પૂર્ણ થયા બાદ ઘરે આવી વાંચન કરતી અને મોબાઈલ દ્વારા અભ્યાસ અંગેની માહિતી એકઠી કરી પરીક્ષામાં પાસ થવાં માટે મહેનત કરતી હતી. પરંતુ તેનો સગો ભાઈ તેના અભ્યાસમાં અને પરીક્ષાની તૈયારીમાં વિઘ્ન નાંખતો હતો. હિના વાંચતી હોય ત્યારે અવારનવાર લાઈટ, પંખો બંધ કરી દે, મોબાઈલ છીનવી લે અને અપશબ્દો બોલીને તેને માનસિક રીતે સતત હેરાન પરેશાન કરતો હતો. આવું ઘણા સમયથી ચાલતું હતું. ભાઈ તેને એમ કહીને પરેશાન કરતો કે, ‘તું કોઈ પરીક્ષાની તૈયારી કરતી નથી, પણ બીજા સાથે વાતચીત કરે છે’

યુવતીએ તેના ભાઈને વારંવાર સમજાવવાના પ્રયત્ન કર્યા, પરંતુ ભાઈ તેને પરીક્ષાની તૈયારી કરવા દેતો ના હતો. તેની હેરાનગતિ સતત વધતી જઈ રહી હતી. આખરે ભાઈની હરકતોથી નાસીપાસ થયેલી યુવતીએ આત્મહત્યા કરી જીવન ટૂંકાવી દેવાનું નક્કી કર્યું. અને આ વિચારથી તે તાપી નદીમાં ઝંપલાવવા ગઈ હતી. ત્યારે એક વ્યક્તિના ધ્યાનમાં આવતા તેણે ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી આ અંગે જણાવ્યું હતું.

કતારગામ પોલિસ સ્ટેશન સ્થિત અભયમ રેસ્ક્યુ વાને તાત્કાલિક તાપી કિનારે પહોંચી યુવતીને આત્મહત્યા કરતા બચાવી લીધી હતી. અભયમ સ્ટાફે યુવતીને ધીરજથી સમજાવી આત્મહત્યાનો વિચાર મનમાંથી કાઢી નાખવા જણાવ્યું. આત્મહત્યા કોઈ સમસ્યાનું સમાધાન નથી. તેના પ્રોફેસર થવાના સ્વપ્નને સાકાર કરવા કોઈ પણ અવરોધને ધ્યાનમાં લીધા વિના મહેનત શરૂ રાખવાની હિંમત આપી હતી. આમ, અસરકારક કાઉન્સેલિંગ કરી તેને માનસિક હતાશામાંથી બહાર લાવવામાં સફળતા મળી હતી. યુવતીએ જણાવ્યું કે, તેનો ભાઈ ફરીથી તેને હેરાન પરેશાન ન કરે તે માટે પોલિસને જાણ કરવી છે, જેથી અભયમ દ્વારા કતારગામ પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરવામાં આવી હતી. કતારગામ પોલિસ આગળની કાર્યવાહી કરી રહી છે.

નવસારીમાં લોક ડાઉનના ભંગ અંગે ૭૮ વાહનો જપ્ત

વધુ ૮૩ લોકો સામે ફરિયાદ દાખલ

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૧૨ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ ત્ભ્ધ્ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૧૨૯ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૪૦ ની અટકાયત કરવામાં આવી છે. તેમજ ધ એપીડેમીક ડીસીઝ એક્ટ ૨૦૦૫ હેઠળ આજદિન સુધી કુલ-૮૩ ઈસમ સામે એફઆઈઆર કરવામાં આવી છે. જિલ્લામાં ૭૮ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. તા.૧૨ મે સુધીમાં કુલ ૮૬૬૦ એફઆઈઆર તેમજ કુલ ૯૬૦૬ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.



કીમ ચાર રસ્તાની આજુબાજુ રહેતા અને પીપોદરા જીઆઈડીસી ફેક્ટરીના કામદારો દેશમાં લોકડાઉન થવાના કારણે નોકરી ધંધો બંધ થવાથી કામદાર વર્ગ પોતાના વતન યુપી, બિહાર જવા માટે કીમ ચાર રસ્તાથી સુરત ટ્રેન મારફતે પોતાના વતન જવા નીકળ્યા હતા. પૂજા ઈલેક્ટ્રિકના માલિક આંનદભાઈ ઉપાધ્યાય અને ડૉ. અજયભાઈ ઉપાધ્યાય તેમની ટીમ દ્વારા ૪૦૦ જેટલા પરપ્રાંતીઓને ફુડ પેકેટ અને પાણીની બોટલો આપી આર.એસ.એસ.ના કાર્યકર્તાઓ સાથે રાષ્ટ્રધ્વજની ઝંડીઓ બતાવી ભારત માતાના નારા સાથે રવાના કરવામાં આવ્યા હતા.

શ્રમિક સ્પેશિયલ ટ્રેનોનું ઓનલાઈન બુકિંગની પરવાનગી આપો : કોંગ્રેસ

સુરત જિલ્લા કલેકટરને કરાવેલી રજૂઆત

સુરત

શ્રમકિોને સ્પેશિયલ ટ્રેનોનું ઓનલાઈન બુલિંગ કરવા માટેની પરવાનગી આપવા સુરત શહેર કોંગ્રેસ દ્વારા જિલ્લા કલેકટરને કરાયેલી રજૂઆતમાં જણાવાયું હતું કે સમગ્ર વિશ્વ, દેશ અને રાજયમાં નોવેલ કોરોના (covid-૧૯) વાયરસે હાહાકાર મચાવ્યો છે. અને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા પણ આ વાયરસને મહામારી જાહેર કરેલ છે. તેમજ સમગ્ર દેશમાં લોકડાઉન પીરિયડ ચાલુ હોય. આ લોકડાઉન પીરિયડ જાહેર કર્યા બાદ સુરત શહેરના ગરીબ શ્રમિકો અને મજદૂરોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અને હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશની રાજધાની દિલ્હીથી દેશના અલગ-અલગ રાજયોમાં કુલ ૧૫-ટ્રેન ઓનલાઈન બુકિંગ દ્વારા ફાળવવામાં આવી છે આ અસાધારણ સંજોગોમાં સુરતમાં વસતા પરપ્રાંતીય લોકોને તેમના વતન જવા માટે એક માત્ર ટ્રેનનો વિકલ્પ હોય, ત્યારે શ્રમિકોને સ્પેશિયલ ટ્રેનનું ઓનલાઈન બુકિંગ કરવા રેલ્વે પ્રશાસન દ્વારા પરવાનગી આપવા માટે સુરત શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ વતી અમારી લાગણી અને માંગણી છે.

નવસારી જિલ્લામાં દસ્તાવેજ નોંધણી કાર્ય શરૂ કરી દેવાયું

નવસારી

રાજય સરકારશ્રીના મહેસૂલ વિભાગ તથા નોદ્વધણી નિરિક્ષક ગાંધીનગરની સૂચના અનુસાર રાજયની નગરપાલિકા તથા મહાનગરપાલિકા વિસ્તારોમાં આવેલા સબ રજીસ્ટ્રાર કચેરીઓ પૈકી ગ્રીન ઝોનની-૨૫ સબ રજીસ્ટ્રાર કચેરીઅ અને ઓરેન્જ ઝોનમાં સમાવિષ્ટ-૮૯ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજની નોદ્વધણી શરૂ કરવા જણાવ્યું છે. જેમાં ત્રણ સબ રજીસ્ટ્રાર કચેરી નવસારી, જલાલપોર તથા ગણદેવીનો સમાવેશ થાય છે. આ તમામ સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજની નોદ્વધણી કાર્યવાહી શરૂ કરવા શરતોનું પાલન કરવા સહિત પરવાનગી આપી છે.

જેમાં દસ્તાવેજ નોદ્વધણી માટે સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે રીતે વિડીયો રેકોડ’ંગ, અંગુઠાનું નિશાન લેવાની સુવિધા ઉભી કરવાની રહેશે. બે વ્યકિત વચ્ચે છ ફૂટનું અંતર જળવાઈ રહે તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે. મિલકતદારોએ ફરજીયાતપણે ઓનલાઈન એપોઈમેન્ટ લેવાની રહેશે. દસ્તાવેજ નોદ્વધણી માટે ઈ-પેમેન્ટથી નોદ્વધણી ફી ભરવાની રહેશે. દરેક પક્ષકરના ફોટા અને અંગુઠાનું નિશાન લીધા બાદ ડીવાઈસને સેનેટાઈઝ કરવાનું રહેશે. સબ રજીસ્ટ્રાર કચેરીઓને સેનેટાઈન કરવાની સુવિધા ઉભી કરવી પડશે. સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં નોદ્વધણીની પ્રક્રિયા તથા સર્ચ રીપોર્ટ, મોર્ગેજ ડીડ અને રીલીઝ ડીડની સેવાઓ શરૂ કરવામાં આવી છે તેમ નોદ્વધણી નિરિક્ષક નવસારી દ્વારા જણાવાયું છે.

નવસારીમાં જળ સંચયના ૩૫ કામો રદ્દ કરવામાં આવ્યાં

નવસારી

રાજય સરકાર દ્વારા સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૦ હેઠળ જળ સંચય જળ સંગ્રહના કામો હાથ ધરવામાં આવ્યા છે. સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ માં મળેલ સફળતા બાદ કોરોના સંકટ વચ્ચે પણ ચાલુ વર્ષે સરકારે આ અભિયાન હાથ ધર્યું છે.

જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલ માર્ગદર્શન હેઠળ નવસારી જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ રૂ.૨૬૨ લાખના ખર્ચે જળ સંચય જળ સંગ્રહના ૩૫ જેટલા કામો હાથ ધરવામાં આવ્યા છે. આ અભિયાન હેઠળ નવસારી જિલ્લામાં ૩૫ તળાવ ઊંડા કરવાના અને ૧ ડ્રેઈન સાફ સફાઈ કરવાના કામો શરૂ કરવામાં આવ્યા છે.

ઘરે રહીને હરદેવજીના જ્ઞાનને આત્મસાદ કરો

સમર્પણને સદગુરુ માતા સુદીક્ષાજી દ્વારા ભક્તગણને ઓન લાઈન સંદેશ

સુરત

નિરંકારી મિશનના પૂર્વ માર્ગદર્શક બાબા હરદેવ સિંહ જી મહારાજની પુણ્ય સ્મૃતિમાં દર વર્ષે ૧૩ મે ના રોજ “સમર્પણ દિવસ” મનાવવામાં આવે છે. આ વર્ષે કોરોના મહામારીના વૈશ્વિક સંકટને જોતા સરકારના નિર્દેશોને ધ્યાનમાં રાખી કોઈ પણ વિશેષ સત્સંગ સમારંભનું આયોજન ન કરતા ઘરે થી જ ઓનલાઈન ગુરુચર્ચાના માધ્યમથી નિરંકારી ભક્ત બાબા હરદેવ સિંહ જી પ્રત્યે પોતાના શ્રદ્ધા ભાવ અર્પિત કર્યો. દક્ષિણ ગુજરાતના ઝોનલ ઈન્ચાર્જ શ્રી ઓંકાર સિંહ જી એ જણાવ્યું કે સુરત ના લગભગ ૫૦૦ નિરંકારી પરિવારોએ જ્યાં પોત પોતાના ઘરે રહી ને જ બાબા હરદેવસિંહ જી મહારાજ ના પ્રેરક જીવન ને યાદ કર્યા ત્યાં જ સદ્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ નો ઓનલાઈન સંદેશ સાંભળી બાબા હરદેવ જી ની શિક્ષાઓને આત્મસાદ કરવાનો સંકલ્પ કર્યો. ઓનલાઈન સંદેશમાં સદ્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજે બાબા હરદેવ સિંહ જી ની શિક્ષાઓને પ્રેરક ગણાવતા કહ્યું કે બાબા હરદેવ જી એ સૌ ને પ્રેમ જ આપ્યો છે અને દરેક ને પ્રેમ કરવા ની જ શિક્ષા આપી છે, આ જ કારણ છે કે બાળકો અને યુવાનો દરેકે બાબાજી સાથે પ્રેમ વાળો સંબંધ જ રાખ્યો. આઓ, આપણે બાબા હરદેવ જી ની શિક્ષાઓ ને વ્યવહારિક રૂપ આપીએ. કોઈ નું નિરાદર ન કરીએ, કારણકે આખું સંસાર એક પરિવાર છે. દરેક માં પરમાત્માના દર્શન કરવા એ જ વાસ્તવિક સમર્પણ છે, તેથી જ પ્રેમ ભાવ ને વધારીએ. તેમણે જણાવ્યું કે બાબા હરદેવ સિંહ જી એ નિરંકારી મિશનના આધ્યાત્મિક પ્રમુખ તરીકે ૩૬ વર્ષ પોતાનું પ્રેરક માર્ગદર્શન પ્રદાન કર્યું અને ચાર વર્ષ પહેલાં ૧૩ મે ના રોજ પોતાના નશ્વર શરીરનો ત્યાગ કરી પોતાના નિરાકાર રૂપમાં વિલીન થઈ ગયા.

સુરતમાં મે મહિનાની મધ્યમાં ૪૦ ડીગ્રી આસપાસ તાપમાન

સુરતમાં ભેજ વધતા બફારાથી લોકોમાં અકળામણ

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વાદળછાયુ વાતાવરણ વચ્ચે અસહ્ય ઉકળાટ અને બફારાથી ભારે બેચેની સાથે ગરમી માં વધારો નોંધાયો છે. આજે સવારથી અસહ્ય બફારો થઈ રહ્યો છે. બંગાળની ખાડીમાં દક્ષિણ પૂર્વ દિશા તરફ અંદમાન ટાપુ નજીક દરિયા માં લો પ્રેસર સર્જાતા આગામી સપ્તાહ સુધી ચક્રવાત સર્જાઈ શકે તેવી શક્યતા છે

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૮.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ વધીને ૭૯% અને હવાનું દબાણ ૧,૦૦૮ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના સરેરાશ ૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે વાતાવરણ મા અસહ્ય ઉકળાટ અને ભારે બફારાનો અનુભવાઈ થઈ રહ્યો છે. મે મહિનાના બીજા સપ્તાહ દરમિયાન તાપમાન નો ૪૦ ડિગ્રી ની નજીક પહોંચી જતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમી નો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી સપ્તાહથી ગરમીમાં વધારો નોંધાઈ તેવી શક્યતા છે. આજે ગુરુવારે સુરત શહેર સહિત જિલ્લામાં અસહ્ય ઉકળાટ અને બફારો અનુભવાઈ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા વધુમાં મળતી માહિતી અનુસાર બંગાળની ખાડીમાં અંદમાન નજીક દક્ષિણ-પૂર્વ દિશામાં હળવા દબાણની સ્થિતિ સર્જાતાં આગામી સપ્તાહ દરમિયાન ચક્રવાત સર્જાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

રોગની સારવાર કરતા મચ્છરના કરડવાથી બચવું વધુ સલાહ ભર્યું

ડેન્ગ્યુ રોગ અટકાયત માટે કેટલાંક પગલાંઓ જરૂરી છે

નવસારી

ડેન્ગ્યુ એક વાયરસ દ્વારા ફેલાતો રોગ છે જેના ચાર પ્રકાર છે. સામાન્ય ભાષામાં આ બિમારીને હાડકા તોડી નાંખતો તાવ કહેવામાં આવે છે કેમ કે આને લીધે શરીરના દરેક સાંધામાં ખુબ જ દુખાવો થાય છે. ડેન્ગ્યુ તાવ માદા એડીસ ઈજીપ્તી મચ્છરો દ્વારા ફેલાય છે. આ મચ્છર દિવસ દરમિયાન કરડે છે. મચ્છર કરડયાંના ૩-૫ દિવસ પછી વ્યકિતમાં ડેન્ગ્યુના લક્ષણો દેખાવા લાગે છે. સખત તાવ સાથે આંખોના ડોળાની પાછળ દુખાવો થાય કે હાથ અને ચહેરા પર ચકામા પડે. નાક, મોઢ તેમજ પેઢામાંથી લોહી પડે તો ડેન્ગ્યુ હોઈ શકે. આ તાવના ત્રણ પ્રકાર છે. ૧. ક્લાસિકલ (સાધારણ) ડેન્ગ્યુ તાવ, ૨. ડેન્ગ્યુ હેમરેજીક તાવ (ડીએચએફ), ૩. ડેન્ગ્યુ શોક સિંડ્રોમ (ડીએસએસ).

જેમાં ક્લાસિકલ જાતે જ સરખી થઈ જતી બિમારી છે અને આનાથી વ્યકિતના મૃત્યુનો ભય પણ નથી રહેતો પરંતુ જો (ડીએચએફ) તેમજ (ડીએસએસ)ની તુરંત સારવાર શરૂ કરવામાં ન આવે તો આ જીવલેણ પણ સાબિત થઈ શકે છે. ડેન્ગ્યુના સાધારણ તાવની અંદર ઠંડીની સાથે અચાનક તાવ આવી જાય છે. માથામાં અને જોઈંટમાં દુખાવો થાય છે. વધારે નબળાઈ જણાય છે અને ભુખ પણ નથી લાગતી. મોઢાનો સ્વાદ ખરાબ થઈ જાય છે. શરીર પર લાલ કલરના રેશા ઉપસી આવેલા દેખાય છે. ડીએચએફમાં સાધારણ તાવની સાથે સાથે નાક, પેઢા, શૌચ અને ઉલ્ટીમાંથી લોહી પડે છે. ત્વચા પર ડાર્ક નીલા અને કાળા રંગના ચકતા પડી જાય છે. લોહીનું અમુક પરિક્ષણ કરાયા બાદ ડીએચએફની પુષ્ટિ થઈ શકે છે. ડીએસએસમાં ઉપરના લક્ષણોની સાથે સાથે શોકની અવસ્થાના અમુક લક્ષણો પણ પ્રગટ થઈ જાય છે.

ડેન્ગ્યુ અટકાયત તેમજ સાવચેતીના પગલાં આ મુજબ પગલાં લેવા જાઈએ. ડેન્ગ્યુ તાવ માદા એડીસ ઈજીપ્તી મચ્છરો દિવસે કરડે છે તેથી પુરેપુરુ શરીર ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા. મચ્છર દિવસે કરડતાં હોવાથી દિવસે પણ મચ્છર અગરબત્તી સળગાવો. મચ્છર દૂર રાખવાની ક્રીમ લગાવો. પાણી ભરેલા પાત્રોને હવાચુસ્ત ઢાંકેલા રાખવા. અઠવાડિયામાં એક દિવસ ડ્રાય ડે તરીકે ઉજવવો. તે દિવસે પાણી ભરવાના તમામ પાત્રો ટાંકી, કુલર, ફ્રીજની ટ્રે, ફુલદાનીનું પાણી ખાલી કરી અંદરની સપાટી સાફ કરી તમામ પાત્રો સુર્યપ્રકાશમાં સુકવી ફરીથી ભરવા.

આરોગ્ય કાર્યકર, આશા પાસે દર અઠવાડિયે પીવાના પાણી સિવાયના પાણીના તમામ પાત્રોમાં ટેમીફોસ નંખાવવું. આપના વિસ્તારમાં જયારે ફોગીંગ કરવા આવે ત્યારે ઘરની અંદર ફોગીંગ કરાવી, ઘરના તમામ બારી બારણાં ૪૦ થી ૪૫ મિનિટ સુધી બંધ રાખો. મચ્છરના કરડવાથી બચવું અને ડેન્ગ્યુ રોગને ઉદ્ભવતાં અટકાવવો તે રોગ થયા બાદની સારવાર કરતાં વધુ સલાહભર્યુ છે. આરામ કરવો અને પુષ્કળ માત્રામાં પ્રવાહી લેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત નવસારી દ્વારા જણાવાયું છે.

દિલ્હીની આરોગ્ય ટીમે ઈચ્છાપોર આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી

ઉચ્ચ અધિકારીઓએ કોરોનટાઈન વિસ્તારનું પણ નિરીક્ષણ કર્યું

સુરત

ગત રોજ તા.૧૨/૦૫/૨૦૨૦ ના રોજ દિલ્હીથી આવેલ ઉચ્ચ આરોગ્ય અધિકારી ડોક્ટર નરેશ ગિલ, આસિસ્ટન્ટ ડાયરેક્ટર, એન.વી.બી.ડી.સી.પી, મિનિસ્ટ્રી ઓફ હેલ્થ ફેમીલી વેલફેર ડિપાર્ટમેન્ટ દિલ્હીની ટીમે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ઈચ્છાપોર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઈચ્છાપોર, તાલુકો-ચોર્યાસી, જિલ્લો-સુરત ખાતે ની મુલાકાત લીધી હતી. જેમાં જિલ્લા એપેડેમીક મેડિકલ ઓફીસર ડો. પિયુષ શાહ, તાલુકા આરોગ્ય અધિકારી ડોક્ટર હેમાંશુ એમ. ગામીત, મેડિકલ ઓફિસર ડો. કૃપાબેન, તાલુકા સુપરવાઈઝર કિરીટ પટેલ, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી બ્રહ્મભટ્ટ સાહેબ, પી. એસ. આઈ શ્રી દેસાઈ સાહેબ, મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર શ્રી હરીશ સુરતી, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર શ્રી સંદીપ આઈ. પટેલ, ફિમેલ હેલ્થ વર્કર રાધાબેન એમ. વહોનીયા, તલાટી કમ મંત્રી મહેતાભાઈ, જિલ્લા પંચાયત સભ્ય શ્રી યોગેશભાઈ પટેલ, શ્રી મયુરભાઈ બી. સોલંકી (મ. પ. હે.વ.), પોલીસ કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, વગેરે હાજર રહી કોરોના પોઝિટિવ દર્દીનાં ઘરની મુલાકાત કરી યોગ્ય સુવિધાઓ મળી રહે છે કે કેમ તે જાણકારી મેળવી આજુબાજુના કોરોનટાઈન વિસ્તારમાં ફરીને મુલાકાત લીધી હતી અને કોરોના જેવી મહામારીમાં અન્ય મુશ્કેલીઓ પડી રહી છે તેની વિસ્તૃત જાણકારી મેળવી માર્ગદર્શન આપ્યું હતું અને તમામ આરોગ્ય કર્મચારી, પોલીસ કર્મચારી, પંચાયત કર્મચારીઓને આવી કોરોના જેવી ગંભીર પરિસ્થિતિમાં સુંદર કામગીરી કરવા બદલ તેમની કામગીરીને બિરદાવી હતી.

સુરત સિવિલ હોસ્પિટલમાં કોરોના સંક્રમિત ૨૭ દર્દીઓની હાલત ગંભીર, મૃત્યુઆંક ૪૪ પર પહોંચ્યો

પોઝિટિવ કેસનો આંક ૧૦૦૭, રિકવરી આંક ૫૬૫ થયો : સુરત જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૫૮ પર પહોંચ્યો : રૂસ્તમપુરાની ૭૮ વર્ષીય વૃદ્ધાનું મોડી રાત્રે મોત થયું

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, શહેર જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૧૦૦૭ પર પહોંચી ગયો છે. જ્યારે મોડી રાત્રે રૂસ્તમપુરાની ૭૮ વર્ષીય વૃદ્ધાનું કોરાનાથી મોત થતા મૃત્યુઆંક ૪૪ પર પહોંચી ગયો છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ ૫૬૫ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જ્યારે કોરોના સંક્રમિત દર્દીઓની હાલત ગંભીર જોવા મળી રહી છે. સુરત નવી સિવિલ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં આજે ૨૦૮ કોરોના પોઝિટિવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે તે પૈકી ૨૮ દર્દીઓની હાલત ગંભીર છે. જેમાં ૫- વેન્ટિલેટર, ૮- બીપેપ અને ૧૪- દર્દી ઓક્સિજન પર હોવાથી ડોક્ટરો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

નવા પોઝિટિવ કેસોમાં મેડીકલ રિપ્રેઝન્ટેટીવ, ડેરી સંચાલક અને શાકભાજી વિક્રેતા તેમજ પુણેની ફાયનાન્સ કંપનીમાં કામ કરતા યુવક અને તેની પત્નીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કોસાડ??શિવમ રો-હાઉસમાં રહેતા?કિરીટભાઈ મંજીભાઈ પટેલ (૪૫) મેડીકલ રિપ્રેઝન્ટેટીવ છે. દવાઓના માર્કેટીગ માટે તેમને અલગ અલગ હોસ્પિટલોમાં અને તબીબો પાસે જવાનું થતું હતું. કિરીટભાઈને શંકાસ્પદ લક્ષણો જણાતા તેમના સેમ્પલ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. જેનો રિપોર્ટ બુધવારે પોઝિટિવ આવ્યો હતો. અલગ અલગ હોસ્પિટલોની મુલાકાત દરમિયાન તેમને ચેપ લાગ્યો હોવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.પુણેની ફાયનાન્સ કંપનીમાં કામ કરતા યુવક અને તેની પત્નીનો કોરોના

દિલ્હીગેટ ગલેમંડી મેઈન રોડ ખાતે રહેતા ભાવિકભાઈ રમેશભાઈ જરીવાલા (૩૦) પુણેની ફાયનાન્સ કંપનીમાં નોકરી કરતા હતા. હાલ તેઓ સુરતમાં આવ્યા હોય તેમના અને તેમની પત્ની સ્પીનાબેનના સેમ્પલ લેવાયા હતા. જેમાં પતિ-પત્ની બન્નેનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો.

ઉમરવાડા ટેનામેન્ટમાં રહેતા નિતાબેન દેવાંગભાઈ મોદી (૫૨) દુધની ડેરી ચલાવે છે. શંકાસ્પદ લક્ષણો જણાતા તેમના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. તેવી જ રીતે કોસાડ આવાસમાં રહેતા મુન્નાભાઈ બાકેલાલ ચોરસિયા (૩૨) શાકભાજી વિક્રેતા છે. બુધવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. લોકડાઉન દરમિયાન શાકભાજીનું વેચાણ કરતી વખતે તેઓ સંક્રમીત થયા હોવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

વતન જવાની માંગ સાથે ભરૂચના દહેજ પાસે પરપ્રાંતીયોએ હોબાળો કરી રોડ કર્યો ચક્કાજામ



ભરૂચ

કોરોના વાઈરસના લોકડાઉનને પગલે પરપ્રાંતીયો રાજયભરમાં ફસાયેલા છે. હજારો શ્રમિકોને તેમના વતન મોકલી આપવામાં આવ્યા છે. પરંતુ હજી પરપ્રાંતીયો ફસાયેલા છે. ભરૂચ જિલ્લાના દહેજમાં વતન જવા માટે અધીરા બનેલા પરપ્રાંતીયોએ આજે સવારે હોબાળો મચાવ્યો હતો અને જોલવા ગામ પાસે રોડ ઉપર ચક્કાજામ કરી દીધો છે ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઇ છે અને પોલીસે પરપ્રાંતીયોને સમજાવવાના પ્રયાસ હાથ ધર્યાં છે. ચક્કાજામ કરી રહેલા પરપ્રાંતીયોએ જણાવ્યું હતું કે, અમે ૨ મહિનાથી અટવાઈ ગયા છીએ. અમારી પાસે કામ પણ નથી અને હવે પૈસા પણ રહ્યા નથી. અમને અમારા વતન મોકલી આપો. અમારો પરિવાર અમારી ચિંતા કરે છે.

શેરપુરા ગામના એક આરોપીને પાસા હેઠળ અટકાયત કરી લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપતી ભરૂચ શહેર "એ" ડીવીઝન પોલીસ

ભરુચ

ભરૂચ પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા નાયબ પોલીસ વડા ડી.પી. વાઘેલા ભરૂચ ની સુચના અને માર્ગદર્શન હેઠળ હાલમા વિશ્વમાં ચાલી રહેલ કોરોના કોવીદ ૧૯ વાયરસ મહામારી અન્વયે સરકાર શ્રી તરફથી સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવેલ જેનો ભરૂચ શહેર "એ" ડીવી.પો.સ્ટ દ્વારા શેરપુરા ખાતે અમલ કરાવવા જતા તા, ૧૮/૦૪/૨૦૨૦ ના રોજ શેરપુરા ગામના મોહસીન ઈનાયત પટેલ (ડીપોટી) ઉ.વ ૩૩ રહે, શેરપુરા, ડીપોટી ફળિયુ, તા.જી. ભરૂચ નાનો તેની રીક્ષા નંબર જ્ત ૧૬ રૂ ૨૭૨૯ ની લઈને આવતા પોલીસ કર્મચારીએ તેને રોકી પુછપરછ કરતાં આરોપી મોહસીને પોલીસ પોલીસ કર્મચારી સાથે અસભ્ય વર્તન કરી ઝપાઝપી કરી ડ્રેસના શર્ટના બટન તથા ડ્રેસ ફાડી સાહેદ હોમગાર્ડ નાઓને પણ કપાળના ભાગે જોરથી મુક્કો



મારી ઈજા પહોચાડી સરકારી કામમા ફરજમાં રૂકાવટ કરી ફરી તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકી આપી તથા ડી.એમ સા.ના જાહેરનામાનો ભંગ કરી બીનજરૂરી કામ વગર પોતાની રીક્ષા લઈ ફરવા નીકળી નાસી જઈ ગુનો કરેલ હોય તે બાબતે અત્રેના પો.સ્ટે.માં ગુનો દાખલ કરેલ છે. જે આધારે આરોપીને તા.૨૯/૦૪/૨૦૨૦ ના અટક કરવામાં આવેલ જે અન્વયે પાસા દરખાસ્ત તૈયાર કરી મે,જીલ્લા મેજીસ્ટેટ ભરૂચ નાઓ તરફ મોકલી આપતાં તેઓની કચેરી હુકમ નંબર POIPASANDET/ક્રસ નંબર ૧૬/૨૦૨૦ તા,૧૧/૦૫/૨૦૨૦ થી પાસા દરખાસ્ત મંજુર થઇ આવતા આધારેસામાવાળા મોહસીન ઈબ્રાહીમ ડીપોટી રહે, શેરપુરા તા.જી.ભરૂચને તા.૧૪/૦૨/૨૦૨૦ ના કલાક ૧૪/૦૦ વાગે અટક કરી સામાવાળા ને મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવામા આવેલ છે.

લાજપોરમાં ૮ ગામના તળાવો ઉંડા કરવાનું કામો પુરા જોશમાં

જળ સંગ્રહ થતા ખેડુતોને લાભ મળશે

નવસારી

જિલ્લા કલેકટરશ્રી આર્દ્રા અગ્રવાલ ના માર્ગદર્શન હેઠળ નવસારી જિલ્લા માં વરસાદી પાણીની સંગ્રહ શક્તિ વધારતા જળ સંચયના કામો સુજલામ સુફલામ યોજના હેઠળ વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે અને આ કામો લોક ડાઉન વચ્ચે પણ શ્રમિકોને રોજગારી આપી રહયાં છે. જલાલપોર તાલુકાના બોરસી, તવડી, મગોબ ભાઠા, કનેરા, ભુતસાડ, કાળાકાછા, મરોલી અને ડાંભર ગામે જળ સંચય યોજના હેઠળ તળાવ ઊંડા કરવાના કામો પુરજોશમાં ચાલી રહયાં છે. જલાલપોર તાલુકામાં રૂ. ૯૬ લાખના ખર્ચે આ કામો થઇ રહયા છે. આ કામોથી અંદાજે તળાવનો વિસ્તાર ૧૯૦ હેકટર ઉંડો કરવામાં આવી રહયો છે. આ કામો થકી સ્થાનિક શ્રમિકોને રોજગારી મળી રહી છે. જેસીબી, ડમ્પર અને ટ્રેકટરની મદદ થી માટી ખોદી તળાવને ઊંડું કરવામાં આવી રહયું છે. જલાલપોર તાલુકામાં સુજલામ સુફલામ જળ સંચય યોજના હેઠળ ગામ તળાવોને ઊંડા કરી જળ સંગ્રહ ક્ષમતા વધારો થવાથી ખેડૂતોને લાભ મળશે.

લોકડાઉનમાં ફાઈનાન્સરો દ્વારા દબાણ કરતા યુવાને સ્યુસાઈડ નોટ લખી ફાંસો ખાધો

સુરત

મૂળ અમરેલીનો અને ઘણા સમયથી સુરતમાં રહેતા અને ડેરીમાં નોકરી કરતા યુવકે ફાઈનાન્સરોના ત્રાસથી હેરાન થઈને પોતાના ઘરમાં ફાંસા ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. યુવકે સ્યુસાઈડ નોટ લખી છે. જોકે, તેમાં કોઈ ફાઈનાન્સરનું નામ લખેલું નથી. પુણા પોલીસના જણાવ્યા અનુસાર મૂળ અમરેલીના સાવરકુંડલાના લુવારા ગામનો અરવિંદ નાજાભાઈ ક્વાડ(ઉ.વ.૨૭)



ઘણા સમયથી સુરતમાં રહે છે.

અહી અલગ-અલગ પ્રકારનો કામ-ધંધો કર્યા બાદ છેલ્લા કેટલાક સમયથી ડેરીમાં નોકરી કરતો હતો. તેને ફાઈનાન્સરો પાસેથી વ્યાજે રૂપિયા પણ લીધા હતા. અરવિંદ તેનું સમયસર વ્યાજ પણ આપતો હતો. પરંતુ હવે લોકડાઉનના કારણે કોઈ પણ વ્યવસાય સારો નથી ચાલતો. બીજી તરફ ફાઈનાન્સરો અરવિંદ પર દબાણ કરતા હતા. ત્રણેક દિવસ પહેલા પણ ફાઈનાન્સરોએ ધમકી આપતા કહ્યું કે બે દિવસમાં રૂપિયા આપી દે જો નહીં આપે તો જાનથી મારી નાખીશું.

સરકારના રાહત પેકેજની ૪૫ લાખ નાના ઉદ્યોગોને ફાયદો

નયા હિન્દુસ્થાનના સંકલ્પને આવકારતા પૂર્ણેશભાઈ મોદી

સુરત

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં સમગ્ર દેશ કોરોનાને માત આપવા કટિબદ્ધ છે ત્યારે આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ "નયા હિન્દુસ્થાન'નો સંકલ્પ આદરણીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને જાહેર કર્યો. એને ધારાસભ્ય શ્રી પૂર્ણશભાઈ મોદી અને ૧૬૭-સુરત (પશ્ચિમ) વિધાનસભાની સમગ્ર ટીમ આવકારે છે. ભારત સરકારના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં ચાલતી કેન્દ્રની સરકારના ઐતિહાસિક નિર્ણયમાં લઘુ ઉદ્યોગ, કુટીર ઉદ્યોગ, માઈક્રો ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગ આ તમામ પ્રકારના એમએસએમઈ ઉદ્યોગોમાં ૪૫ લાખ જેટલા યુનિટો ધમધમી ઊઠે, એનો વધુ વિકાસ થાય, વધુ લોન આપીને આત્મનિર્ભર કરવો, પ્રોવિડંડ ફંડ, વીજળી બાબત, લોન બાબત, લઘુ ઉદ્યોગની નવી લીમીટ બાબતે, ઈન્કમટેક્ષની રિટર્ન ભરવાની મુદત લંબાવવાની બાબતમાં, ટૂંકમાં વેપારધંધા તમામ રીતે પ્રોત્સાહીત થાય તેવા પ્રયાસો કાબીલેદાદ છે.

૧૨ કરોડ લોકોને રોજગારી આપતા નાના, લઘુ, મધ્યમ કુટીર ઉદ્યોગો માટે ૩ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ છે. આ લોન કોઈપણ જાતની ગેરંટી વગર મળશે. જ્યારે સ્થાનિક એકમોને પ્રોત્સાહન આપવા ૨૦૦ કરોડ રૂપિયા સુધીના સરકારી ટેન્ડરમાં વિદેશી ટેન્ડરને મંજૂરી નહીં આપવાનો ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો છે.

ફિલિપાઈન્સથી આવેલા ૨૧ વિદ્યાર્થીઓ મહારાષ્ટ્ર રવાના

વિદ્યાર્થીઓને તાપી જિલ્લાના ટીમ કપુરમાં રોકી દેવાયા હતા

વ્યારા

'કોરોના' મુક્ત તાપી જિલ્લામાં કોરોના સંક્રમણને રોકવા માટે જિલ્લા વહીવટી તંત્ર એડીચોટીનું જોર લગાવી રહ્યું છે.

ગઈ કાલે ફિલિપાઈન્સથી અમદાવાદ ખાતે આવેલી ફ્લાઈટમાં આવેલા મહારાષ્ટ્રના ૨૧ વિદ્યાર્થીઓને, સરહદી તાપી જિલ્લાના ટીચકપુર ખાતે રોકવામાં આવ્યા હતા. જેમને મહારાષ્ટ્ર પ્રશાસન સાથે વાટાઘાટ બાદ, તેમના વતન જવા માટે મોડી રાત્રે રવાના કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કર્ણાટકથી આવેલા તાપી જિલ્લાના તબલિગી જમાતના અન્ય ૮ વ્યક્તિઓને સોનગઢ ખાતે સરકારી ક્વોરોન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે. જે પૈકી છ વ્યક્તિઓ સોનગઢના, અને બે વ્યક્તિઓ ઉકાઈના છે. આમ, જિલ્લા કલેકટર શ્રી આર.જે.હાલાણીના માર્ગદર્શન હેઠળ તાપી જિલ્લા વહીવટી તંત્ર સતર્કતા સાથે કોરોના ને દેશવટો આપવા માટે પ્રયત્નશીલ છે.

નવસારીમાં કોરોનાનો નવો એક પણ કેસ નોંધાયો નથી

નવસારી

નવસારી જિલ્લામાં છેલ્લા ૬ દિવસમાં એક પણ કોરોનાનો પોઝિટીવ કેસ મળ્યો નથી. તેમજ એક પણ કોરોનાગ્રસ્ત દર્દીનું મૃત્યુ કોરોના વાયરસથી થયું નથી. તેમજ ૭ દર્દીઓએ કોરોના સામેનો જંગ જીતી જતા તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં અત્યારસુધીમાં કુલ- ૮ કોરોનાના પોઝિટીવ કેસ છે. જેમાં ૭ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જિલ્લાના તાલુકાવાર કોરોનાના કેસો પર નજર નાખીએ તો ગણદેવી તાલુકામાં કુલ- ૦૧ કોરોનાના પોઝિટીવ કેસ છે. જેને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ચીખલી તાલુકામાં કુલ-૦૩ કોરોનાના પોઝિટીવ કેસ છે. જેમા ૩ વ્યક્તિને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જલાલપોર તાલુકામાં કુલ-૦૨ કોરોનાના કેસો મળ્યા છે. જેમાં ૧ દર્દીને ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. અને એક દર્દી સારવાર હેઠળ છે. નવસારી તાલુકામાં કુલ-૦૨ કોરોના કેસ મળ્યા હતા. જે બન્ને દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

સુરતમાં તબીબોએ ૮૨ વર્ષીય મહિલાનું બંધ હૃદય ફરી ધબકતું કર્યું

સુરત

કોરોના કાળ બની સમસ્ત માનવજાત ઉપર તૂટી પડયો છે. ચારેતરફ સન્નાટો અને દહેશતનો માહોલ છવાયો છે. મેડિકલ સાયન્સ માટે પડકાર બનેલા કોરોના વાઈરસ વચ્ચે પાલિકાની મસ્કતિ હોસ્પિટલના તબીબોએ ચપળતા, સમયસૂચકતા અને કુનેહપૂર્વક કરેલી કામગીરીથી મહિલા દર્દીને નવજીવન બક્ષ્યું છે. ૮૨ વર્ષના વૃદ્ધ દર્દીનું બંધ પડી ગયેલું હૃદય ફરી ધબકતું કરી બતાવી મસ્કતિ હોસ્પિટલનું પણ ગૌરવ વધાર્યું છે. શહેરની સૌપ્રથમ એવી પાલિકા સંચાલિત મસ્કતિ હોસ્પિટલમાં દર્દીની સારવાર સાથે જોડાયેલો અનોખો કિસ્સો સામે આવ્યો છે. પાલિકાની મસ્કતિ હોસ્પિટલમાં માનદ સેવા આપી રહેલા શહેરના જાણીતા ફિઝિશયન ડો. રમેશ મોદીએ જણાવ્યું કે, પાલિકાના પૂર્વ ચીફ ઓડિટર સ્વ. દિનેશ મસાલવાળાના પત્ની હસુમતીબેનને યૂરીન ઈન્ફેકશન અને કિડની પર સોજો હોવાને કારણે સેપ્ટિસિમિયા થવાની શકયતા જોતા મસ્કતિ હોસ્પિટલમાં એડમિટ કરાયા હતા.



હોસ્પિટલમાં તપાસ દરમિયાન હસુમતીબેનને ડાયબિટીસનું પ્રમાણ ખૂબ વધું હતું. આથી તેમને તુરંત હોસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવા પરિવારજનોને જણાવ્યું હતું. મસ્કતિ હોસ્પિટલના આઈસીયુમાં માતાની સારવાર કરાવવાને મુદ્દે હસુમતીબેનના બંને પુત્રો અસમંજસભરી સ્થિતિમાં મુકાયા હતા. બંને પુત્રોએ માતાની સારવાર ખાનગી હોસ્પિટલમાં કરાવવાનો આગ્રહ રાખ્યો હતો. લોકડાઉન વચ્ચે ઉપસ્થિત થયેલી દ્વિધાભરી સ્થિતિ દરમિયાન મસ્કતિ હોસ્પિટલના આઈસીયુ વિભાગમાં નિષ્ણાંત તબીબોની ટીમ હોય સારવારમાં કોઈ કસર નહીં રહે તેવી ખાતરી થયા બાદ બંને પુત્રોએ માતાની સારવાર મસ્કતિમાં જ કરાવવાનો નિર્ણય લીધો હતો. ગત હસુમતીબેનને હોસ્પિટલના આઈસીયુમાં એડમિટ કરવામાં આવ્યા હતા.

સુરત શહેરમાં પ્રતિબંધ નાબુદ થતા શાકભાજી અને ફળોનું વેચાણ શરૂ

સુરત

આજથી શાકભાજી ફ્રુટ વિતરણ-વેચાણ ઉપરનો પ્રતિબંધ હટાવી લેવાતા વહેલી સવારથી શહેરમાં શાકભાજી-ફ્રુટની લારી ટેમ્પા દોડતા થઈ ગયા હતા. ફરીથી કેટલીક શાકભાજીની લારીઓ ઉપર સોશિયલ ડિસ્ટન્સિંગનો અભાવ જોવા મળ્યો હતો.

શાકભાજી વિક્રેતાઓમાં કોરોના પોઝિટિવ કેસો મળી આવતા મનપા કમિ. બચ્છાનિધિ પાનીએ એપીએમસી માર્કેટ અને શાકભાજી ફ્રુટ વિતરણ વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવી દીધો હતો. આજથી આ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો હતો. પરંતુ શાકભાજી વિક્રેતાઓએ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાનું રહેશે. આજે શહેરભરમાં શાકભાજીની લારીઓ દોડતી થઈ ગઈ હતી. લોકો પણ શાકભાજી લેવા માટે દોટ મુકી હતી. આજથી પાંચ સ્થળેથી કેરીનું વેચાણ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. શાકભાજીની લારીઓ શરૂ થતા ફરીથી કેટલીક લારીઓ ઉપર સોશિયલ ડિસ્ટન્સિંગનો અભાવ જોવા મળ્યો હતો. કોરોના વાયરસની મહામારી હોવા છતાં પણ લોકો હજુ સમજવા જ તૈયાર નથી.

સુરત જિલ્લામાં કુલ ૩૦ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ

ગ્રામ્ય વિસ્તારમાં ગઈ કાલે વધુ એક કેસ નોંધાયો

સુરત

સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૫૭ હતી, જેમાં ૦૧ કેસનો વધારો થવાથી કુલ ૫૮ કોરોના પોઝિટીવ કેસો થયા છે. તેમજ આજે ૦૧ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૨૬ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે કુલ ૦૧ દર્દીનાં મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસ પૈકી ઓલપાડ તાલુકાના વિહારા ગામમાંથી આજે ૦૧ મળી કુલ ૫૮ કેસો આવ્યા છે. કુલ ૬૩૧૬ ટેસ્ટીગ કરવામાં આવતાં ૫૮ પોઝિટીવ અને ૬૨૧૨ નેગેટીવ કેસો જયારે ૦૧ કેસનો રિપોર્ટ પેન્ડિંગ અને ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૩૪ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બોરીયા, અસનાબાદ, અંધાત્રી, હળદવા, મહુવરીયા, અનાવલ, ખરવાણ, બડતલ, ગાંગપુર, કવાસ, કેવડી, ડુંગર, સેવણી, જુના કાકરાપાર, ચોખવાડા, ખોડાંબા, કાની, સાંધિયેર, દખણવાડ(દેવધ), ઝંખવાવ, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી(ડી.એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી(ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૯,૯૯૭ ઘરો અને અને કુલ વસ્તી ૮૫,૨૬૯ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૯૦ ટીમ કાર્યરત છે. નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૧૫૦૩ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૯૬ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૧૫૯૯ લોકો હોમ કોરન્ટાઈન છે. જયારે આજે ૭૧ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૧૫૨૮ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

નર્મદા જીલ્લા માહિતી ખાતાના ડેપ્યુટી ડાયરેક્ટર કોરોનાની ઝપેટમાં:જોકે એ પિતાની સેવામાં ઘણા સમયથી વડોદરા જ હતા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લા માહિતી ખાતા મા ફરજ બજાવતાં ડેપ્યુટી ડાયરેક્ટર યાકુબભાઈ ગાદીવાલા ને કોરોના નો ઈન્ફેકશન લાગ્યું હોવાની જાણકારી મળતા જ નર્મદા જીલ્લા ના સરકારી વિભાગ અને મિડીયા કર્મીઓ મા એમના સ્વાસ્થ્ય ને લઈ ને ચિંતા નુ મોજું ફરી વળ્યું છે, તેમના શુભેચ્છકો અને પરિચિતો એ ટેલિફોનિક ખબર પુછ્યા હતાં.

તેઓ વડોદરા ના લહેરીપુરા વિસ્તાર મા રહે છે. ૬૨ વર્ષીય યાકુબભાઈ ગાદીવાલાને માહિતી વિભાગ ના ડેપ્યુટી ડાયરેક્ટર પદે એક્સટેન્શન આપવામા આવતા તેમની સેવાઓ ચાલુ રાખવામા આવી હતી. તેમને છેલ્લા બે દિવસ થી તાવ જણાતાં ખાનગી તબીબ પાસે સારવાર ચાલી રહી હતી, પણ સાવચેતીના પગલાં રુપે લાલબાગ ખાતે આવેલા હાઈસ્પીડ રેલ્વે ટ્રાન્સપોર્ટ ઈન્સ્ટિટ્યુટ ખાતે કોવીડ-૧૯



નર્મદા જીલ્લામાં ફરજ બજાવતા અને વડોદરા ના રહીશ એવા યાકુબભાઈ ગાદીવાલા સાહેબ નો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં દાખલ કરવામા આવ્યા

નુ સ્કીનીંગ કરાવતાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

કેટલાક દિવસો અગાઉ તેમના ૮૮ વર્ષીય પિતાને પણ કોરોના પોઝીટીવ આવતાં તેઓ ત્યાં રોકાયેલા હોવાથી તેમને પણ ચેપ લાગ્યો હોવાની શક્યતા વ્યકત કરાઈ રહી છે. હાલ મા યાકુભાઈ ગાદીવાલા ની સારવાર ચાલી રહી છે, અને તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. તેમના પિતા નો સારવાર બાદ રિપોર્ટ નેગેટીવ આવતાં હોસ્પીટલ થી કેટલાંક દિવસો અગાઉ ડીસ્ચાર્જ આપવામા આવ્યો હતો.

વડોદરા ના લહેરીપુરા વિસ્તાર મા યાકુબભાઈ ગાદીવાલા નો પહેલોંજ કેસ હોવાથી એ વિસ્તાર મા ફફડાટ વ્યાપી ગયો છે, ન્યાયમંદિર વિસ્તાર મા ૧૦ કોરોના પોઝીટીવ કેસો મળી આવ્યા છે, અને હવે પોળો મા ગીચતા ને કારણે કેસો વધવાની સંભાવના પણ તજજ્ઞો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

નર્મદા પોલીસે કોરોના માં અવર જવર પર ધ્યાન રાખવા ચલાવ્યું બ્લેક ફિલ્મ હટાવો અભિયાન: ૧૦૦ જેવા વાહનો ને દંડ ફટકારી કાળી ફિલ્મ હટાવાઈ





આમ તો ફોર વ્હીલ વાહનો માં કાચ પર બ્લેક ફિલ્મ નહિ લાગવવાનો કાયદો બન્યો જ છે પરંતુ હાલ કોરોના સંક્રમણ માટે ખાસ અભિયાન ચલાવ્યું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા માં લોકડાઉન ચાલુ હોય બહાર ના લોકો આ જિલ્લા માં પ્રવેશ ન કરે તે માટે દરેક ચેક પોસ્ટ ઉપર પોલીસ ખડેપગે હોય જ છે છતાં કેટલાક વાહનો ના કાચ ઉપર બ્લેક ફિલ્મ લગાવી ગેર કાયદેસર અવન જવન ન થાય તે માટે જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ ની કડક સૂચના બાદ નર્મદા જિલ્લાના દરેક પોલીસ સ્ટેશનો દ્વાર હાલ બ્લેક ફિલ્મ હટાવો અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

હાલમાં લોકડાઉનના અસરકારક અમલીકરણ માટે ફોર વ્હીલ વાહનો માં થતી અવરજવર પર ખાસ ધ્યાન રાખી શકાય તે માટે પોલીસ અધિક્ષક હિમકર સિંહ એ ફોર વ્હીલ વાહનો માં કાંચમાં લગાવેલ બ્લેક ફિલ્મ દુર કરવા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ તથા જિલ્લા ટ્રાફીક પો.સ.ઈ.ને સુચના આપી હોય તેથી નર્મદા જિલ્લા હાલમાં કુલ ૧૦૦ જેટલા ફોર વ્હીલ વાહનો માં લગાવેલી બ્લેક ફિલ્મ દુર કરવામાં આવી હતી અને આવા વાહનો ના માલિકો ને લગભગ રૂ.૩૫૦૦/- જેવો દંડ પણ વસુલ કરવામાં આવ્યો છે.હજુ પણ કોઈ નાગરિકોના વાહનો માં બ્લેક ફિલ્મ લગાવેલી હોય તો એ જાતે જ દુર કરી નર્મદા પોલીસ ની કામગીરીમાં સહકાર આપે તેવી અપીલ પણ કરવામાં આવી છે.

વિકાસ કામોની સત્તા ગ્રામપંચાયતોને આપવામા આવે તેવી માંગણી સાથે ડીડીઓ નર્મદાને સરપંચ પરિષદની રજૂઆત



સરકારની સુચના મુજબ અગાઉ મંજુર કરવામાં આવેલ પ્લાન રદ કરી નવેસરથી પીવાના પાણીને પ્રાધાન્ય આપવા માં આવે છે તથા Covid-19 કોરોના સંકમણના બચાવ અંગે નાંણાકીય ખર્ચ કરવા જણાવ્યુ છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સરપંચ પરિષદ ના પ્રમુખ નિરંજનભાઈ વસાવા એ રજુઆતમાં જણાવ્યા મુજબ ગામડાઓ ના વિકાસ માટે કરવાના થતા કામો માં પાણીની સુવિધા માટે સરકાર ના પાણી પુરવઠા વિભાગ તથા વાસમો,સાંસદ સભ્ય ધારાસભ્યની ગ્રાંટ આયોજન ના કામો, ટ્રાયબલના કામો વગેરે ગ્રાન્ટમાંથી કરવામાં આવે છે. જેથી ગ્રામ પંચાયત લેવલના કામો માટે જ ૧૪ મું નાણાંપંચ તેમજ ૧૫ મા નાણાંપંચના નાણાં ગ્રામ પંચાયત કક્ષાએ જરૂરી જે કામો હાથ ધરવાના થતા હોય તેને જ મંજુરી આપવા રજુઆત કરાઈ છે. પાણીના કામો અને આરોગ્યલક્ષી કામો સરકાર ના જે તે વિભાગ ધ્વારા કરવામાં આવે છે.જેથી આ કામો સરપંચ અને ગ્રામ પંચાયતો મારફતે થાય તેવી માંગ કરવામાં આવી છે. જેવી રીતે ૧૪ માં નાણા પંચમાં વિકાસ કામોની કાર્યવાહી થતી હતી. તે ગાઈડ-લાઈન મુજબ જ ૧૫ માં નાંણાપંચના કામો થાય.એવી જીલ્લાના તમામ સરપંચોની આ કામો બાબતે સરકારમાં આગળની કાર્યવાહી અને ભલામણ અર્થે મોકલવાની નર્મદા જીલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજુઆત સરપંચ પરિષદ નર્મદા ઝોન સમિતિ ના પ્રમુખ નિરંજનભાઈ વસાવા દ્વારા કરવામા આવી છે.

લોકડાઉનમાં ફસાયેલા પરપ્રાંતીઓ એ ચેતવા જેવો કિસ્સો

સુરતના એક વાહન ચાલકે શ્રમિકો સાથે છેતરપિંડી કરી રૂપિયા પડાવી અધ વચ્ચે છોડી મુક્યા

જોકે આ બાબતે ટાઉન પી.આઈ આર.એન રાઠવા એ જણાવ્યું કે આ લોકો કોઈ જ પરવાનગી વગર એક વાહન મારફતે યુપી જવા નીકળ્યા પરંતુ વાહન વાળો તેમને રસ્તા માં મૂકી ચાલ્યો જતા રાજપીપળા આવ્યા પરંતુ તેમની પાસે યુપી જવા પાસ કે અન્ય કોઈ કાગળ ન હોઈ બધા ને અમે સુરત પરત મોકલી આપ્યા હતા.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



સમગ્ર ભારતમાં લોકડાઉન દરમિયાન મજૂરી કરતા મજૂરોને મોટી અસર થઈ છે મોટી મોટી કંપનીઓ અને લેબર કોન્ટ્રાક્ટર માં કામ કરતા મજૂરો ખુબ મોટી સંખ્યામાં ગુજરાતમાં ફસાયા છે જ્યારથી લોકડાઉન જાહેર થયું છે ત્યાર થી તેઓ વતન જવા મથી રહ્યા હોય જેમાં સુરત માં અટવાયેલા કેટલાક મજૂરો રાજપીપળા મા આવી પહોંચતા જાણવા મળ્યું કે આ મજૂરો સાથે એક વાહન ચાલકે છેતરપીડી કરી રૂપિયા લીધા બાદ અધ વચ્ચે મૂકીને ભાગી ગયો હતો.

રાજપીપળા આવી પહોંચેલા મજૂરો એ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે અમે સુરત થી યુપી રાયબરેલી જવા નીકળ્યા હતા સુરત ના એક ગાડી વાળાએ જણાવ્યું હતું કે સુરત થી ૨૫ લોકોના પાસ બન્યા છે જેથી સુરતથી ભાડે ગાડી કરી અમને યુપી રાયબરેલી જવાના ભાડે પેટે અમારી પાસેથી વ્યકતિ દીઠ ત્રણ હજાર રૂપિયા ગાડી વાળા એ લીધા પરંતુ એક ચેક પોસ્ટ પાસે જ્યારે ચેકિંગ ચાલતું હતું ત્યારે આ ગાડી વાળા પાસે પાસ નથી તેમ જણાવી ગાડીવાળા એ અમને બોર્ડર પાસ કરો હું ગાડી લઈ ને ત્યાં આવું છું તેમ કહેતા અમે બોર્ડર પાસ કરી પરંતુ ગાડીવાળો ત્યાંથી ભાગી છૂટ્યો હતો ત્યારબાદ અમે પગપાળા રાજપીપળા કલેકટર ઓફીસે આવ્યા હતા.

રાજપીપળાના ચાર યુવાનોએ રક્તદાન કરી મહીલાને જીવતદાન આપ્યું



આ ચાર યુવાનોને રેડક્રોસ સોસાયટી તરફ થી પ્રશસ્તિ પત્ર આપી સન્માન કરાયું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

'રક્ત દાન એ મહાદાન' એ સુત્ર ને સાર્થક કરી સેલંબા ની મહીલા ગીતાબેન મનોજભાઈ સુથાર ને પોતાની શારીરિક તકલીફ ને કારણે રાજપીપળા ની એક હોસ્પીટલ મા તાત્કાલિક દાખલ કરાયા હતાં, ડોકટરો એ નિદાન કરી ઓપરેશન ની તાત્કાલિક જરુરીયાત સાથે બ્લડ ની પણ તૈયારી રાખવા કહ્યું હતું.

પત્ની ને B-પોઝીટીવ બ્લડ ની જરુર હોવાથી તેઓ રાજપીપળા ની એકમાત્ર ઈંડિયન રેડક્રોસ સોસાયટી સંચાલીત બ્લડ બેંક ઉપર આવ્યા હતા અને પોતાની જરુરીયાત જણાવી હતી, હાલ કોરોના ની પરિસ્થિતિ મા બ્લડ બેંક મા B-પોઝીટીવ લોહી સ્ટોક મા નહોતું, એટલે તેમને રક્ત આપનાર કોઈ ડોનર નો સંપર્ક કરવા જણાવ્યું હતું, પતિ મનોજભાઈ એ લોહી આપનાર ડોનરો નો સંપર્ક કરવાનુ શરુ કરતાં, કેટલાંકે તૈયારી તો બતાવી પણ લોક ડાઉન મા પોલીસ હેરાન કરશે તેવી આશંકા થી રાત્રી ના સમયે આવવું સલામત નહોતું સમજ્યું, ત્યારે રાજપીપળા ના ચાર યુવાનો સાગર વસાવા, સાગર ભટ્ટ, પ્રજાપતિ અભિષેક, જય ગોસ્વામી એ રાત્રી ના સમયે તાત્કાલીક આવી રક્ત દાન કરી આ મહીલા ને જીવતદાન આપ્યું હતું, ગળગળા થઈ ગયેલા મનોજભાઈ એ ચાર યુવાનો નો હૃદય પૂર્વક આભાર માન્યો હતો,ત્યારે આ કાર્ય બદલ આ ચારેય યુવાનો નુ રાજપીપળા રેડક્રોસ સોસાયટી તરફ થી ભરતભાઈ વ્યાસ, હરીવદનભાઈ ગજજર, મિતલ બહેન અને રાજેશભાઈ દેશમુખે અભિનંદન પાઠવી સન્માન પત્ર અને સ્મૃતિ ભેંટ આપી તેમની આ સેવા ને બિરદાવી હતી.ત્યારે હાલ માં કોરોના જેવી કટોકટી મા યુવાનો આગળ આવી રક્તદાન કરી માનવસેવા મા સહભાગી બને તે જરુરી છે.

ઝઘડીયા તાલુકાના ઉમલ્લા અને વાઘપરા બજારના વેપારીઓનો બપોર પછી સ્વયંભુ લોકડાઉન



નિમેષ ગોસ્વામી
ઝઘડીયા

વેપારીઓને સવારે સાતથી સાંજે સાત વાગ્યા સુધી દુકાનો ખોલવાની પરવાનગી અપવામા આવિ છે છતાં ઉમલ્લા અને વાઘપરા ગામના વેપારિઓ દ્વારા બપોરે એક વાગ્યે સ્વયંભુ દુકાનો બંધ કરી સરકાર શ્રિના નિયામોનુ પાલન કરી રહયા છે ,ત્રીજા તબક્કાનું લોક ડાઉન ચાલી રહ્યો છે અને હાલ ભરૂચ જિલ્લો ઓરેન્જ ઝોનમાં હોય ઉમલ્લા અને વાઘપુરા વેપારી મંડળના પ્રમુખે જણાવ્યું હતું કે હાલ કોરો વાયરસનો સંક્રમણ વધુ ના ફેલાય એ માટે વેપારી મંડળ બપોરે એક વાગ્યે સંપૂર્ણપણે દુકાનો બંધ કરી તંત્રને સહકાર આપવા આ પગલું લેવામાં આવ્યું છે ભરૂચ કલેક્ટર શ્રીના હુકમથી સવારે સાથે સાંજે સાત વાગ્યા સુધી દુકાનો ખોલવાની પરવાનગી આપવામાં આવી છે પરંતુ કોરોના વાયરસનો ફેલાવો વધુ ના થાય તે માટે વેપારી મંડળ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે અને ઉમલ્લા અને વાઘપુરા બજારના તમામ વેપારીઓ માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સ જળવાય એ રીતે પોતાની દુકાન ઉપર વેચાણ કરે છે અને કોઈ પણ ગ્રાહક માસ વગર દુકાને આવતો નથી અને તમામ ગ્રાહકો સોશિયલ ડિસ્ટન્સનો ધ્યાન રાખી સરકારની અમલવારીનો પાલન કરે છે.

લોક ડાઉનનો પગાર ચુકવવામાં ઉદ્યોગ પતિઓના ગલ્લા-તલ્લા

વેતન નહીં ચુકવાતા પરપ્રાંતીય કામદારો વતન જવા મજબૂર બન્યા

સુરત

રાષ્ટ્રીય મજદુર સેના અધ્યક્ષ અને કામદાર અગ્રણી સુરેશભાઈ સોનવણે , મોતીલાલ સાળુંકે, હેમંત જૈના, નાના વાઘ, કાસીફ રિજવાન ઉસ્માની, બબલુ સિંહ રાજપુત, રવિન્દ્ર પાટીલ વિગેરેને દુ:ખદ સાથે જણાવ્યું છે કે કોરોના મહામારીમાં આખુ વિશ્વ અને આપણો દેશ ગ્રસિત છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકડાઉન પહેલાના સંદેશના ૧૨ કરોડ જેટલા અસંઘટિત ક્ષેત્રના મજુરો માટે ઉદ્યોગપતિ અને શેઠીયાઓને તમામ ક્ષેત્રના મજુર કામદારોને લોકડાઉન દરમિયાનનો માસિક પગાર ચુકવણીનો આદેશ આપેલ. વડાપ્રધાનશ્રીના એક આવાજથી હાકલથી હજારો કરોડો રૂપિયા પી.એમ.કેયર ફંડમાં જમા કરનારા ઉદ્યોગપતિઓ લોકડાઉન દરમિયાનનો પગાર મજુર કામદાર કર્મચારીઓને ચુકવી આપવા માટે જે રીતે ગલ્લા-તલ્લા કરી રહ્યા છે તે ખુબજ ગંભીર અને મજુર કામદારોનાં બંધારણીય હકક અધિકારો પર તરાપ મારવા સમાન છે. આ બાબત વડાપ્રધાન મોદીના આદેશની અવહેલના છે. જેથી લોકડાઉનનો પગાર ચુકવણી નહીં કરનાર વેપારીઓ, કારખાનેદારો અને ઉદ્યોગપતિઓ સામે લેબર ડિપાર્ટમેન્ટ સક્ષ કાનુની પગલા ભરવાની રાષ્ટ્રીય મજદુર સેનાની મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્રીય શ્રમ મંત્રીશ્રી સમક્ષ માંગણી છે. અન્યથા લોકડાઉન પુર્ણ થયા બાદ કામદારો પોતાના હકક અધિકારો માટે ઉગ્ર આંદોલન ની શરૂઆત કરશે.